Tuesday, 24 November 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક


વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૩૨૯ ● સંવત-૨૦૮૩ કારતક સુદ પૂનમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD



બલિદાનનું મૂલ્ય ત્યારે જ ખબર પડે છે જ્યારે વ્યક્તિએ કોઈ મૂલ્યવાન વસ્તુનો ત્યાગ કરવો પડે. જેણે ક્યારેય ત્યાગ કર્યો નથી, તે તેની કિંમત કેવી રીતે જાણી શકે.
- સરદાર વલ્લભભાઈ પટેલ

‘બાળ લગ્ન મુક્ત ભારત-અભિયાન’ સંદર્ભે મોટી દમણમાં હિતધારકોની બેઠક યોજાઈ

૨૭ નવેમ્બરના રોજ યોજાનાર ખાસ કાર્યક્રમની તૈયારીઓ અંગે કરાયેલી ચર્ચા





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૨૩

આજે ૨૩ નવેમ્બર, ૨૦૨૬ના રોજ રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ (SLSA), રૂમ નંબર ૪, ફોર્ટ એરિયા, મોટી દમણ ખાતે ‘બાળ લગ્ન મુક્ત ભારત-અભિયાન’ અને ૨૭ નવેમ્બર, ૨૦૨૬ના રોજ યોજાનાર ખાસ જાગૃતિ કાર્યક્રમની તૈયારીઓ સંદર્ભે એક મહત્ત્વપૂર્ણ હિતધારકોની સંકલન બેઠક યોજાઈ હતી.

બેઠકમાં બાળ કલ્યાણ સમિતિ (CWC)ના અધ્યક્ષા શ્રીમતી અલ્પા મોદી, એડવોકેટ શ્રીમતી સ્મિતા સુરથી, સમાજ કલ્યાણ વિભાગના શ્રી મહેશ પટેલ, પોલીસ વિભાગના પ્રતિનિધિઓ, ICDS વિભાગના પ્રતિનિધિઓ, અન્ય કચેરીઓના અધિકારીઓ અને કર્મચારીઓ અને પ્રયાસ જુવેનાઈલ એઇડ સેન્ટર (JAC) સોસાયટીના શ્રી અમોલ મેશ્રામ હાજર રહ્યા હતા.

બેઠકમાં ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા જારી કરાયેલ ૨૧ ઓક્ટોબર, ૨૦૨૬ના પરિપત્રની વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. મંત્રાલયે ૧૦૦ દિવસના ‘બાળ લગ્ન મુક્ત ભારત’ જાગૃતિ અભિયાનને ફરી શરૂ કરવાનો નિર્દેશ આપ્યો છે. આ પહેલ હેઠળ, ૨૭ નવેમ્બર, ૨૦૨૬ના રોજ દેશભરમાં ખાસ ‘બાળ લગ્ન નિવારણ’ અને જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. મંત્રાલયના નિર્દેશ મુજબ, ‘બાળ લગ્ન મુક્ત ભારત’ અભિયાનના ભાગ રૂપે ૨૭ નવેમ્બરના રોજ ખાસ જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. આ દિવસને બાળ, વહેલા અને બળજબરીથી કરાયેલા લગ્ન નાબૂદી માટેના આંતરરાષ્ટ્રીય દિવસ તરીકે પણ ઉજવવામાં આવે છે. બેઠક દરમિયાન, વિવિધ વિભાગો વચ્ચે સંકલન, પંચાયત સ્તરે જાગૃતિ પ્રવૃત્તિઓનું આયોજન, શાળાઓ અને આંગણવાડી કેન્દ્રોમાં કાર્યક્રમોનું આયોજન, માતા-પિતા અને સમુદાયના સભ્યોમાં જાગૃતિ લાવવા અને બાળ લગ્ન અટકાવવા માટેના સામૂહિક પ્રયાસોની ચર્ચા કરવામાં આવી હતી.

- (વધુ પાના નં.૨ પર)

જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, સેલવાસ દ્વારા ઉમરકૂઈમાં જાગૃતિ કાર્યક્રમ યોજાયો

અધિકારીઓએ ગ્રામીણ ક્ષેત્રના નાગરિકોને વિવિધ સરકારી વિભાગો દ્વારા સંચાલિત કલ્યાણકારી યોજનાઓ, સેવાઓ અને લાભો અંગે જાગૃત કરી પાત્ર લાભાર્થીઓ સુધી તમામ યોજનાઓની આપેલી જાણકારી





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૨૩

જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, સેલવાસના તત્ત્વાધાનમાં આજે ઉમરકૂઈ ગ્રામ પંચાયત કચેરી ખાતે જાગૃતિ અને જનસંપર્ક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય ગ્રામીણ ક્ષેત્રના નાગરિકોને વિવિધ સરકારી વિભાગો દ્વારા સંચાલિત કલ્યાણકારી યોજનાઓ, સેવાઓ અને લાભો અંગે જાગૃત કરવાનો અને પાત્ર લાભાર્થીઓ સુધી તમામ યોજનાઓની જાણકારી અને સુવિધા પહોંચાડવાનો છે.

કાર્યક્રમ અંતર્ગત સંઘપ્રદેશના વિવિધ સરકારી વિભાગો દ્વારા સ્ટોલ લગાવવામાં આવ્યા હતા, જ્યાં સંબંધિત વિભાગના અધિકારીઓએ કર્મચારીઓ અને ગ્રામજનોને યોજનાઓની જાણકારી આપી હતી અને પાત્રતા, આવેદન પ્રક્રિયા, જરૂરી દસ્તાવેજો અને યોજનાઓથી મળતા લાભો વિશે માર્ગદર્શન આપ્યું હતું.

ડિસ્ટ્રિક્ટ લીગલ સર્વિસીસ ઓથોરિટી(DLSA) સેલવાસ દ્વારા આ પહેલનો ઉદ્દેશ્ય સરકારી કલ્યાણકારી યોજનાઓ સુધી સામાન્ય નાગરીકની પહોંચ સરળ બનાવવા, વિશેષ કરીને જરૂરિયાતમંદ અને પાત્ર લાભાર્થીઓને એમના અધિકારો, સુવિધાઓ અને સરકારી યોજનાઓના લાભથી અવગત કરવાનો છે. જેથી કોઈપણ પાત્ર વ્યક્તિ જાણકારીના અભાવે સરકારી સહાયતાથી વંચિત ન રહે.

આ પ્રકારે વિભાગીય સ્ટોલ અને જાગૃતિ પ્રવૃત્તિઓના માધ્યમથી ગ્રામીણ નાગરિકોને સરકારી યોજનાઓ પ્રત્યે જાગૃત કરવા અને તેઓને યોજનાઓનો લાભ પ્રાપ્ત કરવાના હેતુથી માર્ગદર્શન પ્રદાન કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. સાથે ઉમરકૂઈ લીગલ એડ ક્લિનિકનું ઉદ્ઘાટન પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે સરપંચ શ્રી ગણેશ ભુજાડા, સેક્રેટરી શ્રી રુદ્ર ભટ્ટ, ઉપ સરપંચ અને પંચાયત સભ્યોનો વિશેષ સહયોગ રહ્યો હતો. ડિસ્ટ્રિક્ટ લીગલ સર્વિસીસ ઓથોરિટી(DLSA)ના સહ અધિક્ષક શ્રી અનિરુદ્ધ પગડેના દેખરેખમાં પ્રોગ્રામ સફળ થયો હતો. આ કાર્યક્રમમાં ૨૦૦થી વધુ ગ્રામજનોએ ભાગ લીધો હતો.

દીવના ડૉ. શિવાંગી મનોજ પટેલે BPTની ડિગ્રી મેળવી

વર્ષોની મહેનત અને સંઘર્ષને મળ્યું સફળતાનું પરિણામ, પરિવાર સહિત સમગ્ર પંથકમાં ખુશીની લહેર



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) દીવ, તા.૨૩

દીવના ડૉ. શિવાંગી મનોજ પટેલે ‘બેચલર ઓફ ફિઝિયોથેરાપી’ (BPT)ની ડિગ્રી સફળતાપૂર્વક પૂર્ણ કરી ડૉક્ટર બનવાનું પોતાનું સપનું સાકાર કર્યું છે. આ સિદ્ધિ બદલ પરિવારમાં અત્યંત આનંદ અને ગૌરવની લાગણી છવાઈ હતી.

ડૉ. શિવાંગી પટેલે વર્ષોની સખત મહેનત, અવિરત અભ્યાસ, સંઘર્ષ, ધીરજ અને સમર્પણના પરિણામે તેમણે આ મહત્ત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. તેમની આ સફળતા માત્ર વ્યક્તિગત ઉપલબ્ધિ જ નહીં, પરંતુ તેમના માતા-પિતા અને પરિવારજનો માટે પણ ગૌરવ અને આનંદની અમૂલ્ય ક્ષણ બની છે. ડૉ. શિવાંગીની આ સફળતામાં માતા-પિતાના આશીર્વાદ, પ્રેમ, પ્રેરણા અને પરિવારજનોના સતત સહયોગનો મહત્ત્વપૂર્ણ ફાળો રહ્યો છે. હવે તેઓ ફિઝિયોથેરાપીના ક્ષેત્રમાં પોતાની સેવાઓ દ્વારા જરૂરિયાતમંદ દર્દીઓને સ્વસ્થ જીવન જીવવામાં મદદરૂપ થવા તેમજ સમાજસેવાના ઉમદા હેતુ સાથે આગળ વધવા પ્રતિબદ્ધ છે. ડૉ. શિવાંગી મનોજ પટેલની આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ પરિવારજનો, સ્નેહીજનો અને શુભેચ્છકો દ્વારા અભિનંદન તથા ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે.

આજે દમણમાં પ્રદેશ ભાજપ દ્વારા ‘લોકતંત્ર બચાવો - અરાજકતા હટાવો’ પદયાત્રા યોજાશે

પદયાત્રા સાંજે ૪:૩૦ કલાકે મશાલ ચોકથી નિકળી નાની દમણ બસ સ્ટેન્ડ સુધી જશેઃ પ્રદેશ ભાજપ પ્રભારી વર્ષાબેન દોશી અને પ્રદેશ ભાજપ સંગઠન મહામંત્રી રત્નાકરજીની રહેનારી વિશેષ ઉપસ્થિતિ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૨૩

આજે દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશ ભારતીય જનતા પાર્ટી દ્વારા દમણમાં ‘લોકતંત્ર બચાવો-અરાજકતા હટાવો’ પદયાત્રા યોજાવાની છે. આ પદયાત્રા સાંજે ૪:૩૦ કલાકે મશાલ ચોકથી નાની દમણ બસ સ્ટેન્ડ સુધી જશે.

આ પદયાત્રામાં સંઘપ્રદેશ ભાજપના ચૂંટાયેલા તમામ જનપ્રતિનિધિઓ, પ્રદેશના હોદેદારો, જિલ્લા હોદેદારો, મોરચા અને પ્રકોષ્ઠના હોદેદારો, પૂર્વ કાર્યકર્તાઓ, વરિષ્ઠ નેતાગણ સહિત તમામ કાર્યકર્તાઓની ઉપસ્થિતિ રહેશે.

આ પદયાત્રામાં ભાજપનાં રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તથા દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશ ભાજપનાં પ્રભારી શ્રીમતી વર્ષાબેન દોશી તેમજ પ્રદેશના સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજીની વિશેષ ઉપસ્થિતિ રહેશે.

સેલવાસમાં લગ્નની લાલચ આપી ચાર વર્ષ સુધી યુવતીનું શોષણ કરનાર યુવક વિરૂદ્ધ પોલીસ ફરિયાદ

આરોપી સૈફ મિર્ઝાએ વારંવાર દુષ્કર્મ આચરી ચાર વખત બળજબરીથી કરાવેલો ગર્ભપાત : લગ્ન માટે કહેતા યુવતીની મારપીટ કરી જાનથી મારી નાખવાની આપેલી ધમકી



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૨૩

સેલવાસમાં લગ્ન કરવાની લાલચ આપીને યુવતીનું ચાર વર્ષ સુધી કથિત શારીરિક અને માનસિક શોષણ કરવામાં આવ્યું હોવાનો કેસ સામે આવ્યો છે. સૈફ મિર્ઝા રહેવાસી-બાવીસા ફળિયા, સેલવાસ જેની સામે યુવતીએ લગ્નનું વચન આપી શારીરિક સંબંધ બાંધવા, ચાર વખત ગર્ભપાત કરાવવા દબાણ કરવા, મારપીટ કરવા અને જાનથી મારી નાખવાની ધમકી આપવાના આક્ષેપ સાથે પોલીસ ફરિયાદ નોંધાવા પામી છે. આ ઉપરાંત આરોપીએ યુવતીની આશરે ૧.૩૦ લાખની કિંમતની સોનાની ચેન પણ બળજબરીથી લઈ લીધી હોવાની ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

સેલવાસ પોલીસે આરોપી યુવક સૈફ મિર્ઝા વિરુદ્ધ બીએનએસની કલમ ૬૯ હેઠળ ગુનો નોંધી હાથ ધરેલી વધુ તપાસ

ભોગ બનનાર યુવતીએ નોંધાવેલી પોલીસ ફરિયાદ મુજબ વર્ષ ૨૦૨૨માં સેલવાસના બાવીસા ફળીયા સ્થિત ગોવિંદા કોમ્પ્લેક્સ ખાતે યુવતીની સૈફ મિર્ઝા નામના યુવક સાથે ઓળખાણ થઈ હતી. ત્યારબાદ યુવકે યુવતીને લગ્ન કરવાનું વચન આપ્યું હતું. આ વિશ્વાસના આધારે બન્ને વચ્ચે સંબંધો બંધાયા હતા.

આરોપી યુવક યુવતીના રૂમ તેમજ હોટલમાં મળવા જતો હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ કરાયો છે.

પીડિત યુવતીના જણાવ્યા અનુસાર ચાર વર્ષના શારીરિક સંબંધ દરમ્યાન તે ચાર વખત ગર્ભવતી થઈ હતી. જો કે આરોપીએ લગ્ન નહિ થાય અને હાલમાં બાળક જોઈતુ નથી, તેમ કહી ગર્ભપાત કરાવવા દબાણ કર્યું હતું. આરોપીએ દવાઓ આપીને ગર્ભપાત કરાવ્યાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ચોંકાવનારી વાત તો એ છે કે, આરોપી જેલમાં હતો ત્યારે તેના મિત્ર મારફતે પણ ગર્ભપાતની દવા અપાવવામાં આવી હોવાની ફરિયાદમાં વિગતો આપવામાં આવી છે.

આ ઉપરાંત આરોપીએ યુવતીને ખાનગી વિડીયો વાયરલ કરવાની ધમકી આપી માનસિક ત્રાસ ગુજાર્યો હોવાનું પણ ફરિયાદમાં નોંધાવેલ છે.

યુવતીએ વધુમાં જણાવ્યું કે, આરોપી પાસે તેના ખાનગી વિડીયો હોવાનો દાવો કરી સોશિયલ મીડિયા પર વાયરલ કરવાની ધમકી આપતો હતો. પોલીસને વિડીયો આપીને જેલમાં મોકલાવી દેવાની ધમકી આપી માનસિક ત્રાસ આપતો હતો.

- (વધુ પાના નં.૨ પર)





સુવિચાર - સદ્‌વિચાર

નિષ્ફળતા એ અંત નથી, એ એક નવો પાઠ છે,
તેમાંથી શીખો અને આગળ વધો.

કવિતા

કિયો પદારથ લાધ્યો સાંઈ!

કિયો પદારથ લાધ્યો સાંઈ! કિયો ફૂંકીયો મંતર?
આધી એક ઘડીમાં ભીતર બાજે ઝીણું જંતર...

પરથમ ફૂંક લગાવ્યા ભેળા ગોખ થયાં ઝળહળતાં,
બીજી ફૂંકે હરિવર મારાં હૈયે આવી મળતા.

ફેર કશો ના રહે સમયનો, પળ હો કે મનવંતર...
આધી એક ઘડીમાં ભીતર બાજે ઝીણું જંતર...

નુરત સુરતમાં મટી મૂળથી યુગ યુગન કી ફેરી,
અનહત નાદ ભયો જોગંદર, પાવન જીવની દેરી.

સાત જનમનાં પડદા પડતાં ઓરું લાગે અંતર...
આધી એક ઘડીમાં ભીતર બાજે ઝીણું જંતર...

- પૂજ્ય બાપુ

આજની જોક

નવવધૂ : 'મારે તમારી પાસે એક કબૂલાત કરવાની છે - મને રાંધતા નથી આવડતું.'
વર : 'ખેર, તેની ફિકર ન કરતી. હું કવિતા લખીને ગુજરાન ચલાવું છું-એટલે આપણે ઘરમાં રાંધવા જેવું ઝાઝું હશે પણ નહિ.

કબીર વાણી



તિરથમેં ફળ એક હય, સંત મિલે ફળ ચાર;
સદગુરૂ મિલે અનેક ફળ, કહે કબીર બિચાર.

- અર્થાત-

હું કબીર એમ માનું છું, કે જાત્રા કરવા જઈએ, તેથી જેટલું પુણ્ય થાય, તે કરતાં ચોવડું પુણ્ય કોઈ સાધુ મળ્યાથી થાય ને તેનાથી વધુ પુણ્ય ઈશ્વરની મુલાકાત કરાવે એવો ગુરૂ મળ્યાથી થાય.

ચાણક્ય ઉવાચ



ઉત્સવે સંકટે ચૈવ દુર્ભિક્ષે રિપુસંકટે।
રાજદ્વારે શ્મશાને ચ યસ્તિષ્ઠતિ સ બંધુવઃ।

-અર્થાત-

જે વ્યક્તિ ખુશીના પ્રસંગમાં, મુશ્કેલીના સમયે, અકાળ કે દુકાળમાં, દુશ્મન સામેના સંકટમાં, રાજદરબારમાં (સરકારી કે અદાલતી કામમાં) અને શ્મશાનમાં સાથ આપે છે, તે જ સાચો મિત્ર કે સગાભાઈ છે.

આજનો દિન વિશેષ

હીરાલાલ શાસ્ત્રી

પંડિત હીરાલાલ શાસ્ત્રી (૨૪ નવેમ્બર ૧૮૯૯ - ૨૮ ડિસેમ્બર ૧૯૭૪) એક ભારતીય રાજકારણી હતા. તેમણે ઉત્તર ભારતમાં રાજસ્થાન રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી તરીકે સેવા આપી હતી. તેઓ માણિક્ય લાલ વર્મા પછી સંયુક્ત રાજસ્થાનના ત્રીજા વડા પ્રધાન પણ હતા. તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના સભ્ય હતા.



હિરાલાલ શાસ્ત્રીનો જન્મ જયપુર જિલ્લાના જોબનર ખાતે એક ખેડૂત પરિવારમાં થયો હતો. તેમણે પોતાનું પ્રારંભિક શિક્ષણ જોબનરમાં પૂર્ણ કર્યું. હીરાલાલે ૧૯૨૦માં સાહિત્ય શાસ્ત્રીની ડિગ્રી પાસ કરી. ૧૯૨૧માં, તેઓ મહારાજા કોલેજ, જયપુરમાંથી બી.એ. પરીક્ષામાં પ્રથમ સ્થાને રહ્યા.તેઓ ૧૯૨૧માં જયપુર રાજ્ય સેવામાં જોડાયા અને બાદમાં ગૃહ અને વિદેશ વિભાગમાં સચિવ બન્યા. ૧૯૨૭માં તેમણે સેવામાંથી રાજીનામું આપ્યું. ભારતીય ટપાલ અને તાર વિભાગે નવેમ્બર ૧૯૭૬માં પંડિત હીરાલાલ શાસ્ત્રીના માનમાં એક સ્મારક ટપાલ ટિકિટ બહાર પાડી તેમને સન્માનીત કરવામાં આવ્યા હતા.

ઔષધિ : જમરૂખ (જામફળ)

જમરૂખ(જામફળ)ના ફાયદા અને ઉપયોગો : આયુર્વેદમાં જામફળના ફાયદાઓની યાદી આપવામાં આવી છે, જેમાં સ્તન દૂધનું ઉત્પાદન વધારવું, આંતરડાની ગતિવિધિઓનું નિયમન કરવું, પુરુષત્વ વધારવું, શુક્રાણુઓની સંખ્યા વધારવી અને મગજને મજબૂત બનાવવું શામેલ છે. જામફળના ઔષધીય ગુણધર્મો તરસ છીપાવે છે, હૃદયને મજબૂત બનાવે છે, કૃમિઓને મારી નાખે છે, ઉલટી અટકાવે છે, પેટ સાફ કરે છે અને કફ બહાર કાઢે છે. તેનું સેવન મોઢાના ચાંદા, મગજ અને કિડનીના ચેપ, તાવ, માનસિક બીમારી અને વાઈ માટે ફાયદાકારક છે. જામફળ માથાના દુખાવામાં રાહત આપે છે, કાચા લીલા જામફળના સ્વાસ્થ્ય લાભો : કાચા લીલા જામફળને પથ્થર પર પીસી લો અને સૂર્યોદય પહેલાં પીડાદાયક વિસ્તારમાં ઉદારતાથી લગાવો જેથી માથાનો દુ:ખાવો ઓછો થાય. જો દુખાવો શરૂ થઈ ગયો હોય, તો તે ઓછો થઈ જાય છે. આ દિવસમાં ત્રણથી ચાર વખત કરવું જોઈએ.જામફળ ખાંસી અને શરદીથી રાહત આપે છે (હિન્દીમાં જામફળ અને ઉધરસના ફાયદા) એક કોનિક શરદીના દર્દીને બીજ કાઢીને એક મોટો જામફળ ખવડાવો જે કફ બહાર કાઢી શકતો નથી. દર્દીએ નાક બંધ કરીને તાજું પાણી પીવું જોઈએ. બે થી ત્રણ દિવસમાં શરદી દૂર થઈ જશે. જો તમારે બે થી ત્રણ દિવસ પછી ઉધરસ બંધ કરવી હોય, તો રાત્રે પાણી પીધા વિના ૫૦ ગ્રામ ગોળ ખાઓ. જો તમને સૂકી ઉધરસ હોય અને કફ બહાર ન નીકળતો હોય, તો સવારે એક તાજો જામફળ (હિન્દીમાં જામફળ) ખોલો અને તેને સારી રીતે ચાવીને બે થી ત્રણ દિવસમાં રાહત મળે છે.

મુંબઈના બોરીવલી ખાતે આવેલા દેવી પાડા વિસ્તારમાં મુંબઈ ક્ષેત્રના ધોડિયા સમાજની બેઠક યોજાઈ





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૨૩

અખિલ ભારતીય આદિવાસી ધોડિયા સમાજ મંડળ દ્વારા 'સંસ્કૃતિ એકતા મહાસંમેલન'નું આયોજન ડિસેમ્બર માસમાં મુંબઈ ખાતે કરવામાં આવશે. આ કડીમાં મુંબઈના બોરીવલી ખાતે આવેલા દેવી પાડા વિસ્તારમાં ધોડિયા સમાજના કુળ પરિવારોના આગેવાનો સાથે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ બેઠકનો મુખ્ય હેતુ મુંબઈથી અમદાવાદ સુધીના ધોડિયા સમાજના કુળ પરિવારોને એક સૂત્રે બાંધવા, સમાજની એકતાને મજબૂત કરવા તથા સમાજને સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને શૈક્ષણિક ક્ષેત્રોમાં આગળ લઈ જવાનો હતો. સાથે જ ધોડિયા સમાજની પરંપરાઓ, રીતરિવાજો અને સંસ્કૃતિમાં સમાનતા જાળવવા માટે શ્રી દિતીયા બાપા ધામ, વિરવલ, તા.ધરમપુર, જિ.વલસાડ, ગુજરાત ખાતે વાર્ષિક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે.

આ બેઠકમાં ગુજરાતના શ્રી સમસ્ત ધોડિયા સમાજ કુળ પરિવારના પ્રમુખ શ્રી ચંપકભાઈ વાઢવા, ઉપપ્રમુખ શ્રી વિનોદભાઈ પટેલ, અખિલ ભારતીય આદિવાસી ધોડિયા સમાજ સંસ્કૃતિ એકતા મંડળના પ્રમુખ શ્રી બાલકિશન ધોડી, દાદરા નગર હવેલીના ભારતીય આદિવાસી ધોડિયા સમાજ ઉત્કર્ષ સંગઠનના પ્રમુખ શ્રી અશ્વિનભાઈ એચ.પટેલ, મહામંત્રી શ્રી ઉત્તમભાઈ પટેલ તથા પ્રોફેસર શ્રી ઝવેરભાઈ સી.પટેલ સહિત સમિતિના મોટી સંખ્યામાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત આગેવાનોએ સમાજની સંસ્કૃતિ, વિકાસ, એકતા અને શિક્ષણ અંગે વિચારો રજૂ કર્યા હતા.

આ પ્રસંગે ધોડિયા સમાજના સામાજિક કાર્યકરો શ્રીમતી દક્ષાબેન પટેલ અને શ્રીમતી વર્ષાબેન પટેલે પણ સંબોધન કર્યું હતું. તેમણે સમાજમાં મહિલાઓને આવતી સમસ્યાઓ, મહિલાઓની ભાગીદારી, શિક્ષણ તથા સામાજિક જાગૃતિ વધારવાના મહત્ત્વ પર પ્રકાશ પાડ્યો હતો. આ બેઠકમાં ભારતીય આદિવાસી ધોડિયા સમાજ ઉત્કર્ષ સંગઠનના પ્રમુખ શ્રી અશ્વિનભાઈ એચ.પટેલે મહારાષ્ટ્ર અને મુંબઈમાં નિવાસ કરતા ધોડિયા સમાજના સમસ્ત લોકોનો આભાર માન્યો હતો. તેમણે કહ્યું કે દાનહના સેલવાસમાં આયોજિત 'તુર-થાળી વાજિંત્રો' તથા લોકગીત જેવા સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવા બદલ સમસ્ત લોકોનો હૃદયપૂર્વક આભાર છે.

તેમણે આગળ કહ્યું કે, આવનારા સમયમાં સંપૂર્ણ આદિવાસી સમાજના સામે આવનારી પડકારો અને સંકટો પ્રત્યે સતર્ક રહેવાની જરૂરિયાત છે. સમાજે એકતા, શિક્ષણ, સંસ્કૃતિ અને પરસ્પર સહયોગના માધ્યમથી આગળ વધવું જોઈએ.

ખાસ કરીને આ બેઠકમાં શ્રી સમસ્ત ધોડિયા સમાજ કુળ પરિવાર ટ્રસ્ટ દ્વારા આયોજિત નવમાં વાર્ષિક સંમેલનમાં ઉપસ્થિત રહેવા સમસ્ત ધોડિયા સમાજ કુળ પરિવારોના પ્રતિનિધિઓને હાર્દિક નિમંત્રણ અપાયું છે. આ વાર્ષિક સંમેલન તા.૨૯ નવેમ્બર ૨૦૨૬, રવિવારના રોજ સવારે ૯:૦૦ થી ૧૦:૦૦ કલાક તથા સવારે ૧૦:૦૦ થી ૨: ૦૦ કલાક દરમિયાન શ્રી દિતીયા બાપા ધામ, વિરવલ, તા. ધરમપુર, જિ.વલસાડ, ગુજરાત ખાતે આયોજિત કરવામાં આવ્યું છે.

આ સંમેલનનો મુખ્ય હેતુ ધોડિયા સમાજના કુળ પરિવારોને શૈક્ષણિક, સામાજિક અને આર્થિક રીતે સમૃદ્ધ બનાવવાનો છે. સાથે જ સમાજની પરંપરાઓ અને રીતરિવાજો વિશે ચર્ચા કરીને વર્તમાન સમયના સંજોગો મુજબ જરૂરી સુધારા કરવા, સંસ્કૃતિ અને સંસ્કારોને સાચવવા, સમસ્ત ધોડિયા સમાજના કુળ પરિવારોના પ્રતિનિધિઓનું સંકલન કરવા તથા શ્રી સમસ્ત ધોડિયા સમાજ કુળ પરિવાર ટ્રસ્ટ દ્વારા વર્ષ ૨૦૩૦માં મહાસંમેલનનું આયોજન કરવા અંગે વિચાર-વિમર્શ કરવાનો છે.

આ સંમેલનમાં શ્રી સમસ્ત ધોડિયા સમાજ કુળ પરિવાર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, મુંબઈ ક્ષેત્રના ધોડિયા સમાજના સમસ્ત કુળ પરિવારોના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રીઓ, સામાજિક કાર્યકરો તથા સમાજના આગેવાનો સહિત સમસ્ત મહાનુભાવોને ઉપસ્થિત રહેવા હાર્દિક આમંત્રણ અપાયું છે.

અદાણી એસપોર્ટસ 360ONE એસેટ પાસેથી અંદાજે યુએસ ડોલર ૩૦૦ મિલિ.ની પ્રાથમિક ઈક્વિટી મેળવી

નવી ઈક્વિટી સાથે અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સ લિ.દ્વારા એકત્ર થયેલી કુલ રકમ અંદાજે યુએસ ડોલર ૧.૩૫ અબજ પહોંચી

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સુરત, તા.૨૩

અદાણી એન્ટરપ્રાઈઝ લિ.ની પેટાકંપની અને ભારતના સૌથી મોટા ખાનગી એરપોર્ટ સંચાલક અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સ લિ.એ 360 ONE ઓલ્ટરનેટ્સ એસેટ મેનેજમેન્ટ લિ.સાથે તેના ફંડ્સ અને આનુષંગિકો દ્વારા રૂા..૨,૭૯૦ કરોડ(USD ૩૦૦ મિલિયન)ની અસ્કયામતો સાથે કામ કરવા બંધનકર્તા કરાર કર્યો છે. આ સાથે અત્યાર સુધીમાં તેની કુલ ઈક્વિટી વધી ~USD 1.35 બિલિયન થઈ છે.

આલ્ફા વેવ ગ્લોબલ, પ્રેમજી ઈન્વેસ્ટ, ટેમાસેક અને બ્લેકરોક મેનેજડ ફંડ્સ સહિતના અગ્રણી સ્થાનિક અને વૈશ્વિક રોકાણકારોના બનેલા કન્સોર્ટિયમમાંથી પ્રાથમિક ઈક્વિટી મૂડીના રૂા.૯,૮૨૫ કરોડ (USD ૧ બિલિયન)ના અગાઉના રાઉન્ડ પર આ વ્યવહાર આધારિત છે. ભારતના એરપોર્ટના આંતરમાળખાકીય ક્ષેત્રમાં નાણાંકીય સંસ્થાઓ તરફથી સૌથી મોટા પ્રાથમિક ઈક્વિટી રોકાણોમાંનો આ સોદો છે.

360 ONE એસેટ માટે શેર ભરણા કરાર પર અદાણી એરપોર્ટસ અને 360 ONE એસેટએ હસ્તાક્ષર કર્યા છે જે અદાણી એરપોર્ટસ હોલ્ડિંગ્સના નવા ઈક્વિટી શેરમાં ભરણું કરવા માટે પ્રારંભિક રોકાણકારોની માફક તે જ શરતો અને મૂલ્યાંકન પર છે, તે USD ૧૮ બિલિયનનું પ્રી-મની ઈક્વિટી વેલ્યુએશન સૂચવે છે. પ્રારંભિક રોકાણકારો સાથે કરેલા શેરધારકોના કરારને પણ 360 ONE એસેટે સ્વીકાર્યો છે. લાગુ પડતી મંજૂરીઓની રસીદ સહિત પૂર્વવર્તી પરંપરાગત શરતોને આધીન આ બંને વ્યવહારો પૂર્ણ થયા બાદ સામૂહિક રીતે રોકાણકારો અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સના આશરે 7.01%ની માલિકી ધરાવશે.

અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સ લિ.ના નોન-એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી જીત અદાણીએ આ ભાગીદારીને અદાણી એરપોર્ટ્સ પ્લેટફોર્મના નિર્માણમાં વધુ એક સીમાચિહ્ન ગણાવી કહ્યું હતું કે આવા માર્કી લાંબા ગાળાના રોકાણકારોનું આગમન ભારતના ઉડ્ડયન ક્ષેત્રની વૃદ્ધિ યાત્રામાં તેમના ભરોસાનો પુરાવો છે. તેમણે કંપની સંચાલિત એરપોર્ટની આસપાસ એક સંપૂર્ણ ઈકોસિસ્ટમ વિકસાવવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી ઉમેર્યું કે આ સિસ્ટમના ભાગરૂપે સતત રાષ્ટ્રીય વિકાસ તરફ ગતિ કરવા માટે ઉડ્ડયન, વાણિજ્ય, લેઝર અને પ્રાદેશિક લોજિસ્ટિક્સને એકબીજામાં ભેળવી સાદા પરિવહન કેન્દ્રોમાંથી વાઈબ્રન્ટ એરપોર્ટ શહેરોમાં રૂપાંતરિત કરવામાં આવે છે.

આલ્ફા વેવ ગ્લોબલ, પ્રેમજી ઈન્વેસ્ટ, ટેમાસેક અને બ્લેકરોક મેનેજડ ફંડ્સની સાથે આ નવો રાઉન્ડ ૩૬૦ વન એસેટ લાવી કંપની સ્કેલ, કામકાજની ક્ષમતાઓ અને લાંબા ગાળાની વૃદ્ધિની સંભાવનાને સંસ્થાકીય પ્રચંડ આધાર દર્શાવે છે.

ત્રણ મુખ્ય વ્યૂહાત્મક પ્રાથમિકતાઓને સમર્પિત મૂડી ઠાલવવાનો આ બહુવિધ રાઉન્ડ કંપનીના ઉડ્ડયન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પોર્ટફોલિયોના ભાવિને આકાર આપશે કંપની ૯૬ મિલિયન પ્રવાસીઓના સંચાલનની ઐતિહાસિક ક્ષમતાને બમણી કરીને વાર્ષિક બે કરોડ કરવાનો ઈરાદો ધરાવે છે.

અદાણી એરપોર્ટએ તેના સમગ્ર એરપોર્ટ નેટવર્કમાં વ્યાપક આધુનિકીકરણ અને અપગ્રેડ પ્રોગ્રામ શરૂ કર્યો છે. અદાણી એરપોર્ટ સિટીઝના વિકાસ માટે આ વ્યાપક ઝુંબેશ દ્વારા દરેક સ્થળે વિશ્વ-સ્તરીય માળખાનું નિર્માણ કરવા ઉપરાંત તેની પેસેન્જર-ફેસિંગ સેવાઓ અને અન્ય મહત્વપૂર્ણ નોન-એરોનોટિકલ વ્યવસાયોના વ્યાપારી મુદ્રીકરણને વધુ ગહન કરીને પ્રવાસીની એકંદર મુસાફરીમાં વધારો કરશે. આ પહેલ રિટેલ અને હોસ્પિટાલિટી સાથે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને એકીકૃત કરીને છેવટે સમૂહની સંકલિત એરપોર્ટ ઈકોસિસ્ટમને મજબૂત અને સુરક્ષિત કરશે.

(પહેલાં પાનાનું ચાલુ)

સેલવાસમાં લગ્નની...

આ ઉપરાંત નશાની હાલતમાં યુવતીના રૂમ પર આવી મારપીટ અને ગાળાગાળી કરતો હતો. એક વખત રૂમનો દરવાજો પણ તોડી નાખ્યો હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ઓગસ્ટ ૨૦૨૫માં પૈસાની જરૂરિયાત હોવાનું જણાવી આરોપીએ યુવતી પાસેથી અંદાજીત ૧.૩૦ લાખની કિંમતની સોનાની ચેન બળજબરીથી લઈ લીધી હતી. આ ચેન ગોલ્ડ લોન મેળવી નાણાનો ઉપયોગ કર્યો હોવાનું પણ યુવતીએ પોલીસને જણાવ્યું છે.

યુવતીને આરોપીની ઉત્તરપ્રદેશના આઝમગઢમાં અન્ય યુવતી સાથે સગાઈ થઈ હોવાની જાણ થતાં તેણે આ અંગે પૂછપરછ કરી હતી. આ દરમ્યાન આરોપીએ તેને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો આક્ષેપ છે. ત્યારબાદ ૦૯ નવેમ્બર આરોપી ફરી યુવતીના રૂમ પર આવ્યો હતો અને ઝગડો કરી ધમકી આપતાં યુવતીએ ૧૧૨ નંબર પર ફોન કરીને મદદ માંગી હતી.

આ સમગ્ર ઘટનાથી ત્રાસેલી યુવતી એના પિતા સાથે પોલીસ સ્ટેશન પહોંચી હતી અને આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. સેલવાસ પોલીસે સૈફ મિર્ઝા વિરુદ્ધ બીએનએસની કલમ ૬૯ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

(પહેલાં પાનાનું ચાલુ)

'બાળલગ્ન મુક્ત...

બાળ લગ્ન, બાળ અધિકારો, બાળ સુરક્ષા સેવાઓ, કાનૂની જાગૃતિ અને સંબંધિત વિભાગોની જવાબદારીઓ સંબંધિત કાનૂની જોગવાઈઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં ભાર મૂકવામાં આવ્યો હતો કે બાળ લગ્નના સામાજિક દુષ્ટતાને દૂર કરવા માટે માત્ર એક વિભાગની જ નહીં, પરંતુ વહીવટ, પોલીસ વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ, શિક્ષણ વિભાગ, પંચાયત પ્રતિનિધિઓ, કાનૂની સેવા અધિકારીઓ, સામાજિક સંગઠનો અને સમુદાયની સંયુક્ત ભાગીદારીની જરૂર છે.

પ્રયાસ જુવેનાઈલ એઇડ સેન્ટર (JAC) સોસાયટીએ છેલ્લા બે વર્ષમાં દાદરા નગર હવેલી અને દમણમાં બાળ સંરક્ષણ, બાળ લગ્ન નિવારણ, બાળ મજૂરી, બાળ તસ્કરી અને બાળ અધિકાર જાગૃતિ સંબંધિત તેના કાર્ય વિશે પણ માહિતી શેર કરી. સંસ્થાએ શાળાઓ, ગામડાઓ, પંચાયતો અને આંગણવાડી કેન્દ્રોમાં જાગૃતિ પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે સંબંધિત વિભાગો સાથે સહયોગ કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી જેથી અભિયાનની સફળતાની ખાતરી થઈ શકે. બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય તમામ સંબંધિત વિભાગો અને હિસ્સેદારો વચ્ચે વધુ સારૂં સંકલન સ્થાપિત કરીને ૨૭ નવેમ્બરના કાર્યક્રમના અસરકારક અમલીકરણને સુનિશ્ચિત કરવાનો અને દમણમાં 'બાળ લગ્ન મુક્ત સમાજ' બનાવવા માટે સામૂહિક પ્રયાસોને મજબૂત બનાવવાનો હતો.

ઉમરપાડામાં અદાણી ફાઉન્ડેશન દ્વારા નવજાત શિશુ સંભાળ સપ્તાહની ઉજવણી





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સુરત, તા.૨૩

અદાણી ફાઉન્ડેશન દ્વારા ઉમરપાડા તાલુકામાં અમલી સુપોષણ પ્રોજેક્ટ અંતર્ગત ૧૬થી ૨૧ નવેમ્બર દરમિયાન નવજાત શિશુ સંભાળ સપ્તાહ (Newborn Care Week)ની ઉજવણી કરવામાં આવી હતી. આ સપ્તાહ દરમિયાન યોજાયેલી વિવિધ પ્રવૃત્તિઓમાં કુલ ૨૦,૦૫૭ લોકોએ સહભાગી બની અભિયાનને સફળ બનાવ્યું હતું. આ ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ માતા અને નવજાત શિશુના આરોગ્ય, પોષણ તથા યોગ્ય સંભાળ અંગે સમુદાયમાં જાગૃતિ ફેલાવવાનો હતો.

સપ્તાહ દરમિયાન જાગૃતિ રેલી, નવજાત શિશુની સંભાળ અંગે માર્ગદર્શન, સ્તનપાનનું મહત્ત્વ, કાંગારુ મધર કેર (Kangaroo Mother Care), નવજાત શિશુમાં જોખમી લક્ષણોની ઓળખ, માતાઓ માટે કાઉન્સેલિંગ, પૌષ્ટિક વાનગીઓનું પ્રદર્શન તેમજ સ્વચ્છતા અંગે નિદર્શન સહિતની વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ હતી. આશા કાર્યકરો, આંગણવાડી કાર્યકરો અને સુપોષણ સંગિનીઓના સહયોગથી માતાઓને બાળકની યોગ્ય સંભાળ, પોષણ અને આરોગ્ય અંગે માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવ્યું હતું.

૨૦ અને ૨૧ નવેમ્બરના રોજ આંગણવાડી કેન્દ્રો ખાતે બાળ પોષણ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેળામાં બાળકો માટે વિવિધ રમતો, ચિત્રકામ, વાર્તા અને કઠપૂતળીના કાર્યક્રમો, પોષણ સ્ટોલ, બાળકોનું વૃદ્ધિ માપન, આરોગ્ય તપાસણી તેમજ સ્વસ્થ જીવનશૈલી અને સારી આદતોને પ્રોત્સાહન આપતી પ્રવૃત્તિઓ યોજાઈ હતી.

સમગ્ર સપ્તાહ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા માતા અને બાળકના સ્વાસ્થ્ય તથા સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. સરકારના આરોગ્ય વિભાગ, પંચાયતના આઇસીડીએસ વિભાગ અને અદાણી ફાઉન્ડેશનના સંયુક્ત સહયોગથી યોજાયેલી આ ઉજવણીનો સંદેશ હતો કે સ્વસ્થ માતા, સુરક્ષિત નવજાત અને સુપોષિત બાળક એ સ્વસ્થ સમાજનો પાયો છે.

મુસાફરોએ સાથે રાખવા પડશે ૨ દસ્તાવેજ અયોધ્યાથી નેપાળ જવા હવે વિઝાની જરૂર નહીં : ૨૮ નવેમ્બરથી શરૂ થશે નવી ટ્રેન સેવા

ધાર્મિક પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે અયોધ્યાથી નેપાળના જનકપુરધામ વચ્ચે નવી સાપ્તાહિક ટ્રેન સેવા શરૂ થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૩

ભારત અને નેપાળ વચ્ચે ધાર્મિક પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે અયોધ્યાથી નેપાળના જનકપુરધામ વચ્ચે નવી સાપ્તાહિક ટ્રેન સેવા શરૂ થવા જઈ રહી છે. આગામી ૨૮ નવેમ્બરથી શરૂ થનારી આ ટ્રેન સેવા ભગવાન શ્રીરામની જન્મભૂમિ અયોધ્યા અને માતા સીતાના જન્મસ્થળ જનકપુરધામને સીધી રેલવે કનેક્ટિવિટીથી જોડશે. આ ટ્રેન શરૂ થતાં બંને દેશો વચ્ચે મુસાફરી કરતા શ્રદ્ધાળુઓને મોટી સુવિધા મળશે.

ભારતીય નાગરિકો માટે નેપાળ પ્રવાસની ખાસ વાત એ છે કે ત્યાં જવા માટે વિઝાની જરૂર પડતી નથી. જોકે, મુસાફરી દરમિયાન માન્ય ઓળખના દસ્તાવેજો સાથે રાખવા ફરજિયાત છે. - માન્ય ભારતીય પાસપોર્ટ - ચૂંટણી પંચ દ્વારા જારી કરાયેલ મતદાર ઓળખપત્ર (VOer ID)



અયોધ્યા કેન્ટ અને જનકપુરધામ વચ્ચે શરૂ થનારી આ ટ્રેન આશરે ૬૦૪ કિલોમીટરનું અંતર લગભગ ૧૯ કલાકમાં પૂર્ણ કરશે. ટ્રેન અયોધ્યા કેન્ટથી દર સોમવારે અને જનકપુરધામથી દર શનિવારે ઉપડશે. નવી ટ્રેનના માર્ગમાં અનેક મહત્વપૂર્ણ સ્ટેશનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં અયોધ્યા ધામ, બસ્તી, ગોરખપુર, નરકટિયાગંજ, રક્સૌલ, સીતામઢી, શિશો, મધુબની અને જયનગર સહિતનાં સ્ટેશનોનો સમાવેશ થાય છે. અયોધ્યા અને જનકપુર વચ્ચે સીધી રેલવે સેવા શરૂ થવાથી રામાયણ સાથે જોડાયેલા ધાર્મિક સ્થળોની મુલાકાત લેતા શ્રદ્ધાળુઓને સરળતા રહેશે. ખાસ કરીને અયોધ્યામાં રામલલ્લાનાં દર્શન કર્યા બાદ જનકપુરમાં માતા સીતાના દર્શન કરવા ઇચ્છતા પ્રવાસીઓ માટે આ ટ્રેન ઉપયોગી સાબિત થઈ શકે છે. આ ઉપરાંત ભારત અને નેપાળ વચ્ચે વેપાર, શિક્ષણ, પારિવારિક મુલાકાત અને સાંસ્કૃતિક સંબંધોને પણ નવી રેલવે સેવા દ્વારા પ્રોત્સાહન મળવાની અપેક્ષા છે.

બગલિયા ખાતે પૂજનીય દીદીજીના સાંનિધ્યમાં સ્વાધ્યાય પરિવારના પ્રથમ 'ધનંજય ક્રીડાક્ષેત્ર'નું અનાવરણ

સ્થાનિક કૃતિશીલોની શ્રમભક્તિ અને કૃતિભક્તિથી ચાર માસમાં આકાર પામેલું ધનંજય ક્રીડાક્ષેત્ર ગ્રામજનોને અર્પણ





(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૩

છોટાઉદેપુર જિલ્લાના બગલિયા ગામે બુધવાર, ૧૮ નવેમ્બર ૨૦૨૬ના રોજ બપોરે આશરે એક વાગ્યે સ્વાધ્યાય પરિવારના એક અનોખા પ્રયોગરૂપે સાકાર થયેલા 'ધનંજય ક્રીડાક્ષેત્ર'નું અનાવરણ કરવામાં આવ્યું. સ્વાધ્યાય કાર્યની ધુરા સંભાળનાર પૂજનીય દીદીજી જયશ્રી તલવલકરના સાંનિધ્યમાં આ ક્રીડાક્ષેત્ર ગ્રામજનોને અર્પણ કરવામાં આવ્યું. આ પ્રસંગે ગામના સ્વાધ્યાયી ભાઈઓ-બહેનો અને આમંત્રિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

નાની-નાની ટેકરીઓ અને પાછળથી વહેતી નદી વચ્ચે આકાર પામેલા આ ક્રીડાક્ષેત્રમાં પૂજનીય દીદીજીના આગમનની પ્રતીક્ષામાં ગામનાં બાળકો, યુવાનો અને વડીલો ભાવપૂર્વક ઉપસ્થિત રહ્યાં હતાં. પૂજનીય દીદીજીના માર્ગદર્શન હેઠળ સ્થાનિક કૃતિશીલોએ પોતાની શ્રમભક્તિ અને કૃતિભક્તિથી ચાર માસમાં આ ક્રીડાક્ષેત્ર ઊભું કર્યું છે.

અહીં બાળકો માટે રમવાનો વિસ્તાર, વડીલો માટે ચાલવાનો માર્ગ અને કસરતનાં સાધનો, કિશોરો અને યુવાનો માટે ખુલ્લામાં વ્યાયામનાં સાધનો તેમજ વૉલીબૉલ અને ખો-ખો માટેનાં મેદાનોની વ્યવસ્થા કરવામાં આવી છે.

આ પ્રસંગે પૂજનીય દીદીજીએ ગીતાના 'યત્ર યોગેશ્વરઃ કૃષ્ણો યત્ર પાર્થો ધનુર્ધરઃ'નો સંદર્ભ આપીને ક્રીડાક્ષેત્રનું પાવિત્ર્ય સમજાવ્યું. દાદાજીએ આપેલી આ સહિયારી જગ્યા ભગવાનની છે, એ ભાવથી ત્યાં રમવું અને તેનું પાવિત્ર્ય જાળવવું, એમ તેમણે જણાવ્યું. મોબાઈલમાં એકલા રમવાની સગવડ છે, જ્યારે મેદાનમાં બાળકો એકબીજાની આંખમાં જોઈને રમે છે. જાતિ કે ધર્મના ભેદ વિના સાથે રમવાની આવી તકથી ગામમાં પરસ્પરના સંબંધો મજબૂત બને છે.

દીદીએ સમજાવ્યું કે, પોતાની ટીમમાં અણગમતી વ્યક્તિ સાથે પણ રમવું પડે છે અને પૂરી મહેનત છતાં ક્યારેક હાર સ્વીકારવી પડે છે. મેદાનમાં મળતા આવા અનુભવો જીવનના સંઘર્ષોનો સામનો કરવાની તૈયારી કરાવે છે. 'ધનંજય' નામનો ભાવ સમજાવતાં તેમણે અર્જુનની એકાગ્રતા અને ભગવાન પરના તેના વિશ્વાસનો ઉલ્લેખ કર્યો. આ સંદર્ભમાં તેમણે ભગવાન સામે ઊભા રહીએ એવી કલ્પના કરીને 'મૂક્યો, 'ડીડ યુ પ્લે માય બોય?' ત્યારે યસ આય ડીડ' કહી શકાય, એવા ભાવથી જીવનમાં પોતાની ભૂમિકા ભજવવાની વાત તેમણે સમજાવી.

સ્વાધ્યાય પરિવારમાં 'રમત માટે રમત અને ખેલ માટે ખેલ'ના ભાવથી રમતને દિવ્યતા સાથે જોડવાની દૃષ્ટિ છે. 'શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્' અને 'નાયમાત્મા બલહીનેન લભ્યઃ' જેવી શાસ્ત્રોક્ત ઉક્તિઓ શરીર અને મનના ઘડતરમાં શારીરિક સામર્થ્યનું મહત્ત્વ સમજાવે છે.

આગામી મહિનાઓમાં સ્વાધ્યાય પરિવારનાં આવાં અનેક ધનંજય ક્રીડાક્ષેત્રોનાં અનાવરણ થવાનાં છે. સૌપ્રથમ ધનંજય ક્રીડાક્ષેત્ર પોતાના ગામમાં સાકાર થતાં બગલિયાના ગ્રામજનોમાં વિશેષ આનંદ અને ઉત્સાહ જોવા મળ્યાં હતા.

વલસાડ જિલ્લામાં પોલિયો રસીકરણની કામગીરી અંગે
કલેક્ટર નિતિન સાંગવાનના અધ્યક્ષસ્થાને સ્ટીયરીંગ કમિટીની બેઠક યોજાઈ

જિલ્લામાં ૭૧૦ બુથ અને ૧,૪૨૦ ટીમો દ્વારા ૧૭૭૪૮૨ લક્ષ્યાંક સામે ૧૫૨૩૮૧ બાળકોને પોલિયોના ટીપાં અપાયા



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૨૩

વલસાડ જિલ્લા કલેક્ટર શ્રી નિતિન સાંગવાનના અધ્યક્ષસ્થાને સોમવારે સવારે ૧૧:૩૦ કલાકે પલ્સ પોલિયો અભિયાન કામગીરીની સમીક્ષા અંગે સ્ટીયરીંગ કમિટીની બેઠક મળી હતી, જેમાં કલેક્ટરશ્રીએ રવિવારે પોલિયો રસીકરણની થયેલી કામગીરી અંગે વિગત મેળવી અને ત્યારબાદ ઘરે ઘરે થનારી કામગીરી અંગે જરૂરી સૂચનો કર્યા હતા.

ભારત પોલિયો મુક્ત થઈ ગયો છે, પરંતુ હજુ પણ કેટલાક દેશોમાં પોલિયો નાબૂદ થયો ન હોવાથી તે ફરીથી ફેલાવાની શક્યતા રહેલી છે. જેથી રાજ્ય સરકાર દ્વારા ૦ થી પાંચ વર્ષ સુધીના તમામ બાળકોને પોલિયોના બે ટીપાં પીવડાવવા માટે રવિવારે તા.૨૨ નવેમ્બરના રોજ વલસાડ જિલ્લામાં અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જે કામગીરી અંગે મળેલી બેઠકમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. વિપુલ ગામીતે પ્રેઝન્ટેશન દ્વારા વિગત આપતા જણાવ્યું કે, તા.૨૨ નવેમ્બરના રોજ રવિવારે જિલ્લામાં ૭૧૦ પોલિયો બુથ, ૧,૪૨૦ ટીમો અને ૧૪૨ સુપરવાઈઝર દ્વારા પોલીયો રસીકરણ અભિયાન હાથ ધરાઈ હતી. આ સિવાય બસ ડેપો અને રેલવે સ્ટેશન સહિતના ૧૨ ટ્રાન્ઝિટ પોઈન્ટ ઉપર પણ બુથ ગોઠવવામાં આવ્યા હતા. જેમના દ્વારા એક જ દિવસમાં ૧૭૭૪૮૨ના લક્ષ્યાંક સામે ૧૫૨૩૮૧ બાળકોને પોલિયોના ટીપાં પીવડાવી ૮૫.૮૬ ટકા સિદ્ધિ મેળવી હતી. બાકી લક્ષ્યાંકને પહોંચી વળવા માટે બે દિવસ સુધી આરોગ્ય કર્મીઓની ટીમ હાઉસ ટુ હાઉસ ફરી રહી છે અને બાકી રહી ગયેલા બાળકોને શોધી શોધીને પોલિયોના ટીપાં પીવડાવી રહી છે.

આરોગ્ય વિભાગ દ્વારા પોલિયો અંગે થઈ રહેલી કામગીરી અંગે જિલ્લા કલક્ટર નિતિન સાંગવાને સંતોષ વ્યક્ત કર્યો હતો. આ સાથે જિલ્લા કલેક્ટરે એક પણ બાળક બાકી ન રહી જાય અને કામ-ધંધાની શોધમાં સ્થળાંતરિત કરતા બાળકો પણ વંચિત રહે તે માટે તકેદારી રાખવા જણાવ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા આરોગ્ય વિભાગના આરસીએચઓ ડો.એ.કે.સિંઘ, ઈન્ચાર્જ એડીએચઓ ડો.એચ.પી.સિંઘ, જિલ્લા લેપ્રસી અધિકારી ડો.જયશ્રી ચૌધરી, વલસાડ સિવિલ હોસ્પિટલના મેડિકલ સુપ્રિટેન્ટન્ટ ડો.ભાવેશ ગોયાણી, જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડો.મનોજભાઈ પટેલ સહિત શિક્ષણ, આઈસીડીએસ અને પાલિકાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વિશ્વ હિન્દુ પરિષદ પ્રેરિત પારડી સ્થિત ભારતીય જનસેવા સંસ્થાન દ્વારા બીજા મોક્ષરથ માટે દાનની અપીલ

કનુભાઈ દેસાઈ તથા સરદાર ભીલાડવાળા બેંક તરફથી દસ દસ લાખ તથા જતીનભાઈ દેસાઈ તરફથી મળેલું બે લાખનું દાન



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
પારડી, તા.૨૩

પારડી વિશ્વ હિન્દુ પરિષદ પ્રેરિત ભારતીય જનસેવા સંસ્થાન ૨૦૧૯થી હિન્દુઓ માટે મોક્ષ રથની સેવા પૂરી પાડતું આવ્યું છે. આ જ પર્યંત ૩,૫૮૫ જેટલા લોકો આ સેવાનો લાભ લઈ ચૂક્યા છે. પરંતુ પારડી જેવા મોટા વિસ્તારને લઈ મોક્ષ રથની જરૂરિયાત જણાતા બીજો એક મોક્ષરથ લાવી રહ્યા હોય આ મોક્ષરથ માટે દાનની ખૂબ જ જરૂર હોય દાતાઓના સહકારથી જ આ કાર્ય સંપન્ન થશે.

આ મોક્ષરથ સંપૂર્ણ સંપન્ન થતાં ૩૫ લાખથી વધુ અંદાજિત ખર્ચ અંદાજવામાં આવી રહ્યો છે. પારડીના ધારાસભ્ય શ્રી કનુભાઈ દેસાઈની ગ્રાન્ટમાંથી દસ લાખ સરદાર ભીલાડવાળા બેંક ફાઉન્ડેશન ટ્રસ્ટ તરફથી દસ લાખ તથા બાલદાના દાનવીર જતીનભાઈ દેસાઈ તરફથી બે લાખ દાન પેટે મળી ચૂક્યા છે, પરંતુ હજુ પણ દાનની ઘણી જરૂરિયાત હોય દાન માટે શ્રી અમિતભાઈ પટેલ મોબાઈલ નંબર ૭૫૭૫૦૪૭૪૫૭ અને શ્રી યોગેશભાઈ પટેલ મોબાઈલ નંબર ૯૮૨૪૯ ૦૪૯૬ સંપર્ક કરી આપનું દાન નોંધાવી શકો છો.

ચલા-વાપીમાં ૧૨૯મી રંગ જયંતિ મહોત્સવની ભવ્ય ઉજવણી કરાઈ



(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૩

વાપી ખાતે ચલા સ્થિત શ્રી રંગ કુટીર ખાતે બુધવાર, તા.૧૮-૧૧-૨૦૨૬ના રોજ ૧૨૯મી રંગ જયંતિ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શ્રી ગુરુદેવ દત્તના આશીર્વાદથી યોજાયેલા આ દૈવી મહોત્સવમાં વાપી, દમણ, સેલવાસ સહિત આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા અને સમગ્ર દિવસ શ્રી રંગ કુટીર પરિસર ભક્તિમય માહોલથી ગુંજી ઉઠ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત સવારે ૬:૦૦ કલાકે પ્રભાતિયા સાથે થઈ હતી. ત્યારબાદ ૬:૩૦ કલાકે મંગળા આરતી અને પ્રભાત ફેરીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભક્તોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સવારે ૯:૦૦ કલાકે પાદુકા પૂજન યોજાયું હતું. પાદુકા પૂજનમાં ભાગ લેવા માટે ભક્તજનો પૂજનની સામગ્રી સાથે સવારે ૮:૦૦ કલાકે જ શ્રી રંગ કુટીર પર હાજર થઈ ગયા હતા અને ભાવપૂર્વક પૂજા-અર્ચના કરી હતી.

બપોરે ૧૨:૩૦ કલાકે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સૌ ભક્તોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો. સાંજે ૬:૩૦ કલાકે સાયં પ્રાર્થના, દીપ પ્રાગટ્ય, સાયં આરતી અને પાલખી સાથે મહોત્સવનું ભવ્ય સમાપન થયું હતું. પાલખી યાત્રા વખતે ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

આયોજકોએ આ મહોત્સવને સફળ બનાવવા બદલ તમામ ભક્તજનો, સેવકો અને દાતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના અધ્યક્ષસ્થાને નવસારી જિલ્લા પોલીસ સલાહકાર સમિતિની બેઠક યોજાઈ

આગામી ૧લી ડિસેમ્બરથી શરૂ થનાર ડ્રગ્સ વિરોધી ડ્રાઈવ અંતર્ગત શાળા-કોલજો અને યુનિવર્સીટીમાં જાગૃતિ કાર્યક્રમો યોજવા દિશાનિર્દેશ



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
નવસારી, તા.૨૩

નવસારી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ વધુ સુદૃઢ બને, ટ્રાફિક સમસ્યાનું નિરાકરણ આવે અને નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત થાય તે હેતુથી આજરોજ જિલ્લા સેવા સદનના સભાખંડ ખાતે જિલ્લા કલેક્ટર શ્રી મનીષ ગુરવાનીના અધ્યક્ષસ્થાને 'જિલ્લા પોલીસ સલાહકાર સમિતિ'ની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

બેઠકમાં નાયબ પોલીસ અધિક્ષકશ્રી એસ.કે.રાય દ્વારા નવસારી જિલ્લા પોલીસ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલી વિવિધ કામગીરીની વિગતો રજૂ કરવામાં આવી હતી. જેમાં સમિતિના સભ્યોની રજૂઆતો અન્વયે નવસારી ટાઉન વિસ્તારમાં ખાસ કરીને કોન્વેન્ટ સ્કૂલ અને પારસી હોસ્પિટલ સામે નિયમિત પેટ્રોલિંગ કરી અડચણરૂપ પાર્કિંગ બદલ ૫૩ વાહનચાલકોને મેમો આપી રૂા.૨૬,૫૦૦/-નો સ્થળદંડ વસૂલવામાં આવ્યો છે. આ ઉપરાંત શાળાઓની આસપાસ તમાકુનું વેચાણ અને જાહેર સ્થળોએ ધૂમ્રપાન બદલ ૪૨ વ્યક્તિઓ સામે દંડકીય કાર્યવાહી કરી રૂા.૮,૪૦૦/- નો દંડ કરાયો છે. જ્યારે ખેરગામ બજાર વિસ્તારમાં સાંકડા રસ્તાઓને કારણે થતી ટ્રાફિક સમસ્યાના નિરાકરણ માટે ચાર રસ્તા, શ્રીજી હોટલ, પોસ્ટ ઓફિસ અને દશેરા ટેકરી ખાતે ટ્રાફિક બ્રિગેડ તથા જી.આર.ડી. જવાનોને શિફ્ટ વાઈઝ તૈનાત કરી તેમજ બેરીકેટ મૂકી ભારે વાહનોને બહારના રસ્તે ડાયવર્ટ કરી ટ્રાફિક નિયંત્રણની કામગીરી કરવામાં આવી રહી છે.

શહેરમાં હોર્ડિંગ્સ માટે સ્પષ્ટ 'એડવર્ટાઇઝમેન્ટ પોલિસી' બનાવવા મહાનગરપાલિકાને વિચારણા કરવા સૂચના

બેઠક દરમિયાન જિલ્લા કલેક્ટર શ્રી મનીષ ગુરવાનીએ શહેરના વિવિધ પ્રશ્નો અંગે મહત્વપૂર્ણ સૂચનો કર્યા હતા જેમાં શહેરના મુખ્ય માર્ગો પર અનાધિકૃત રીતે લાગતા એડવર્ટાઈઝમેન્ટ હોર્ડિંગ્સની સમસ્યાના કાયમી ઉકેલ માટે નવસારી મહાનગરપાલિકાને કઈ જગ્યાએ અને કઈ સાઈઝમાં હોર્ડિંગ્સ મૂકી શકાય તે અંગે ચોક્કસ 'એડવર્ટાઇઝમેન્ટ પોલિસી' માટે વિચારણા કરવા સૂચના આપી હતી.

વધુમાં બેઠકમાં ચીખલી ખાતે કુમાર-કન્યા શાળા નજીક શાકભાજીની લારીઓના કારણે ટ્રાફિક અને અવરજવરમાં સર્જાતી સમસ્યાની સમિતિના સભ્ય દ્વારા રજૂઆત કરવામાં આવી હતી, જેની નોંધ લઈ કલેક્ટરશ્રીએ સ્થાનિક પંચાયત અને પોલીસ વિભાગને દબાણો દૂર કરવા સૂચના આપી હતી.

આ સાથે શાળા-કોલેજો નજીક કોઈપણ પ્રકારની પ્રતિબંધિત વસ્તુઓનું વેચાણ ન થાય તે માટે પોલીસ વિભાગને ખાસ ડ્રાઈવ ચલાવવા તાકીદ કરી હતી. આ ઉપરાંત શહેરમાં સાંજના સમયે ટ્રાફિકનું ભારણ રહેતા વિસ્તારોમાં યોગ્ય સ્થળે સ્પીડ બ્રેકર, રોડ માર્કિંગ કરવા સંબંધિત વિભાગને સૂચના આપી હતી.

કલેક્ટરશ્રીએ વધુમાં જણાવ્યું કે, આગામી ૧લી ડિસેમ્બરથી શરૂ થનાર 'ડ્રગ્સ વિરોધી ડ્રાઈવ' અંતર્ગત જિલ્લાની તમામ શાળાઓ, કોલેજો અને યુનીવર્સીટીઓમાં યુવાધનને વ્યસનથી દૂર રાખવા માટે વિશેષ ડ્રગ્સ વિરોધી અવેરનેસ પ્રોગ્રામ્સનું આયોજન કરવા કડક દિશાનિર્દેશ આપ્યા હતા.

આ બેઠકમાં જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી રાહુલ પટેલ, નાયબ પોલીસ અધિક્ષકશ્રી એસ.કે.રાય, સંબંધિત વિભાગના અધિકારીઓ અને બિનસરકારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

વલસાડના લીલાપોરની ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે કૌશલ્ય દીક્ષાંત સમારોહ યોજાયો



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૨૩

વલસાડના લીલાપોર સ્થિત ઔદ્યોગિક તાલીમ સંસ્થા(આઈ.ટી.આઈ.) (મહિલા) ખાતે દીક્ષાંત સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કુલ ૮ ટ્રેડના ૧૩૨ તાલીમાર્થીઓને સર્ટીફીકેટ એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે મુખ્ય અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત એલ્કોમ લી.ના ઈન્ડસ્ટ્રી પાર્ટનર પ્રસાદ ગંગાવકરે જણાવ્યું કે, આજના સ્પર્ધાત્મક યુગમાં ટેક્નીકલ શિક્ષણ અને કૌશલ્ય વિકાસનું ખૂબ જ મહત્વ છે. ITI જેવી સંસ્થાઓ યુવાનોને વિવિધ વ્યવસાયલક્ષી ટ્રેડમાં તાલીમ આપી રોજગારલક્ષી અને આત્મનિર્ભર બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

દીક્ષાંત સમારોહ દરમિયાન તાલીમ પૂર્ણ કરનાર ૮ ટ્રેડ (૧) કમ્પ્યુટર ઓપરેટર એન્ડ પ્રોગ્રામીંગ આસિસ્ટન્ટ, (૨) વેલ્ડર, (૩) ફીટર, (૪) વાયરમેન, (૫) સુઈંગ ટેક્નોલોજી, (૬) કોસ્મેટોલોજી, (૭) શ્રી ડી પ્રિન્ટીંગ અને (૮) કમ્પ્યુટર હાર્ડવેરના કુલ ૧૩૨ તાલીમાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. તાલીમાર્થીઓને અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ આપવામાં આવી હતી.

આ ઉપરાંત તાલીમાર્થીઓને એપ્રેન્ટિસશિપ (Apprenticeship) અંગે વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ITI પૂર્ણ કર્યા બાદ વિવિધ ઔદ્યોગિક એકમોમાં એપ્રેન્ટિસશિપ મેળવી વ્યવહારૂ અનુભવ, ટેક્નીકલ કૌશલ્ય અને સ્ટાઈપેન્ડ મેળવવાની તકોનો લાભ લેવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે મુખ્ય અતિથી તરીકે શ્રી નીલ દેસાઈ (એક્સેલ એલ્યુગ્રાફિકસ લી.) તેમજ આઈ.ટી.આઈ.નો સ્ટાફ તથા તાલીમાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે સંસ્થાના તમામ મહાનુભાવો, કર્મચારીઓ અને તાલીમાર્થીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

વલસાડમાં ૬૦ વર્ષથી વધુ વયના સિનિયર સિટીઝનો માટે રમતગમત સ્પર્ધા યોજાશે

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૨૩

ગુજરાત સરકારના રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર હસ્તકના વલસાડ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ વલસાડ જિલ્લામાં ૬૦ વર્ષથી ઉપરના સિનિયર સિટીઝન ભાઈઓ-બહેનો માટે વોલીબોલ, યોગાસન, ચેસ, કેરમ, રસ્સાખેંચ તથા એથ્લેટીક્સ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવનાર છે.

જેમાં ભાગ લેવા ઇચ્છતા સિનિયર સીટીઝન ભાઈઓ/બહેનાએ નિયત નમુનાનું પ્રવેશપત્ર જિલ્લા રમત-ગમત અધિકારી વલસાડ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, વલસાડ, જિલ્લા રમત સંકુલ, મંદિર ફળીયું, નવેરા, તા.જિ.વલસાડ ખાતેથી મેળવી તા.૦૫/૧૨/૨૦૨૬ સુધીમાં સંપૂર્ણ વિગત સાથે મોકલી આપવાનું રહેશે. સમય મર્યાદામાં આવેલ પ્રવેશપત્રોના સ્પર્ધકોને વિગતવાર કાર્યક્રમ અંગેની જાણ કરવામાં આવશે. જેની દરેક સ્પર્ધકે નોંધ લેવી. વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીના સરનામે સંપર્ક કરવા જિલ્લા રમત-ગમત અધિકારી દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો
સંજય તાડા - 99244 66899 /
સુરેશ ઉમતિયા - 98259 89444

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

વર્તમાન પ્રવાહ

તંત્રી લેખ

મતદારનાં નામ કમી થવા જેવી બાબતો સામાન્ય નાગરિકના મતાધિકારના મૂળ ઉપર પ્રહાર કરે છે

'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન(એસઆઈઆર'ની પ્રક્રિયાનો મુદ્દો કોંગ્રેસ અને સાથી પક્ષોએ બરાબર પકડ્યો છે. કોકોચ જનતા પાર્ટીએ વિરોધ પ્રદર્શન કર્યા પછી થોડા સમયથી મૌન સેવી લીધું છે પરંતુ ઈન્ડિયા સંગઠને વાત ઝાલી રાખી છે. મોટી કૂચ સર્વોચ્ચ અદાલત સુધી લઈને ગયેલા રાહુલ ગાંધીએ હવે ફરી એકવાર એક મહત્ત્વની અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરી છે. ૪૮ સવાલ પૂછીને ફરી એકવાર ચૂંટણીપંચને લોકસભા વિપક્ષી નેતાએ ઘેર્યું છે. અગાઉ અનેક અરજી થઈ ચૂકી છે, ત્યારે હવે ચૂંટણીપંચની કાર્યપ્રણાલી સામે રાહુલ ગાંધીએ ૪૮ સવાલોના શપથપત્ર સાથે કરેલી અરજીમાં સર્વોચ્ચ અદાલત સામે વિશેષ માગણી કરી છે. સુપ્રીમ કોર્ટ આ સંવેદનશીલ મામલો કઈ રીતે હાથ ધરે છે એ જોવું જરૂરી છે. રાહુલ અને સાથીપક્ષોએ અણિયાળો સવાલ ઉઠાવ્યો છે કે, 'એસઆઈઆર', ચૂંટણીપંચની આખી આ પ્રક્રિયાનો નિર્ણય સામૂહિક હતો કે, મુખ્ય ચૂંટણી કમિશનરે એકલાએ લીધો હતો? વિવેક જોશી અને એસ. એસ. સંધુએ આ પ્રક્રિયા સામે લેખિત વાંધા અને અસંમતિ નોંધાવી હતી તે રીતે અન્ય કોઈ કમિશનરે સવાલ કર્યો હતો કે નહીં?



અત્રે ઉલ્લેખનીય છે કે, પંચ સ્પષ્ટતા કરી ચૂક્યું છે કે, આ સમગ્ર પ્રક્રિયા સર્વાનુમતે થયેલા નિર્ણયથી થઈ હતી. ઓનલાઈન ફોર્મ નં.૬માં જે નવું ઘોષણાપત્ર જોડવામાં આવ્યું છે તે ઉમેરવાની સત્તા કોણે આપી? તે ક્યારે મંજૂર કરાયું? મતદારયાદી નિયંત્રણ માટેની પ્રણાલીના કેન્દ્રીયકરણ પાછળ કોનો આદેશ હતો અને ખાસ તો અંતિમ મતદારયાદીઓમાંથી ગરીબ, અ.જા., અલ્પસંખ્યક અને સ્થળાંતરિત મતદારોનાં નામ મોટી સંખ્યામાં ક્યા ધોરણે કમી કરાયાં? જો કે, એસઆઈઆરવાળો મુદ્દો હજી સાવ શાંત પડ્યો નથી અને આગામી વર્ષે ગુજરાત, ઉત્તરપ્રદેશ જેવા રાજ્યોમાં ચૂંટણી આવી રહી છે ત્યારે પડવાનો પણ નથી, પરંતુ થોડા સમયથી જે મોરચો થોડો ઢીલો હતો ત્યાં આ સવાલ અરજીને લીધે પુનઃ ગરમી આવી ગઈ છે. રાહુલ ગાંધીએ ઉઠાવેલા આ ૪૮ પ્રશ્ન માત્ર રાજકીય નથી, બંધારણીય સંસ્થાની આંતરિક પારદર્શકતા તથા વિશ્વસનીયતા અને સામૂહિક નિર્ણય લેવાની પદ્ધતિ સાથે સંકળાયેલા છે. ચીફ ઈલેક્શન કમિશનર અને અન્ય કમિશનરો વચ્ચેના મતભેદની વાત બહાર આવ્યા પછી તેની સ્પષ્ટતાઓ તો થઈ ગઈ, પરંતુ આ છાપ જે પડી છે તે ગંભીર અને ચિંતાજનક છે. મતદારયાદી સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન હવે ફક્ત રાજકીય પક્ષનો મુદ્દો નથી. દેશમાં વિવિધ સ્થળે, વિવિધ સ્તરે ક્યાંક ક્યાંક, કોઈ જાહેર કાર્યક્રમોમાં નિવૃત્ત ન્યાયાધીશો પણ આ મુદ્દે બોલી ગયા છે. મતદારનાં નામ કમી થવા જેવી બાબતો સામાન્ય નાગરિકના મતાધિકારના મૂળ ઉપર પ્રહાર કરે છે. આ આખા વિવાદના અંતનો એકમાત્ર ઉપાય એ છે કે, ચૂંટણીપંચ અત્યંત સંતોષકારક રીતે, આ ૪૮ અને અગાઉ ઊઠેલા તમામ સવાલોના જવાબ આપે. પોતાની વિશ્વસનીયતા પુરવાર કરે. વિપક્ષને ભલે ચૂંટણીપંચ વશ ન થાય, પરંતુ જેના માટે કામ કરે છે તે ગણતંત્રના મતદારો અને નાગરિકોમાં પંચ પ્રત્યેનો વિશ્વાસ પુનઃ નિર્મિત થાય અથવા તો ટકે તે જરૂરી છે. ચૂંટણી પ્રક્રિયા માટે જ જો શંકા હશે તો હવે પછી ચૂંટાયેલી સરકાર માટે શ્રદ્ધા કેવી રીતે રહેશે?

દેવદિવાળીનો મહિમા.. ધર્મ ભક્તિ દીપદાન અને આધ્યાત્મિક જાગૃતિનું પર્વ

ભારતીય સંસ્કૃતિમાં દરેક તહેવારનું પોતાનું આગવું ધાર્મિક, આધ્યાત્મિક અને સાંસ્કૃતિક મહત્ત્વ રહેલું છે. આવો જ એક પવિત્ર અને મહિમાવંત પર્વ એટલે દેવદિવાળી. કારતક મહિનાની પૂર્ણિમાના દિવસે દેવદિવાળીનો ઉત્સવ ખૂબ જ શ્રદ્ધા અને ભક્તિભાવથી ઊજવવામાં આવે છે. આ દિવસને ત્રિપુરારી પૂર્ણિમા, કારતક પૂર્ણિમા અને દેવદીપાવલી તરીકે પણ ઓળખવામાં આવે છે. આ પર્વ સાથે અનેક પૌરાણિક કથાઓ, ધાર્મિક માન્યતાઓ અને આધ્યાત્મિક પરંપરાઓ જોડાયેલી છે.

દેવદિવાળી નામ પાછળની પૌરાણિક માન્યતા..

ચાતુર્માસ દરમિયાન ભગવાન વિષ્ણુ યોગનિદ્રામાં પોઢેલા રહે છે એવી ધાર્મિક માન્યતા છે. દેવઉઠી એકાદશીના દિવસે ભગવાન વિષ્ણુ યોગનિદ્રામાંથી જાગૃત થાય છે ત્યારબાદ કારતક સુદ પૂર્ણિમાના દિવસે દેવતાઓ આનંદ અને ઉત્સાહ સાથે દીપ પ્રગટાવી ઉત્સવ ઊજવે છે. દેવતાઓ દ્વારા ઊજવવામાં આવતી આ દિવાળીને દેવદિવાળી કહેવામાં આવે છે.

બીજી એક મહત્ત્વપૂર્ણ પૌરાણિક માન્યતા ભગવાન શિવ સાથે જોડાયેલી છે. તારકાસુરના ત્રણ પુત્રો તારકાક્ષકમલાક્ષ અને વિદ્યુન્માલી દ્વારા ત્રણ વિશાળ નગરોનું નિર્માણ કરવામાં આવ્યું હતું, આ ત્રણ નગરો સોના ચાંદી અને લોખંડનાં બનેલાં હતાં, તેઓ ત્રિપુર તરીકે ઓળખાતાં હતાં. આ અસુરોના અત્યાચારથી દેવતાઓ અને ઋષિમુનિઓ ત્રસ્ત થઈ ગયા હતા. દેવતાઓની પ્રાર્થનાથી ભગવાન શિવે કારતક પૂર્ણિમાના દિવસે એક જ બાણથી ત્રણેય પુરોનો નાશ કર્યો, આથી ભગવાન શિવને ત્રિપુરારી કે ત્રિપુરાંતક કહેવામાં આવ્યા. દેવતાઓએ આ વિજયની ખુશીમાં દીપ પ્રગટાવી ઉત્સવ મનાવ્યો. આ પ્રસંગની સ્મૃતિમાં કારતક પૂર્ણિમાને ત્રિપુરારી પૂર્ણિમા અને દેવદિવાળી તરીકે ઊજવવામાં આવે છે.

ભગવાન વિષ્ણુ અને કારતક પૂર્ણિમાનું મહત્ત્વ..

પુરાણોમાં ભગવાન વિષ્ણુના મત્સ્યાવતારની કથા આવે છે. સૃષ્ટિ પર પ્રલયનું સંકટ આવ્યું ત્યારે ભગવાન વિષ્ણુએ મત્સ્યરૂપ ધારણ કરીને વૈવસ્વત મનુની નૌકાનું રક્ષણ કર્યું હતું તથા પ્રલયના જળમાંથી સૃષ્ટિના બીજ અને જ્ઞાનપરંપરાની રક્ષા કરી હતી. આ અવતાર સૃષ્ટિના સંરક્ષણ અને ધર્મની સ્થાપનાનું પ્રતીક છે.

વામન અવતારમાં ભગવાન વિષ્ણુએ રાજા બલિ પાસેથી ત્રણ પગલાં ભૂમિ માગી હતી. બે પગલાંમાં સમગ્ર પૃથ્વી અને સ્વર્ગને માપી લીધાં અને ત્રીજું પગલું બલિના મસ્તક પર મૂકીને તેમને પાતાળલોકમાં સ્થાન આપ્યું, આ કથા ભગવાનની લીલાધર્મની સ્થાપના અને અહંકારના વિસર્જનનો સંદેશ આપે છે.

ગંગાસ્નાન અને દીપદાનનું મહાત્મ્ય..

કારતક પૂર્ણિમાના દિવસે ગંગા સહિત પવિત્ર નદીઓમાં સ્નાન કરવાનું વિશેષ મહત્ત્વ છે. ખાસ કરીને કાશીના ગંગાઘાટો પર હજારો દીવડાઓ પ્રગટાવી ગંગામાતાની આરતી કરવામાં આવે છે. આ દિવ્ય દૃશ્ય દેવદિવાળીની વિશેષ ઓળખ બની ગયું છે. ધાર્મિક



પ્રાસંગિક

વિનોદભાઈ માછી નિરંકારી

નવીવાડી, તા. શહેરા, જી. પંચમહાલ

(મો.) ૯૭૨૬૧ ૬૬૦૭૫

માન્યતા અનુસાર આ દિવસે ગંગાસ્નાન, દીપદાન, જપ, તપ, હવન, યજ્ઞ અને દાન કરવાથી વિશેષ પુણ્ય પ્રાપ્ત થાય છે. અન્નદાન, વસ્ત્રદાન અને જરૂરિયાતમંદોને સહાય કરવાનું પણ વિશેષ મહત્ત્વ છે. શાસ્ત્રોમાં દાનને માત્ર સંપત્તિનું વિતરણ નહીં પરંતુ પરોપકાર કરૂણા અને ત્યાગની ભાવના તરીકે સમજાવવામાં આવ્યું છે. કારતક પૂર્ણિમાના દિવસે પુષ્કર, પ્રયાગરાજ, હરિદ્વાર, કાશી, અયોધ્યા, ગંગા, યમુના, નર્મદા અને ગોદાવરી જેવા પવિત્ર તીર્થસ્થાનોમાં સ્નાન અને પૂજન માટે શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં એકત્રિત થાય છે.

તુલસીવિવાહ અને વૃંદાની પવિત્ર કથા..

દેવદિવાળી સાથે તુલસી અને શાલિગ્રામજીના વિવાહની પરંપરા પણ જોડાયેલી છે. જોકે તુલસીવિવાહ સામાન્ય રીતે દેવઉઠી એકાદશીથી કારતક પૂર્ણિમા સુધીના દિવસોમાં કરવામાં આવે છે. તુલસીને હિંદુ ધર્મમાં અત્યંત પવિત્ર માનવામાં આવે છે. પૌરાણિક કથા અનુસાર જલંધર નામનો એક શક્તિશાળી અસુર હતો, તેની પત્ની વૃંદા અત્યંત પતિવ્રતા અને ધર્મનિષ્ઠા ધરાવતી સ્ત્રી હતી, તેના સતીત્વના પ્રભાવથી જલંધર અજેય બન્યો હતો, જલંધરના અત્યાચારોથી દેવતાઓ ત્રસ્ત થઈ ગયા ત્યારે ભગવાન વિષ્ણુએ વૃંદાના સતીત્વની કસોટી કરી, ભગવાને જલંધરનું રૂપ ધારણ કરીને વૃંદાના પતિવ્રત ધર્મનો ભંગ કર્યો પરિણામે જલંધરની શક્તિ નષ્ટ થઈ અને ભગવાન શિવના હાથે તેનો વધ થયો.

આ ઘટનાની જાણ થતાં વૃંદાએ ભગવાન વિષ્ણુને શ્રાપ આપ્યો કે તેમણે પણ મનુષ્ય અવતારમાં પત્નીના વિયોગનું દુઃખ સહન કરવું પડશે, આ શ્રાપને રામાયણમાં ભગવાન શ્રીરામના જીવનપ્રસંગ સાથે જોડવામાં આવે છે, જ્યારે માતા સીતાનું રાવણ દ્વારા હરણ કરવામાં આવ્યું હતું. વૃંદાની ભક્તિ અને પવિત્રતાથી પ્રસન્ન થઈ ભગવાન વિષ્ણુએ તેને તુલસીરૂપે પૂજનીય બનવાનું વરદાન આપ્યું અને પોતે શાલિગ્રામ સ્વરૂપે તુલસી સાથે સદાય જોડાયેલા રહેવાનું સ્વીકાર્યું. આથી તુલસીવિવાહની પરંપરા શરૂ થઈ હોવાનું માનવામાં આવે છે. આ કથા આપણને સમજાવે છે કે જીવનમાં પવિત્રતા નિષ્ઠા અને સદાચારનું વિશેષ મહત્ત્વ છે, સાથે જ એ પણ સમજવું જોઈએ કે સાચો ધર્મ માત્ર વ્યક્તિગત આચરણ પૂરતો સીમિત નથી, અન્યાય અને અધર્મ સામે યોગ્ય રીતે ઊભા રહેવું પણ ધર્મનું જ અંગ છે.

ગુરૂ નાનક જયંતિનું મહત્ત્વ..

કારતક પૂર્ણિમાના દિવસે શીખ ધર્મના પ્રથમ ગુરૂ શ્રી ગુરૂ નાનક દેવજીની જન્મજયંતિ પણ ઊજવવામાં આવે છે, તેઓએ સમગ્ર માનવજાતને એક ઈશ્વર, માનવ સમાનતા, સત્ય, સેવા અને ભાઈચારાનો સંદેશ આપ્યો હતો, તેમનો ઉપદેશ હતો કે ઈશ્વર એક છે અને તમામ માનવીઓ સમાન છે. 'નામ જપો, કિરત કરો અને વંડ છકો' એટલે કે ઈશ્વરનું સ્મરણ કરો, પ્રામાણિકતાથી મહેનત કરો અને મળેલું અન્ય સાથે વહેંચોઆ સંદેશ આજના સમયમાં પણ એટલો જ પ્રસ્તુત છે.

દેવદિવાળીનો આધ્યાત્મિક સંદેશ..

દેવદિવાળી માત્ર ઘરો મંદિરો કે નદીકિનારે દીવડાઓ પ્રગટાવવાનો ઉત્સવ નથી પરંતુ આપણા અંતરમાં રહેલા અજ્ઞાન, અહંકાર, ઈર્ષ્યા, દ્વેષ અને દુર્ગુણોના અંધકારને દૂર કરવાનો પવિત્ર અવસર છે. આજના સમયમાં માનવી ભૌતિક સુખ-સુવિધાઓ મેળવવાની દોડમાં આધ્યાત્મિક જીવનથી દૂર થતો જાય છે પરિણામે પરિવારોમાં મતભેદ, સમાજમાં અશાંતિ અને માનવીના મનમાં અસંતોષ વધતો જાય છે, આવા સમયે ધર્મભાવના, સદાચાર, સંયમ અને માનવતાના ગુણો જીવનમાં ઉતારવાની ખૂબ જ જરૂર છે.

દીપ પ્રગટાવવાનો સાચો અર્થ એ છે કે આપણા વિચારોમાં જ્ઞાનનો પ્રકાશ પ્રગટે, વાણીમાં મધુરતા આવે, વ્યવહારમાં નમ્રતા રહે અને હૃદયમાં બીજાઓ પ્રત્યે પ્રેમ તથા કરૂણા જાગે. જો દરેક વ્યક્તિ પોતાના જીવનમાં સત્ય, ન્યાય, પ્રામાણિકતા અને પરોપકારને સ્થાન આપે તો પરિવાર અને સમાજ બંનેમાં સુખશાંતિ સ્થાપિત થઈ શકે.

દેવદિવાળી આપણને દેવત્વ તરફ આગળ વધવાની પ્રેરણા આપે છે. ભગવાન શિવનો ત્રિપુરાસુર વિજય આપણને દુર્ગુણોનો નાશ કરવાનો સંદેશ આપે છે, તુલસીવિવાહ પ્રેમ પવિત્રતા અને સમર્પણનું મહત્ત્વ સમજાવે છે, ગુરૂ નાનક દેવજીના ઉપદેશો માનવસેવા અને સમાનતાની ભાવના જગાડે છે. આથી આ પવિત્ર પર્વે માત્ર દીવડાઓ પ્રગટાવીને સંતોષ માનવાને બદલે આપણા અંતરમાં જ્ઞાન, ભક્તિ, પ્રેમ અને માનવતાનો દીપ પ્રગટાવીએ. બીજાના જીવનમાં પણ સુખ, શાંતિ અને આશાનો પ્રકાશ ફેલાવીએ કારણ કે સાચી દેવદિવાળી ત્યારે જ ઉજવાય છે જ્યારે માનવીનું મન અંધકારમાંથી પ્રકાશ તરફ અને સ્વાર્થમાંથી પરમાર્થ તરફ પ્રયાણ કરે છે. સર્વેના જીવનમાં જ્ઞાનભક્તિ અને માનવતાનો દિવ્ય પ્રકાશ પ્રગટે એવી પ્રાર્થના..!

કારતક સુદ પૂનમ અને દેવ દિવાળીઃ દેવોનો ઉત્સવ, મનુષ્યનું જાગરણ પર્વ!

કારતક મહિનો એટલે ભક્તિનો મહિનો. આ મહિનામાં સવાર વહેલી પડે, હવા શુદ્ધ લાગે, મન શાંત લાગે. આખો મહિનો પવિત્ર છે, પણ એમાં



કારતક સુદ પૂનમ એટલે શિખર. આ પૂનમને લોકો દેવ દિવાળી કહે છે. કાશીમાં એને ત્રિપુરારી પૂનમ કહે છે. ક્યાંક એને કાર્તિકી પૂનમ કહે છે. નામ ભલે અલગ હોય, મર્મ એક જ છે-અંધારામાંથી અજવાળા તરફની યાત્રા.

લોકોની દિવાળી કારતક વદ અમાસે આવે છે. દેવોની દિવાળી કારતક સુદ પૂનમે આવે છે. આ બંને વચ્ચે પંદર દિવસનો ફરક છે. આ પંદર દિવસ એટલે સાધનાના પંદર દિવસ. લોકો દિવાળી મનાવીને થાકી જાય, ત્યારે દેવો જાગે છે. એમ કહેવાય છે કે લોકોની દિવાળી પૂરી થાય ત્યારે દેવોની દિવાળી શરૂ થાય છે.



એટલે જ આ પૂનમનું તેજ અલગ છે.

૧. કારતક સુદ પૂનમ એટલે શું ?

કારતક સુદ પૂનમ એટલે કારતક મહિનાની પૂનમ. આ દિવસે ચંદ્ર પૂર્ણ કળાએ હોય છે. આકાશમાં પૂનમનો ચાંદો અને ધરતી ઉપર દીવાની રોશની. બંને ભેગા થાય ત્યારે લાગે કે આકાશ અને ધરતી એક થઈ ગયા.

પૌરાણિક કથા પ્રમાણે આ દિવસે ભગવાન શિવે ત્રિપુરાસુરનો વધ કર્યો હતો. ત્રિપુરાસુરે ત્રણ નગર બનાવ્યા હતા સોનાનું, ચાંદીનું અને લોખંડનું. એ ત્રણેય નગરમાં રહીને એ દેવોને ત્રાસ આપતો હતો. કોઈ તેને હરાવી શકતું નહોતું. છેવટે ભગવાન શિવે એક જ બાણથી ત્રણેય પુરને બાળીને ભસ્મ કર્યા. દેવોએ આનંદથી દીવા પ્રગટાવ્યા. એ દિવસથી આ પૂનમ દેવ દિવાળી તરીકે ઉજવાય છે.

ત્રિપુર એટલે માત્ર ત્રણ નગર નહીં. ત્રિપુર એટલે માણસની અંદરના ત્રણ અહંકાર. સ્થૂળ અહંકાર- હું શરીર છું. સૂક્ષ્મ અહંકાર- હું મન છું, હું બુદ્ધિ છું. કારણ અહંકાર હું જ બધું છું. જ્યાં સુધી આ ત્રણ અહંકાર બળતા નથી, ત્યાં સુધી માણસને શાંતિ મળતી નથી. શિવે બહારના ત્રિપુરને બાળ્યા, આપણે અંદરના ત્રિપુરને બાળવાના છે. એ જ સાચી દેવ દિવાળી છે.

બીજી કથા પ્રમાણે આ જ દિવસે ભગવાન વિષ્ણુએ મત્સ્ય અવતાર ધારણ કર્યો હતો. પ્રલયના પાણીમાંથી વેદોને બચાવ્યા હતા. વેદ એટલે જ્ઞાન. જ્ઞાનને બચાવવું એટલે જ દેવ દિવાળી. જ્યારે અજ્ઞાનનો પ્રલય આવે, ત્યારે જ્ઞાનનો દીવો જ આપણને બચાવે છે.

૨. ચાતુર્માસ પૂરો થયા પછીનો ઉત્સવ

અષાઢ સુદ એકાદશીથી કારતક સુદ એકાદશી સુધી ચાતુર્માસ ચાલે છે. આ ચાર મહિનામાં ભગવાન વિષ્ણુ યોગનિદ્રામાં હોય છે. લગ્ન જેવા મંગલ કાર્યો બંધ હોય છે. સાધુસંતો એક સ્થાને રહીને સાધના કરે છે.

કારતક સુદ એકાદશીએ પ્રબોધિની એકાદશી થાય છે. ભગવાન જાગે છે. એના ચાર દિવસ પછી પૂનમ આવે છે. એટલે દેવ દિવાળી એ જાગેલા ભગવાનનો ઉત્સવ છે. સૂતેલા ભગવાનની પૂજા નહીં, જાગેલા ભગવાનની પૂજા. આમાં એક ઊંડો સંદેશ છે. ભગવાન તો જાગી ગયા, હવે તું જાગ. માણસ વર્ષ આખું દોડે છે. પૈસા પાછળ, પદ પાછળ, પ્રતિષ્ઠા પાછળ. દોડતા દોડતા એ થાકી જાય છે. ચાતુર્માસ એટલે થોડું રોકાવું. થોડું વિચારવું. હું ક્યાં જાઉં છું? શું કરું છું? શા માટે કરું છું? અને દેવ દિવાળી એટલે ફરી નવી શરૂઆત કરવી. પણ આ વખતે અંદરની શાંતિ સાથે, ભગવાનના આશીર્વાદ સાથે.

૩. દીવાનો મહિમા

દેવ દિવાળીનો સૌથી મોટો પ્રતીક એટલે દીવો. આ દિવસે લોકો ઘરમાં, મંદિરમાં, નદી કિનારે, તળાવ કિનારે દીવા કરે છે. કાશીના ઘાટ ઉપર લાખો દીવા પ્રગટે છે. ગંગામાં દીવા તરે છે. હરિદ્વારમાં, પ્રયાગમાં, નર્મદા કિનારે, તાપી કિનારે પણ લોકો દીવા મૂકે છે.

દીવો નાનો હોય છે, પણ એનો સંદેશ મોટો છે. દીવો કહે છે કે હું પોતે બળીશ, પણ બીજાને પ્રકાશ આપીશ. દીવાની વાટ બળે છે, તેલ ખૂટે છે, પણ દીવો ફરિયાદ નથી કરતો. એ જ સાચા માણસનું લક્ષણ છે. પોતે થોડું દુઃખ સહન કરીને પણ બીજાને સુખ આપવું. એ જ ધર્મ છે.


એક દીવો અંધારું દૂર નથી કરી શકતો, પણ હજાર દીવા ભેગા થાય ત્યારે આખું નગર અજવાળાઈ જાય છે. એમ જ એક માણસ સમાજને બદલી નથી શકતો, પણ બધા માણસો ભેગા થાય ત્યારે સમાજ બદલાઈ જાય છે. દેવ દિવાળી આપણને ભેગા થતા શીખવે છે. સાથે દીવો કરીએ, સાથે પ્રાર્થના કરીએ, સાથે આનંદ કરીએ. દીપદાનનું આ દિવસે વિશેષ મહત્ત્વ છે. મંદિરમાં દીવો કરવો, ગરીબના ઘરમાં દીવો પહોંચાડવો, નદીમાં દીવો મૂકવો. શાસ્ત્ર કહે છે કે જે માણસ કારતક પૂનમે દીપદાન કરે છે, તેના જીવનમાં ક્યારેય અંધકાર રહેતો નથી. તેને યશ, કીર્તિ, શાંતિ મળે છે. ફટાકડાથી અવાજ થાય, દીવાથી પ્રકાશ થાય. અવાજ ક્ષણિક છે, પ્રકાશ કાયમી છે. એટલે દેવ દિવાળીએ ફટાકડા નહીં, દીવા જોઈએ.

૪. સ્નાન, દાન અને જાગરણ

કારતક સુદ પૂનમે સ્નાનનું ખૂબ મહત્ત્વ છે. બ્રહ્મમુહૂર્તમાં નદીમાં સ્નાન કરવું એટલે પુણ્ય. જેને નદી ન મળે તે ઘરે ગંગાજળ મિશ્રિત પાણીથી સ્નાન કરે. સ્નાન એટલે માત્ર શરીર ધોવું નહીં, મન ધોવું. પાણીથી શરીરનો મેલ જાય, પ્રાર્થનાથી મનનો મેલ જાય. આ દિવસે દાનનું પણ વિશેષ ફળ છે. અન્નદાન, વસ્ત્રદાન, દીપદાન, વિદ્યાદાન. કારતક માસમાં કરેલું દાન અનેકગણું ફળ આપે છે. દાન કરવાથી અહંકાર ઓગળે છે. જે આપતા શીખે છે, તે જ મોટો થાય છે. જે માત્ર લેતા શીખે છે, તે હંમેશા નાનો રહે છે.

રાત્રે જાગરણ કરવું એ પણ આ પર્વનો ભાગ છે. ભજન, કીર્તન, સત્સંગ, કથા શ્રવણ. રાત્રે જાગવું એટલે મોહની ઊંઘમાંથી જાગવું. જે માણસ એક રાત ભગવાન માટે જાગે છે, તેનું આખું જીવન જાગી જાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સુરત સ્થિત ભાગળ ખાતેના



પ્રાચીન શ્રી અંબાજી માતા મંદિરમાં વર્ષોથી કારતક સુદ પૂનમ અને દેવ દિવાળી નિમિત્તે ધામધૂમથી પૂજા અર્ચના, દીપમાળા અને મહાઆરતી શાસ્ત્રોક્ત રીતરિવાજ અન્વયે સંપન્ન થાય છે. હજારો ભક્તો દીવો કરીને માતાજીના દર્શન કરે છે અને ધન્યતા અનુભવે છે.

૫. આજના યુગમાં દેવ દિવાળી

આજે માણસ પાસે બધું છે. લાઈટ છે, મોબાઈલની ટોર્ચ છે, એલઈડી છે. પણ અંદર અંધારું છે. બહાર પ્રકાશ વધ્યો છે, અંદર પ્રકાશ ઘટ્યો છે. ઘરમાં લાઈટ છે, પણ મનમાં શાંતિ નથી. સોસાયટીમાં લાઈટ છે, પણ પાડોશી સાથે સંબંધ નથી.

દેવ દિવાળી કહે છે કે બહારની લાઈટ બંધ કરો, અંદરનો દીવો કરો. મોબાઈલ થોડી વાર બંધ કરો, મન ચાલુ કરો. પરિવાર સાથે બેસો. સાથે દીવો કરો. સાથે પ્રાર્થના કરો. બાળકોને કહો કે આ દીવો શું છે, આ પૂનમ શું છે. જો બાળકોને આજે નહીં કહીએ, તો કાલે તેઓ આ સંસ્કૃતિને ભૂલી જશે.

આજે પર્યાવરણની પણ વાત કરવી જરૂરી છે. દેવ દિવાળીએ નદીમાં પ્લાસ્ટિકના દીવા ન મૂકવા જોઈએ. માટીના દીવા મૂકવા જોઈએ. માટીનો દીવો પ્રકૃતિમાં ભળી જાય છે. પ્લાસ્ટિકનો દીવો પ્રકૃતિને બગાડે છે. ધર્મ એટલે પ્રકૃતિને બચાવવી. જે ધર્મ પ્રકૃતિને બગાડે, તે ધર્મ નથી.

દેવ દિવાળી એટલે માફ કરવાનો દિવસ. જેની સાથે ઝઘડો થયો હોય, તેને માફ કરો. જેને દુઃખ આપ્યું હોય, તેની માફી માંગો. જેનું દિલ દુભાવ્યું હોય, તેને પ્રેમ આપો. માફી એ જ સૌથી મોટો દીવો છે. માફી આપવાથી મન હળવું થાય છે. માફી માંગવાથી અહંકાર ઓગળે છે.

૬. પૂનમનો ચાંદો અને માણસનું મન

પૂનમના દિવસે ચંદ્ર પૂર્ણ હોય છે. મન પણ ચંદ્ર જેવું છે. અમાસે મન અંધારામાં હોય છે. પૂનમે મન પ્રકાશમાં હોય છે. સાધના કરવાથી મન પૂનમ જેવું થાય છે. પૂર્ણ, શાંત, શીતળ.

ચંદ્ર શીતળતા આપે છે. સૂર્ય તેજ આપે છે. જીવનમાં બંને જોઈએ. તેજ પણ જોઈએ, શીતળતા પણ જોઈએ. માત્ર તેજ હશે તો માણસ બીજાને બાળશે. માત્ર શીતળતા હશે તો માણસ આળસુ થશે. દેવ દિવાળી બંનેનું સંતુલન શીખવે છે. દીવાનું તેજ અને પૂનમની શીતળતા. બંને ભેગા થાય ત્યારે જ જીવન પૂર્ણ થાય.

કારતક સુદ પૂનમ એટલે ગુરુ નાનક જયંતી પણ છે. ગુરુ નાનકે કહ્યું હતું કે, અંધારામાં દીવો કરો. એ દીવો બહારનો નહીં, અંદરનો. નામ જપો, કિરત કરો, વંડ છકો. આ ત્રણ સિદ્ધાંતો આજે પણ એટલા જ સાચા છે. ભગવાનનું નામ લો, મહેનત કરો, બીજા સાથે વહેંચીને ખાઓ. આ જ દેવ દિવાળીનો મર્મ છે.

તેથી અંતે એ નિષ્કર્ષ ઉપર આવીએ છીએ કે કારતક સુદ પૂનમ એ માત્ર કેલેન્ડરની તારીખ નથી, એ ચેતનાનો તહેવાર છે. ધાર્મિક દૃષ્ટિએ આ દિવસે ત્રિપુરાસુરનો વધ થયો, દેવોએ દીવા કર્યા, ભગવાન જાગ્યા. આધ્યાત્મિક દૃષ્ટિએ આ દિવસે આપણે આપણા અંદરના અહંકારને બાળવાનો છે, મનને જગાડવાનો છે, સંબંધને સાચવવાનો છે.

એક દીવો બહાર કરીશું, એક દીવો અંદર કરીશું. બહારનો દીવો ઘરને અજવાળશે, અંદરનો દીવો મનને અજવાળશે. કોઈનું દિલ નહીં દુભાવીએ, કોઈને નીચા નહીં બતાવીએ, કોઈના દુઃખમાં સાથ આપીશું.

જ્યારે ઘરના ઉંબરે દીવો જલતો હશે, ઘરના બધા સભ્યો એક સાથે બેસીને પ્રાર્થના કરતા હશે, ત્યારે એ ઘર મંદિર બની જશે, અને જ્યારે દરેક ઘર મંદિર બનશે, ત્યારે આખું નગર, આખો દેશ મંદિર બની જશે. એ જ સાચી દેવ દિવાળી છે.

દેવ દિવાળીની આપ સૌને હાર્દિક શુભકામનાઓ! પ્રકાશ ઘરમાં રહે, પ્રેમ મનમાં રહે!

(લેખક : શક્તિ ભક્તિ ઉપાસકઃ મહર્ષિ વિપુલ અંબાજીવાળા, શ્રી અંબાજી માતા મંદિર, ૯/૧૧૩૨, અંબાજી રોડ, ભાગળ, સુરત- મો. ૭૯૯૦૮૧૦૧૨૪)

જાપાન-રશિયાને પછાડી ત્રીજી સૌથી મોટી શક્તિ બન્યું ભારત

એશિયા પાવર ઈન્ડેક્સ ૨૦૨૬ અનુસાર સાપેક્ષ આર્થિક ક્ષમતામાં સામાન્ય ઘટાડા અને ઘરેલું પડકારો છતાં ભારતે આ વર્ષે એશિયામાં પ્રભાવશાળી ભૂમિકા નિભાવી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૩

ઓસ્ટ્રેલિયાના થિંક ટેન્ક લોવી ઈન્સ્ટિટ્યૂટ (Lowy Institute) દ્વારા તૈયાર કરવામાં આવેલા એશિયા પાવર ઈન્ડેક્સ ૨૦૨૬ (Asia Power Index 2026) માં, ભારતે એશિયાની ત્રીજી સૌથી મોટી મહાસત્તા તરીકે પોતાના સ્થાનને વધુ મજબૂત કર્યું છે.

લેટેસ્ટ રેન્કિંગમાં ભારતે જાપાન અને રશિયાને પછાડતા ત્રીજું સ્થાન યથાવત રાખ્યું છે, જ્યારે તેના સમગ્ર પાવર સ્કોરમાં ૦.૫ પોઈન્ટનો સુધારો જોવા મળ્યો છે. વર્ષ ૨૦૨૫માં ૪૦ના સ્કોરના મુકાબલે ભારતનો સ્કોર વધી ૪૦.૫ પોઈન્ટ પર પહોંચી ગયો છે.

રિપોર્ટ પ્રમાણે એશિયાની સમગ્ર શક્તિ યાદીમાં અમેરિકા પ્રથમ અને ચીન બીજા સ્થાને યથાવત છે. જોકે ૨૦૧૮માં આ ઈન્ડેક્સની શરૂઆત બાદ પ્રથમવાર અમેરિકા અને ચીનની શક્તિ વચ્ચે અંતર ઓછું રહી ગયું છે. ખાસ કરી બંને દેશોની સૈન્ય ક્ષમતાઓનું અંતર અત્યાર સુધીના સૌથી નીચલા સ્તર પર આવી ગયું છે. લોવી ઈન્સ્ટિટ્યુટનું માનવું છે કે, આ ઘટતું અંતર ચીનની સરસાઈથી વધુ વોશિંગટનની નીતિગત ચૂક અને કૂટનીતિક પ્રભાવમાં આવેલા ઘટાડાને કારણે છે.

એશિયા પાવર ઈન્ડેક્સ ૨૦૨૬ અનુસાર સાપેક્ષ આર્થિક ક્ષમતામાં સામાન્ય ઘટાડો અને ઘરેલું પડકાર છતાં ભારતે આ વર્ષે એશિયામાં ઘણી વધુ પ્રભાવશાળી ભૂમિકા નિભાવી છે. ભારતના સ્કોરમાં સુધાર પાછળ રક્ષા સંપર્કો, સાંસ્કૃતિક પ્રભાવ અને ભવિષ્યના સંસાધનોમાં થયેલા વધારાનું મોટું યોગદાન રહ્યું છે. ઈન્ડેક્સના મુખ્ય માપદંડો પર ભારતના પ્રદર્શનમાં આ ફેરફાર જોવા મળ્યો છે. ભારતે ૭૦.૩ પોઈન્ટ મેળવ્યા, જોકે પાછલા વર્ષના મુકાબલે તેમાં ૦.૫ પોઈન્ટનો સામાન્ય ઘટાડો થયો છે.

ભવિષ્યના સંસાધનોના મોરચા પર ભારતનો સ્કોર ૧.૧ પોઈન્ટ વધી ૫૬.૨ પહોંચી ગયો, જે લાંબા ગાળાના પ્રભાવને બનાવી રાખવાનો સંકેત આપે છે. સાંસ્કૃતિક પ્રભાવ અને રક્ષા નેટવર્કના મામલામાં ભારતના સાંસ્કૃતિક પ્રભાવમાં ૨.૩ પોઈન્ટ (૪૩.૮ સ્કોર) અને રક્ષા નેટવર્કના મામલામાં ૨.૨ પોઈન્ટ (૧૮.૬ સ્કોર) નો ઉલ્લેખનીય વધારો થયો છે. સૈન્ય ક્ષમતા અને આર્થિક ક્ષમતાના મામલામાં સૈન્ય ક્ષમતાનો સ્કોર ૦.૫ પોઈન્ટ સુધરી ૪૮.૫ થઈ ગયો, જ્યારે આર્થિક ક્ષમતાનો સ્કોર ૦.૭ ટકા ઘટી ૨૬.૪ રહ્યો.

રિપોર્ટમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પ્રાદેશિક નેતૃત્વ અને કૂટનીતિક સક્રિયતાનો વિશેષ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પ્રાદેશિક નેતૃત્વના આંકલનમાં પીએમ મોદીએ ત્રણ સ્થાનની છલાંગ લગાવી છે અને તેઓ એશિયાના બીજા સૌથી પ્રભાવશાળી નેતા બની ગયા છે. આ શ્રેણીમાં તેમની આગળ માત્ર ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ છે.

એશિયાના ૨૭ દેશો અને પ્રદેશોના સંસાધનો તથા પ્રભાવ પર આધારિત લોવી ઈન્સ્ટિટ્યૂટ (Lowy Institute) ના આ મૂલ્યાંકન મુજબ, આ ક્ષેત્ર હવે વધુ સ્પર્ધાત્મક અને બહુધ્રુવીય સંતુલન તરફ આગળ વધી રહ્યું છે. જ્યાં એક તરફ અમેરિકાના પશ્ચિમ એશિયા પર ધ્યાન કેન્દ્રીત કરવા વચ્ચે તેમના સહયોગી દેશો (જેમ કે જાપાન, ફિલીપીન્સ અને ઓસ્ટ્રેલિયા) એ આપસી રક્ષા સહયોગ વધાર્યો છે, તો બીજીતરફ ચીન, રશિયા અને ઉત્તર કોરિયા વચ્ચે રક્ષા તથા આર્થિક મામલામાં તાલમેલ ગાઢ થયો છે. આ હલચલો વચ્ચે ભારતનું ૪૦.૫ સ્કોરની સાથે ત્રીજા સ્થાન પર મજબૂત બન્યા રહેવું બદલાતી વૈશ્વિક વ્યવસ્થામાં તેના વ્યૂહાત્મક મહત્વને દર્શાવે છે.

સ્પોર્ટ્સ ન્યુઝ

વેલિંગ્ટન ટેસ્ટ ડ્રો થતાં WTC ફાઈનલની રેસમાં ફટકો

૭૨૦ રન ખડક્યાં છતાં ન્યૂઝીલેન્ડ સામેની પ્રથમ ટેસ્ટ મેચમાં ભારત જીતથી વંચિત

મિચેલ અને ફિલિપ્સની બેટિંગે ભારતની આશા પર ફેરવ્યું પાણી; ૪૩ ઓવર સુધી વિકેટ માટે તરસતા રહ્યા ભારતીય બોલરો

(સંપૂર્ણ સમાચાર સેવા)

વેલિંગ્ટન, તા.૨૩ : ન્યૂઝીલેન્ડની ધરતી પર ૭૨૦ રનનો ઐતિહાસિક સ્કોર નોંધાવ્યા બાદ પણ ભારતીય ક્રિકેટ ટીમ પ્રથમ ટેસ્ટમાં જીત મેળવવામાં નિષ્ફળ રહી છે. વેલિંગ્ટનના બેસિન રિઝર્વ મેદાન પર ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાયેલી પ્રથમ ટેસ્ટ પાંચમા દિવસે ડ્રો જાહેર કરવામાં આવી હતી. એક સમયે ભારતીય ટીમ જીતની નજીક પહોંચી ગઈ હતી, પરંતુ ન્યૂઝીલેન્ડના બેટરોએ અસાધારણ ધૈર્ય અને સંયમ દાખવીને મેચ બચાવી લીધી હતી.

ભારતે પ્રથમ દાવમાં ૯ વિકેટે ૭૨૦ રન બનાવી દાવ જાહેર કર્યો હતો. જવાબમાં ન્યૂઝીલેન્ડે પ્રથમ દાવમાં ૩૬૮ રન બનાવ્યા હતા. આ રીતે ભારતને ૩૫૨ રનની વિશાળ સરસાઈ મળી હતી. બીજા દાવમાં ભારતીય બોલરોએ ન્યૂઝીલેન્ડની પાંચ વિકેટ ઝડપી હતી, પરંતુ અંતિમ પાંચ વિકેટ મેળવી શક્યા નહોતા. ન્યૂઝીલેન્ડે ૧૨૦ ઓવરમાં ૫ વિકેટે ૨૩૯ રન બનાવી મેચ ડ્રો કરાવી હતી.

પાંચમા દિવસની શરૂઆત ન્યૂઝીલેન્ડે ૨ વિકેટે ૧૧૯ રનથી કરી હતી. ભારતને જીત માટે આઠ વિકેટની જરૂર હતી. ભારતીય બોલરોએ શરૂઆતમાં દબાણ વધાર્યું હતું. ડેવોન કોનવે અને રચિન રવીન્દ્રની વિકેટ ઝડપ્યા બાદ ટોમ બ્લંડેલ પણ પેવેલિયન પરત ફર્યો હતો. એક સમયે ન્યૂઝીલેન્ડનો સ્કોર ૧૭૬ રને પાંચ વિકેટ થઈ ગયો હતો. પરંતુ ત્યારબાદ ડેરિલ મિચેલ અને ગ્લેન ફિલિપ્સે ભારતીય બોલરો સામે મજબૂત દીવાલ ઊભી કરી હતી. બંનેએ છઠ્ઠી વિકેટ માટે અણનમ ૬૩ રનની ભાગીદારી નોંધાવી હતી. આ ભાગીદારી માટે બંનેએ ૪૩ ઓવર સુધી બેટિંગ કરી હતી. મિચેલે ૧૮૬ બોલમાં અણનમ ૪૯ રન બનાવ્યા હતા, જ્યારે ફિલિપ્સે ૧૨૬ બોલમાં અણનમ ૨૬ રનનું યોગદાન આપ્યું હતું. બંને બેટરોએ વિકેટ સાચવી રાખવાની રણનીતિ અપનાવીને ભારતની જીતની આશા પર પાણી ફેરવી દીધું હતું.

પાંચમા દિવસના પ્રથમ સત્રમાં ભારતીય બોલરોએ બે મહત્ત્વપૂર્ણ વિકેટ મેળવી હતી. વોશિંગ્ટન સુંદરે ડેવોન કોનવેને ૬૫ રને આઉટ કર્યો હતો. ત્યારબાદ પ્રસિદ્ધ કૃષ્ણાએ રચિન રવીન્દ્રને ૩૭ રને પેવેલિયન મોકલ્યો હતો.

ત્યારબાદ અંશુલ કમ્બોજે ટોમ બ્લંડેલની વિકેટ મેળવી ભારતને પાંચમી સફળતા અપાવી હતી. આ સમયે ભારત જીતની નજીક જણાતું હતું, પરંતુ મિચેલ અને ફિલિપ્સની જોડીએ આખરી સત્રમાં વિકેટ ગુમાવી નહીં. પરિણામે બંને ટીમોએ ડ્રો સાથે સંતોષ માનવો પડ્યો હતો.

ભારતની પ્રથમ ઈનિંગમાં બેટરોએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. કેએલ રાહુલે ૨૯૦ બોલમાં ૧૩૬ રનની ધીરજભરી ઈનિંગ રમી હતી. તેની ઈનિંગમાં નવ ચોગ્ગા અને બે છગ્ગાનો સમાવેશ થયો હતો. બીજી તરફ ઋષભ પંતે આક્રમક બેટિંગ કરતાં ૧૫૩ બોલમાં ૧૨૮ રન ફટકાર્યા હતા. તેણે ૧૦ ચોગ્ગા અને છ છગ્ગા ફટકાર્યા હતા. શુભમન ગિલ ૯૮ રન બનાવી સદીથી માત્ર બે રન દૂર રહી ગયો હતો.

યશસ્વી જાયસ્વાલે ૮૫, દેવદત્ત પડિક્કલે ૮૦ અને ધ્રુવ જુરેલે ૭૮ રનનું યોગદાન આપ્યું હતું.

આ તમામ બેટરોના શાનદાર પ્રદર્શનના આધારે ભારતે ૧૬૬ ઓવરમાં નવ વિકેટે ૭૨૦ રન બનાવી દાવ જાહેર કર્યો હતો. ન્યૂઝીલેન્ડની ધરતી પર ટેસ્ટ ક્રિકેટમાં ભારતનો આ અત્યાર સુધીનો સૌથી મોટો સ્કોર છે. ન્યૂઝીલેન્ડની પ્રથમ ઈનિંગની શરૂઆત અત્યંત ખરાબ રહી હતી. એક સમયે ટીમે માત્ર ૭૦ રનમાં પાંચ વિકેટ ગુમાવી દીધી હતી. જોકે, ત્યારબાદ હેનરી નિકોલ્સ અને ગ્લેન ફિલિપ્સે છઠ્ઠી વિકેટ માટે ૨૧૬ રનની મહત્ત્વપૂર્ણ ભાગીદારી નોંધાવી હતી.

નિકોલ્સે અણનમ ૧૭૫ રન બનાવ્યા હતા, જ્યારે ફિલિપ્સે ૧૧૮ રનની સદી ફટકારી હતી. બંનેની શાનદાર બેટિંગના કારણે ન્યૂઝીલેન્ડ પ્રથમ ઈનિંગમાં ૩૬૮ રન સુધી પહોંચી શક્યું હતું. ભારત તરફથી જસપ્રીત બુમરાહે ચાર વિકેટ ઝડપી હતી. આકાશદીપે ત્રણ, અંશુલ કમ્બોજે બે અને પ્રસિદ્ધ કૃષ્ણાએ એક વિકેટ મેળવી હતી.

PM મોદીએ બાલેન શાહનાં કર્યા વખાણ

નેપાળ માટે ભારતનું ૨૪ હજાર કરોડ નેપાળી રૂપિયાનું વિકાસ પેકેજ જાહેર

દ્વિપક્ષીય બેઠક બાદ અયોધ્યા-જનકપુર ટ્રેનને લીલી ઝંડી; PM મોદી બોલ્યા, નેપાળ વિના અમારા રામ અધૂરા છે



(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૩

ભારત અને નેપાળ વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને નવી ઊંચાઈ આપવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને નેપાળના વડાપ્રધાન બાલેન શાહ વચ્ચે દિલ્હીના હૈદરાબાદ હાઉસ ખાતે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠક દરમિયાન ભારતે નેપાળના પુનર્નિર્માણ અને લાંબા ગાળાના વિકાસ માટે ૨૪ હજાર કરોડ નેપાળી રૂપિયાના વિકાસ સહયોગ પેકેજની જાહેરાત કરી હતી. બેઠક બાદ બંને દેશના વડાપ્રધાનોએ અયોધ્યા-જનકપુર ટ્રેન સેવાને લીલી ઝંડી આપી હતી.

નેપાળના વડાપ્રધાન બન્યા બાદ બાલેન શાહની આ પ્રથમ ભારત મુલાકાત છે. સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ દરમિયાન વડાપ્રધાન મોદીએ બાલેન શાહના નેતૃત્વ અને તેમના વિઝનની પ્રશંસા કરી હતી. વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, થોડા મહિના પહેલાં જ્યારે બાલેન શાહે વિશ્વના સૌથી યુવા વડાપ્રધાન તરીકે સંયુક્ત રાષ્ટ્રમાં સંબોધન કર્યું હતું ત્યારે તેમની દૂરંદેશીની ઝલક જોવા મળી હતી. છેલ્લા કેટલાક કલાકોની વાતચીત દરમિયાન નેપાળના ભવિષ્ય અને ભારત-નેપાળ સંબંધો અંગે તેમનું સ્પષ્ટ વિઝન અને પ્રતિબદ્ધતા અનુભવાઈ છે.

વડાપ્રધાન મોદીએ નેપાળ માટે ૨૪ હજાર કરોડ નેપાળી રૂપિયાના વિકાસ સહયોગ પેકેજની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, ભારત અને નેપાળ વચ્ચેનો સંબંધ માત્ર બે પડોશી દેશો વચ્ચેનો સંબંધ નથી, પરંતુ પરસ્પર વિશ્વાસ, સંસ્કૃતિ અને આત્મીયતાથી જોડાયેલો છે.

તેમણે નેપાળમાં ઓગસ્ટ મહિનામાં આવેલા વિનાશક પૂરને કારણે થયેલી જાનહાનિ અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું. સાથે જ નેપાળના પુનર્નિર્માણ અને લાંબા ગાળાના વિકાસમાં ભારત સતત સહયોગ આપશે તેવી ખાતરી આપી હતી. પીએમ મોદીએ કહ્યું હતું કે, ભારત હંમેશાં મજબૂત અને સમૃદ્ધ નેપાળની વિકાસયાત્રામાં ભાગીદાર રહ્યું છે અને ભવિષ્યમાં પણ આ સહયોગ ચાલુ રહેશે.

ભારત અને નેપાળ વચ્ચે ધાર્મિક તથા સાંસ્કૃતિક સંબંધોને વધુ મજબૂત બનાવવાના પ્રયાસરૂપે બંને વડાપ્રધાનોએ અયોધ્યા-જનકપુર ટ્રેન સેવાને લીલી ઝંડી આપી હતી.

આ રેલ સેવા શરૂ થવાથી બંને દેશના નાગરિકો માટે ધાર્મિક પ્રવાસ વધુ સરળ બનશે. વડાપ્રધાન મોદીએ ભગવાન રામ અને માતા સીતાના સંબંધનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે, બંને દેશો વચ્ચેનો સંબંધ સહિયારા ઈતિહાસ, શ્રદ્ધા અને સંસ્કૃતિથી જોડાયેલો છે. તેમણે ભાવુક શબ્દોમાં જણાવ્યું હતું કે, નેપાળ વિના અમારા રામ અધૂરા છે. નવી ટ્રેન સેવા દ્વારા શ્રદ્ધાળુઓ માટે માતા સીતાની જન્મભૂમિ જનકપુર સુધી પહોંચવું વધુ સરળ બનશે.

દ્વિપક્ષીય બેઠક દરમિયાન બંને દેશોએ વિકાસ સહયોગ અને પરસ્પર સંબંધોને વધુ મજબૂત બનાવવાના મુદ્દે ચર્ચા કરી હતી. ભારતે નેપાળની પ્રગતિમાં ભાગીદાર બનવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ મુલાકાતને ભારત અને નેપાળ વચ્ચેના રાજદ્વારી, સાંસ્કૃતિક અને આર્થિક સંબંધોની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. વિકાસ પેકેજ અને નવી રેલ સેવા બંને દેશો વચ્ચેના સહકારને નવું પરિમાણ આપી શકે છે.

નેપાળના PM બાલેન્દ્ર શાહે કહ્યું

ભારત અમારો વિશ્વાસુ પાડોશી, મુશ્કેલ સમયમાં હંમેશા પહેલા મદદે આવ્યું



(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૩

નવી દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની મુલાકાત અને પ્રતિનિધિમંડળ સ્તરની વાતચીત બાદ નેપાળના વડાપ્રધાન બાલેન્દ્ર શાહે ભારતનો આભાર માન્યો છે. તેમણે ભારતને 'ભરોસાપાત્ર અને વિશ્વાસુ' પાડોશી ગણાવતા કહ્યું કે, 'મુશ્કેલ સમય અને કુદરતી આફતોમાં ભારત હંમેશા સૌથી પહેલા મદદ માટે આગળ આવ્યું છે.' સંયુક્ત મીડિયા નિવેદન દરમિયાન તેમણે બંને દેશોના સંબંધોનો પાયો પરસ્પર સન્માન, વિશ્વાસ અને સદ્ભાવના હોવાનું જણાવતા પીએમ મોદીના આમંત્રણ અને ઉષ્માભરી આગતા-સ્વાગતા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

બાલેન્દ્ર શાહે જણાવ્યું કે, 'બંને દેશો વચ્ચે સદીઓ જૂના ઐતિહાસિક સંબંધોને વધુ મજબૂત અને આધુનિક બનાવવા માટે વાતચીત થઈ છે. આ ચર્ચા ખુલ્લા મને, અર્થપૂર્ણ અને ભવિષ્યલક્ષી રહી હતી, જેમાં સહયોગના વિવિધ ક્ષેત્રોમાં મહત્ત્વપૂર્ણ સમજૂતી થઈ છે તથા મુખ્ય માળખાકીય પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ પણ કરાયો છે. આ સમજૂતી અને પ્રોજેક્ટ્સના પરિણામો ખેડૂતોની સમૃદ્ધિ, યુવાનો માટે રોજગાર અને તકો, વિદ્યાર્થીઓના સપના તેમજ ઉદ્યોગસાહસિકો માટે નવા બજારો અને રોકાણના માર્ગ ખોલનારા હોવા જોઈએ.'

નેપાળના વડાપ્રધાને બંને દેશો વચ્ચેના ઐતિહાસિક, સાંસ્કૃતિક અને સભ્યતાગત સંબંધોને ભગવાન રામ અને માતા જાનકીના પવિત્ર યુગ સાથે જોડ્યા હતા. તેમણે કહ્યું કે, 'હિમાલયમાંથી નીકળીને ગંગામાં ભળતી સ્વચ્છ નદીઓ આપણા ભવિષ્યની યાદ અપાવે છે અને ક્લાઈમેટ ચેન્જના પડકારોનો સામનો કરવા સામૂહિક પગલાં લેવાની જરૂરિયાત દર્શાવે છે.' સોમવારે રેલ કનેક્ટિવિટીના ઉદ્ઘાટનનો ઉલ્લેખ કરતાં બાલેન્દ્ર શાહે જણાવ્યું કે, આ પગલું દ્વિપક્ષીય સંબંધોને વધુ જીવંત બનાવવાની દિશામાં મહત્ત્વપૂર્ણ છે. તેમણે ઐતિહાસિક સંબંધોને પરસ્પર વિશ્વાસ, સહયોગ અને સહિયારી સમૃદ્ધિ આધારિત વિકાસ ભાગીદારીમાં બદલવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. અંતમાં, તેમણે નેપાળના તમામ નાગરિકો વતી પીએમ મોદીને નેપાળ આવવાનું આમંત્રણ આપ્યું અને બંને દેશો વચ્ચેની મિત્રતા તથા સમૃદ્ધિ સતત વધતી રહે તેવી શુભેચ્છા પાઠવી હતી.

બિસલેરીના પાણીના સેમ્પલમાં ખામીનો મામલો ગરમાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૩

દેશભરમાં બોટલબંધ પીવાના પાણી માટે જાણીતી બિસલેરી કંપનીના પાણીના સેમ્પલને લઈને વિવાદ ઊભો થયો છે. ભારતીય ખાદ્ય સુરક્ષા અને માનક પ્રાધિકરણ (FSSAI) દ્વારા કરવામાં આવેલી તપાસમાં કંપનીના એક સેમ્પલમાં બ્રોમેટનું પ્રમાણ નિયત મર્યાદા કરતાં વધુ નોંધાયું હોવાનું સામે આવ્યું છે. ત્યારબાદ રેફરલ લેબોરેટરીમાં કરવામાં આવેલી તપાસમાં પણ અન્ય ગુણવત્તા સંબંધિત ખામીનો ઉલ્લેખ થતાં પાણીના સેમ્પલને અસુરક્ષિત ગણવામાં આવ્યું છે. આ મામલે કંપની વિરુદ્ધ કાર્યવાહી કરવાની મંજૂરી આપવામાં આવી હોવાનું અહેવાલમાં જણાવાયું છે. જોકે, બિસલેરી કંપનીએ આ મામલે સ્પષ્ટતા કરતાં આરોપોનું ખંડન કર્યું છે. FSSAIની તપાસ અનુસાર, બિસલેરીના પાણીના એક સેમ્પલમાં બ્રોમેટનું પ્રમાણ પ્રતિ લિટર ૧૨ માઈક્રોગ્રામ નોંધાયું હતું, જ્યારે તેની નિયત મર્યાદા ૧૦ માઈક્રોગ્રામ પ્રતિ લિટર છે. ત્યારબાદ ફરીથી કરવામાં આવેલી તપાસમાં પણ આ બાબતની પુષ્ટિ થઈ હતી. કંપની દ્વારા અપીલ કરવામાં આવ્યા બાદ સેમ્પલને રેફરલ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યું હતું. ત્યાં બ્રોમેટનું પ્રમાણ નિયત મર્યાદામાં હોવાનું નોંધાયું હતું, પરંતુ પોલિસાયક્લિક એરોમેટિક હાઈડ્રોકાર્બન્સ (PAHs) નામના તત્ત્વોની હાજરીનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ પરિણામના આધારે સેમ્પલને ફરી અસુરક્ષિત ગણવામાં આવ્યું હોવાનું અહેવાલમાં જણાવાયું છે. પરિણામે ખાદ્ય સુરક્ષા અને માનક અધિનિયમ હેઠળ કંપની સામે કાર્યવાહી માટે મંજૂરી આપવામાં આવી છે.

FSSAIના અહેવાલ બાદ બિસલેરી કંપનીએ પોતાનો પક્ષ રજૂ કર્યો હતો. કંપનીના જણાવ્યા અનુસાર, આ સમગ્ર મામલો આશરે ૧૪ મહિના જૂનો છે. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ FSSAI દ્વારા ગોવા સ્થિત કંપનીના ઉત્પાદન એકમમાંથી પાણીનાં છ સેમ્પલ લેવામાં આવ્યાં હતાં. પ્રાથમિક તપાસમાં છમાંથી પાંચ સેમ્પલ પાસ થયાં હતાં, જ્યારે એક સેમ્પલમાં બ્રોમેટનું પ્રમાણ ૧૨ માઈક્રોગ્રામ પ્રતિ લિટર નોંધાયું હતું.

કંપનીએ ૨૨ નવેમ્બર, ૨૦૨૫ના રોજ આ પરિણામ સામે અપીલ કરી હતી. ત્યારબાદ સેમ્પલને ફરી તપાસ માટે રેફરલ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યું હતું. કંપનીના દાવા મુજબ, આ તપાસમાં બ્રોમેટનું પ્રમાણ નિયત મર્યાદામાં હોવાનું સામે આવ્યું હતું, જોકે તેમાં PAHsની હાજરીનો ઉલ્લેખ કરાયો હતો.

બિસલેરીના જણાવ્યા અનુસાર, બંને તપાસનાં પરિણામોમાં તફાવત હોવાથી કંપનીએ FSSAI દ્વારા માન્યતા પ્રાપ્ત સ્વતંત્ર લેબોરેટરીમાં પણ સંબંધિત સેમ્પલની તપાસ કરાવી હતી. આ તપાસમાં બ્રોમેટનું પ્રમાણ નિયત મર્યાદામાં હોવાનું સામે આવ્યું હતું. કંપનીએ ફેબ્રુઆરી, ૨૦૨૬માં સ્વતંત્ર તપાસનો રિપોર્ટ અને સંબંધિત પત્ર FSSAIને સુપરત કર્યા હોવાનો દાવો કર્યો છે. કંપનીએ વધુમાં જણાવ્યું હતું કે ત્યારબાદ FSSAI તરફથી કોઈ સૂચના મળી નહોતી. આથી કંપનીએ મામલો પૂર્ણ થયો હોવાનું માન્યું હતું. કંપનીના દાવા મુજબ, તેને હજુ સુધી ઈ-મેઇલ કે હાર્ડ કોપી મારફતે કોઈ નોટિસ મળી નથી.

બિસલેરી કંપનીએ પોતાના નિવેદનમાં જણાવ્યું છે કે, ગ્રાહકોને સુરક્ષિત પીવાનું પાણી પૂરું પાડવું તેની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. કંપનીના જણાવ્યા અનુસાર, ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન ૧૦ તબક્કાની પ્રક્રિયા અને ૯૦થી વધુ ગુણવત્તા પરીક્ષણો કરવામાં આવે છે. હાલ આ મામલે FSSAIના તપાસ અહેવાલ અને કંપની દ્વારા રજૂ કરવામાં આવેલા સ્વતંત્ર લેબોરેટરીના રિપોર્ટ વચ્ચેના તફાવતને લઈને સવાલો ઊભા થયા છે. પાણીની ગુણવત્તા અંગે અંતિમ હકીકત સ્પષ્ટ કરવા માટે સંબંધિત સત્તાધિકારીઓની આગળની કાર્યવાહી અને સત્તાવાર સ્પષ્ટતા મહત્ત્વપૂર્ણ બની રહેશે.

લતીફ ભટના મોતનો બદલો લેવા હૈદરાબાદને ઉડાવી દેવાની ધમકી

(સંપૂર્ણ સમાચાર સેવા)

હૈદરાબાદ, તા.૨૩

હૈદરાબાદ શહેરમાં બોમ્બ વિસ્ફોટ કરવાની અને ૨૬/૧૧ના મુંબઈ આતંકવાદી હુમલાનું પુનરાવર્તન કરવાની ધમકી આપતો ઈમેલ મળતા સુરક્ષા એજન્સીઓ સતર્ક બની છે અને શહેરભરમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા (LeT) સાથે જોડાયેલો હોવાનો દાવો કરનાર વ્યક્તિએ મોકલેલા આ ધમકીભર્યા ઈમેલ બાદ પોલીસે રવિવારે સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવી દીધી હતી.

હૈદરાબાદ પોલીસ કમિશનર મહેશ ભાગવતે જણાવ્યું હતું કે, શહેરના કેટલાક વિસ્તારોમાં બોમ્બ હુમલાની ધમકી મળતાની સાથે જ તાત્કાલિક સુરક્ષા પગલાં લેવાયા છે. સ્પેશિયલ બ્રાન્ચ દ્વારા તમામ પોલીસ સ્ટેશનો અને વરિષ્ઠ અધિકારીઓને મોકલાયેલા ચેતવણી સંદેશ મુજબ, ધમકી આપનારે હૈદરાબાદમાં હોટેલ ટુરિસ્ટ પ્લાઝા (કાચેગુડા) અને કાચીગુડા રેલવે સ્ટેશનને બોમ્બથી ઉડાવી દેવાની ચીમકી આપી છે, જેનો હેતુ ઓછામાં ઓછા ૩૦૦ લોકોને મારવાનો હોવાનું જણાવાયું છે.

આરોપીએ દાવો કર્યો છે કે ભારતીય સેના દ્વારા તેના નેતા લતીફ ભટ અને અન્ય સહયોગીઓની હત્યાનો બદલો લેવા માટે આ હુમલા કરવામાં આવી રહ્યા છે.

કમિશનરે રવિવારે રાત્રે આપેલા નિવેદનમાં જણાવ્યું હતું કે, શંકાસ્પદ સ્થળોએ તોડફોડ વિરોધી તપાસ હાથ ધરવામાં આવી છે અને જાહેર સલામતી માટે પોલીસની હાજરી વધારાઈ છે. સાયબર ક્રાઈમ પોલીસ ઈમેલ મોકલનારની ઓળખ કરી તેને શોધવા માટે ઝડપથી કાર્યવાહી કરી રહી છે. દરમિયાન, ક્રાઈમ બ્રાંચે તમામ પોલીસ અધિકારીઓને હાઈ એલર્ટ પર રહેવા અને દેખરેખ મજબૂત કરવા સૂચના આપી છે. હોટેલ ટુરિસ્ટ પ્લાઝા અને કાચીગુડા રેલવે સ્ટેશન ઉપરાંત ભીડભાડવાળા જાહેર સ્થળો, હોટલો, રેલવે સ્ટેશન, બસ સ્ટેશન, ધાર્મિક સ્થળો અને અન્ય સંવેદનશીલ સ્થળોએ સઘન પેટ્રોલિંગ, તોડફોડ વિરોધી તપાસ અને શંકાસ્પદ વ્યક્તિઓ, વસ્તુઓ કે વાહનો પર ખાસ નજર રાખવા જણાવાયું છે. પોલીસે નાગરિકોને અફવાઓ પર વિશ્વાસ ન કરવા કે ન ફેલાવવા અને શાંત રહેવાની અપીલ કરી છે, તેમજ કોઈ શંકાસ્પદ વ્યક્તિ કે ત્યજી દેવાયેલી વસ્તુ જણાય તો તાત્કાલિક ૧૧૨ નંબર પર જાણ કરવા અનુરોધ કર્યો છે.

જણાવ્યું ભારતના હાથમાંથી મેચ કેમ સરકી?

પાકિસ્તાન સામે ૪૮ રનથી હાર બાદ કેપ્ટન તિલક વર્માનું દર્દ છલકાયું

કેપ્ટન તિલક વર્માએ હારનું કારણ શાહબાઝની વિકેટ અને મધ્યની ઓવરોમાં સતત વિકેટ પડવાને ગણાવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)

દોહા, તા.૨૩ : રાઈઝિંગ સ્ટાર્સ એશિયા કપ ૨૦૨૬ના હાઈવોલ્ટેજ મુકાબલામાં ભારત-A ને કટ્ટર હરીફ પાકિસ્તાન-A સામે ૪૮ રનથી હારનો સામનો કરવો પડ્યો છે. પાકિસ્તાને ટોસ જીતીને પહેલાં બેટિંગ કરતાં ૪૯.૨ ઓવરમાં ૩૧૩ રન બનાવ્યા હતા. જવાબમાં ભારતીય ટીમ ૪૯.૧ ઓવરમાં ૨૬૫ રને ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારત તરફથી કેપ્ટન તિલક વર્માએ સદી ફટકારી હતી, પરંતુ ૧૪૯ બોલમાં ૧૦૦ રનની (૬૭.૧ સ્ટ્રાઈક રેટ) તેમની અત્યંત ધીમી ઈનિંગ ટીમને જીત અપાવી શકી ન હતી. આ હાર બાદ કેપ્ટન તિલક વર્માએ હારના કારણો પર પોતાની વાત રજૂ કરી અને જણાવ્યું કે આખરે મુકાબલો ભારતના હાથમાંથી ક્યાં સરકી ગયો.

મેચ બાદ પ્રેઝન્ટેશન દરમિયાન ઈન્ડિયા-Aના કેપ્ટન તિલક વર્માએ સ્વીકાર્યું કે, જ્યારે ટીમને રન બનાવવાની ગતિ વધારવાની જરૂર હતી, ત્યારે જ વિકેટ પડતાં સમગ્ર સમીકરણ બગડી ગયું. તિલકે કહ્યું, અભિષેક શર્માએ જે રીતે શરૂઆત કરી હતી અને ત્યારબાદ વચ્ચે શાહબાઝ અહમદે મારી સાથે જે રીતે ભાગીદારી કરી હતી, તે ખૂબ જ મહત્વપૂર્ણ હતી. પરંતુ કમનસીબે જ્યારે અમે ઝડપથી રન બનાવવા માગતા હતા, ત્યારે જ શાહબાઝ આઉટ થઈ ગયા. જો તેઓ માત્ર બે ઓવર વધુ ક્રિઝ પર રોકાયા હોત, તો હું આ મેચ ભારતના પક્ષમાં પૂરી કરી શક્યો હોત.

બીજી ઈનિંગમાં પિચના મિજાજ અને પાકિસ્તાની ફાસ્ટ બોલરોના પ્રદર્શન અંગે વાત કરતાં તિલક વર્માએ કહ્યું, બીજી ઈનિંગની શરૂઆતની ૧૦ ઓવરમાં બોલ થોડો સ્વિંગ થઈ રહ્યો હતો. તેનો શ્રેય પાકિસ્તાનના બંને ફાસ્ટ બોલરોને જાય છે, જેમણે ખૂબ જ સારી લાઈન અને લેન્થ પર બોલિંગ કરી હતી. પરંતુ તેની સાથે જ અમે મધ્યની ઓવરોમાં સતત વિકેટ ગુમાવી દીધી. જો આવું ન થયું હોત, તો અમે આ મુક

ડેલ્ટા એરલાઈન્સમાં ટેકનિકલ ખામીથી અફરાતફરી

કોમ્પ્યુટર સિસ્ટમ ખોરવાતા અમેરિકાની ડેલ્ટાની 3,૫૦૦ ફ્લાઇટ મોડી, હજારો મુસાફરો પરેશાન

વિમાનના વજન અને સંતુલનની સિસ્ટમ બંધ થતાં કર્મચારીઓએ હાથેથી ગણતરી કરી, મુસાફરોને રિફંડની ઓફર અપાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૩

અમેરિકાની ડેલ્ટા એરલાઈન્સની ટેકનિકલ ખામીને કારણે હજારો મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો. એરલાઈન્સની એક કોમ્પ્યુટર સિસ્ટમ કામ કરતી બંધ થઈ ગઈ હતી. તેના કારણે અમેરિકાના અનેક મોટા એરપોર્ટ પર કુલ 3,500 ફ્લાઇટ મોડી પડી હતી. આ સમસ્યાને કારણે વિમાનોને ઉડાન ભરતા પહેલાં જરૂરી ગણતરીઓ હાથેથી કરવી પડી હતી. આ ખામી એરલાઈન્સની એવી સિસ્ટમમાં આવી હતી, જે વિમાનનું વજન અને સંતુલન નક્કી કરે છે. આ સિસ્ટમ દ્વારા વિમાનમાં મુસાફરો, સામાન, ઈંધણ અને અન્ય માલસામાનનું કુલ વજન કેટલું છે તેની જાણ થાય છે. તેમજ વિમાનમાં વજન યોગ્ય રીતે વહેંચાયેલું છે કે નહીં તે પણ તપાસવામાં આવે છે.

13 નવેમ્બરના રોજ અમેરિકાની ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (FAA)ની સિસ્ટમમાં ખામી સર્જાઈ હતી. તેના કારણે દેશભરમાં લગભગ પાંચ કલાક સુધી ફ્લાઇટ્સ રોકવી પડી હતી. આ દરમિયાન 18 હજારથી વધુ ફ્લાઇટ પ્રભાવિત થઈ હતી. જોકે, ડેલ્ટા એરલાઈન્સ અને FAAની સિસ્ટમમાં સર્જાયેલી ખામી પાછળ સાયબર હુમલાની કોઈ શક્યતા સામે આવી નથી.

આ ટેકનિકલ ખામીની અસર અમેરિકાના અનેક મોટા એરપોર્ટ પર પડી હતી. જેમાં એટલાન્ટાનું હાર્ટ્સફિલ્ડ-જેક્સન ઈન્ટરનેશનલ એરપોર્ટ અને ન્યૂયોર્કનું લાગાર્ડિયા એરપોર્ટ સામેલ છે.

અમેરિકાની ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (FAA)એ એટલાન્ટા આવતી ફ્લાઇટ્સને લગભગ એક કલાક સુધી રોકી હતી. આ સમય દરમિયાન વિમાનોને ઉડાન ભરવાની કે એટલાન્ટા પહોંચવાની મંજૂરી આપવામાં આવી ન હતી. બાદમાં આ પ્રતિબંધ હટાવી લેવામાં આવ્યો હતો, પરંતુ ફ્લાઇટ્સમાં વિલંબ યથાવત રહ્યો હતો.

ડેલ્ટા એરલાઈન્સે જણાવ્યું હતું કે, કોમ્પ્યુટર સિસ્ટમ ઠીક થાય ત્યાં સુધી તેના કર્મચારીઓ હાથેથી વિમાનના વજન અને સંતુલનની ગણતરી કરી રહ્યા હતા. કંપનીના ટેકનિકલ કર્મચારીઓ સિસ્ટમને ફરી કાર્યરત કરવા માટે કામ કરી રહ્યા હતા. બાદમાં એરલાઈન્સે માહિતી આપી હતી કે સિસ્ટમ ફરીથી કામ કરવા લાગી છે.

ડેલ્ટા એરલાઈન્સના જણાવ્યા અનુસાર, રવિવારે તેની અને ડેલ્ટા કનેક્શનની મળીને લગભગ 5,000 ફ્લાઇટ્સ નિર્ધારિત હતી. ફ્લાઇટ ટ્રેકિંગ વેબસાઈટ FlightAwareના આંકડા અનુસાર, ફ્લાઇટ્સમાં વિલંબ અને રદ થવાની લગભગ 70 ટકા ઘટનાઓ આ ટેકનિકલ ખામી સાથે સંબંધિત હતી. બાકીની ફ્લાઇટ્સ પર ખરાબ હવામાન અને ન્યૂયોર્ક સહિત અમેરિકાના ઉત્તરપૂર્વીય વિસ્તારોમાં હવાઈ ટ્રાફિક સંબંધિત સમસ્યાઓની અસર પડી હતી. એરલાઈન્સે મુસાફરોની માફી માગી હતી. અસરગ્રસ્ત મુસાફરોને આગામી ઉપલબ્ધ ફ્લાઇટ્સમાં જગ્યા આપવામાં આવી હતી. જરૂરિયાત મુજબ ભોજન અને હોટેલની સુવિધા પણ આપવામાં આવી હતી. જે મુસાફરોની ફ્લાઇટ રદ થઈ હતી અને હવે મુસાફરી કરવા માગતા નહોતા, તેમને ટિકિટના પૈસા પરત કરવાની ઓફર કરવામાં આવી હતી.

FAAએ સ્પષ્ટ કર્યું હતું કે, આ ટેકનિકલ ખામી માત્ર ડેલ્ટા એરલાઈન્સની સિસ્ટમમાં જ હતી. તેનો હવાઈ ટ્રાફિકનું નિયંત્રણ કરતા સરકારી સિસ્ટમ સાથે કોઈ સંબંધ ન હતો. એટલાન્ટા એરપોર્ટે પણ જણાવ્યું હતું કે, ફ્લાઇટમાં વિલંબની અસર માત્ર ડેલ્ટાની ફ્લાઇટ્સ પર જ પડી હતી, સમગ્ર એરપોર્ટની કામગીરી પ્રભાવિત થઈ ન હતી.

વર્તમાન પ્રવાહ CORPORATE NEWS

સાગર ડિફેન્સ એન્જિનીયરિંગ લિ. ૩.૩,૪૧૨ કરોડ સુધીના આઇપીઓ માટે સેબીમાં યુડીઆરએચપી-૧ ફાઇલ કર્યું

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

સુરત, તા.૨૩

સંરક્ષણ, કમર્શિયલ અને વૈજ્ઞાનિક ઉપયોગિતાઓ માટે મુંબઈમાં હેડક્વાર્ટર ધરાવતી ટેકનોલોજી-સંચાલિત કંપની સાગર ડિફેન્સ એન્જિનીયરિંગ લિમિટેડે પોતાના આઈપીઓ માટે સેબી પાસે યુડીઆરએચપી-૧ ફાઇલ કર્યું છે. ઈક્વિટી શેરોના બીએસઈ અને એનએસઈ પર લિસ્ટ કરવાનો પ્રસ્તાવ છે, જે માટે કંપનીને સૈદ્ધાંતિક મંજૂરી મળી ગઈ છે.

આ પબ્લિક ઓફરમાં રૂ.૨ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેરનો રૂ.૧,૨૦૦ કરોડ સુધીનો ફ્રેશ ઇશ્યૂ અને રૂ.૨,૨૧૨ કરોડ સુધીના ઈક્વિટી શેરોના વેચાણની ઓફર શામેલ છે. આ રીતે કુલ ઓફરનું કદ રૂ.૩,૪૧૨ કરોડ સુધી થાય છે. વેચાણ માટે ઓફરમાં પ્રમોટર વિક્રેતા શેરધારકો (નિકુંજ પરાશર, મૃદલ બબ્બર, લક્ષ્ય ડાંગ, સૌરભ અવિનાશ પાટિલ, અંકિત કુમાર, અમિત સિંગળા અને મનોજ કનૈયાલાલ અગ્રવાલ) તરફથી રૂ.૯૭૦ કરોડ સુધી, પ્રમોટર ગ્રૂપ વિક્રેતા શેરધારકો તરફથી રૂ.૪૮૦ કરોડ અને અન્ય વિક્રેતા શેરધારકો તરફથી રૂ.૭૬૨ કરોડ સુધીના શેર શામેલ છે. યુડીઆરએચપી-૧ ફાઇલ કરે એ અગાઉ કંપનીએ બુક રનિંગ લીડ મેનેજરો સાથે મળીને કુલ રૂ. ૩૦૦ કરોડના પ્રી-આઈપીઓ પ્લેસમેન્ટ પૂર્ણ કર્યું હતું.

ઇશ્યૂના બુક રનિંગ લીડ મેનેજરો જેએમ ફાઇનાન્શિયલ લિમિટેડ, આઇઆઇએફએલ કેપિટલ સર્વિસીસ લિમિટેડ, કોટક મહિન્દ્રા કેપિટલ કંપની લિમિટેડ અને યુબીએસ સીક્યોરિટીઝ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ છે.

કેનેડાના વોલમાર્ટ પાર્કિંગમાં ગોળીબાર, ભારતીય મૂળના યુવક-યુવતીનાં મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)

સરે, તા.૨૩

વિદેશમાં ભારતીયોની હત્યાની ઘટનાઓ સતત વધી રહી છે. ફરી એક આવી જ ઘટના કેનેડામાં બની છે. કેનેડાના બ્રિટિશ કોલંબિયા પ્રાંતના સરે શહેરમાં આવેલા એક વોલમાર્ટ સ્ટોરના પાર્કિંગમાં થયેલા જીવલેણ ગોળીબારમાં ભારતીય મૂળના એક યુવક અને યુવતીના મોત થયા હોવાનું પ્રકાશમાં આવ્યું છે. પોલીસના મતે આ એક પૂર્વઆયોજિત હુમલો હોઈ શકે છે અને તેનો સંબંધ સંગઠિત અપરાધ સાથે જોડાયેલો હોવાની આશંકા છે. જેથી તે દિશામાં તપાસ શરૂ કરી દેવામાં આવી છે.

વિગતે વાત કરવામાં આવે તો, મૃતકોની ઓળખ ૨૩ વર્ષીય ગગનપ્રીત (ગેરી) રેહલ અને ૨૪ વર્ષીય સુખજીત કૌર તરીકે થઈ છે. બંને નજીકના ડેલ્ટા ટાઉનશીપના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. ૧૫ નવેમ્બરની રાત્રે લગભગ ૧૦:૩૮ વાગ્યે વોલમાર્ટ સ્ટોરના પાર્કિંગ વિસ્તારમાં ગોળી વાગેલી હાલતમાં બંને મળી આવ્યા હતા.

સરે પોલીસ સર્વિસના જણાવ્યા પ્રમાણે, ઈમરજન્સી મેડિકલ ટીમે હોસ્પિટલ ખસેડતા પહેલા ઘટનાસ્થળે જ બંનેનો જીવ બચાવવાના પ્રયાસો કર્યા હતા, પરંતુ તેઓ બચી શક્યા નહીં અને તેમને મૃત જાહેર કરવામાં આવ્યાં હતાં. આ વિસ્તારમાં થતા ગંભીર હત્યાના કેસોની તપાસ કરતી 'ઈન્ટિગ્રેટેડ હોમિસાઈડ ઈન્વેસ્ટિગેશન ટીમ' એ આ સમગ્ર મામલાની તપાસ સંભાળી લીધી છે. ગોળીબારની ઘટનાના આશરે ૧૩ મિનિટ બાદ એક વાહનમાં આગ લાગવાની ઘટના પણ સામે આવી છે. તપાસ એજન્સીઓ એ દિશામાં પણ તપાસ કરી રહી છે કે આ બળી ગયેલી કારનો આ ગોળીબાર સાથે કોઈ સીધો સંબંધ છે કે કેમ? આ પહેલા પણ અમેરિકા અને કેનેડા સહિત વિશ્વના કેટલાક દેશોમાં ભારતીય નાગરિકોની હત્યાઓ કરવામાં આવેલી છે. આ ઘટનાઓ સતત વધી રહી છે. વિદેશમાં રહેતા ભારતીયો જેતે દેશમાં પોતાને સુરક્ષિત અનુભવ કરે એ જરૂરી છે. ખાસ કરીને કેનેડા અને અમેરિકામાં હત્યાની ઘટનાઓ વધી રહી છે.

ડ્રગ કાર્ટેલ ચીફની ધરપકડથી મેક્સિકોમાં હિંસા

સિનાલોઆ રાજ્યમાં સુરક્ષા દળો અને કાર્ટેલ સભ્યો વચ્ચે અથડામણ, વાહનો-દુકાનો સળગાવાયાં, નાગરિકોમાં ફફડાટ ફેલાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)

ગુઆસાવે, તા.૨૩

મેક્સિકોના સિનાલોઆ રાજ્યમાં કુખ્યાત ડ્રગ કાર્ટેલના સરદાર ઈસિદ્રો મેઝા ફ્લોરેસ ઉર્ફે અલ ચાપો ઈસિદ્રોની ધરપકડ પછી ભયાનક હિંસા ફાટી નીકળી હતી. આ અથડામણોમાં સાત શંકાસ્પદ કાર્ટેલ સભ્યો અને ચાર મેક્સિકન સૈનિકો સહિત ઓછામાં ઓછા ૧૧ લોકોના મોત થયા હતા.

અમેરિકાની એફબીઆઈની મોસ્ટ વોન્ટેડ યાદીમાં સામેલ આ ગુનેગારને શનિવારે પકડીને મેક્સિકો સિટી લઈ જવામાં આવ્યો હતો. ગુઆસાવે શહેરમાં શુક્રવારે રાત્રે આશરે સાત કલાકે કાર્ટેલના સભ્યો અને સુરક્ષા દળો વચ્ચે ભારે ગોળીબાર થયો હતો. શહેરમાં સૈન્ય હેલિકોપ્ટર અને ડ્રોન દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. અનેક વાહનો અને દુકાનો સળગાવી દેવામાં આવ્યા હતા. કાર્ટેલે રસ્તાઓ પર ઓછામાં ઓછા દસ અવરોધો ઊભા કર્યા હતા. ભયભીત નાગરિકોએ ગોળીબારથી બચવા દુકાનો અને અન્ય સ્થળોએ આશરો લીધો હતો.

મેઝા ફ્લોરેસ બેલ્ટ્રાન લેયવા કાર્ટેલનો મુખ્ય નેતા હતો અને પછી તેણે પોતાની ગુનાહિત ગેન્ગ સ્થાપી હતી. અમેરિકા દ્વારા તેની ધરપકડ માટે પચાસ લાખ ડોલરનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું. ડ્રગ્સની હેરાફેરી અને ગેરકાયદે હથિયારો રાખવાના આરોપો હેઠળ તે વોન્ટેડ હતો. અમેરિકી ગુપ્તચર માહિતીની મદદથી મેક્સિકન સત્તાવાળાઓએ તેને ઝડપી લીધો હતો. બંને દેશોએ આ કાર્યવાહીને સુરક્ષા ક્ષેત્રે મોટી સફળતા ગણાવી છે. જો કે નિષ્ણાંતોના મતે કાર્ટેલના મોટા નેતાઓની ધરપકડથી હિંસા અટકવાને બદલે સત્તા માટેની આંતરિક લડાઈ વધી શકે છે. સિનાલોઆમાં વિવિધ કાર્ટેલ જૂથો વચ્ચે પહેલેથી જ વર્ચસ્વની લડાઈ ચાલી રહી છે. વિશ્લેષકો ચેતવણી આપે છે કે માત્ર મુખ્ય નેતાઓને પકડવાથી સમગ્ર ગુનાહિત નેટવર્ક નષ્ટ નથી થતું. તેના શૂટરો, ડ્રગ વેપારીઓ અને રાજકીય તથા પોલીસ સંપર્કો યથાવત રહે છે. તેથી લાંબા ગાળાની શાંતિ હજી પડકારરૂપ છે.

મૂવી ચુસ્કી

'ઈથા' માટે શ્રદ્ધાએ પગમાં ૪ કિલોના ઘૂંઘરૂ બાંધીને લાવણી કલાકારો સાથે તાલીમ લીધી



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

અભિનેત્રી શ્રદ્ધા કપૂર આગામી ફિલ્મ 'ઈથા'માં લાવણી કલાકારની ભૂમિકામાં જોવા મળશે. આ પાત્ર માટે તેણે માત્ર નૃત્યની તાલીમ જ નહીં, પરંતુ લાવણી સાથે જોડાયેલી લાગણીઓ અને અભિવ્યક્તિઓ સમજવા માટે પણ ખાસ મહેનત કરી છે.

ફિલ્મના ગીત 'જી જી રે જી'ના લોન્ચ પ્રસંગે શ્રદ્ધાએ પોતાની તૈયારી વિશે વાત કરી હતી. શ્રદ્ધાએ જણાવ્યું કે, ફિલ્મ સાથે જોડાઈ ત્યારે તેને લાવણી વિશે ખાસ જાણકારી નહોતી. આથી તેણે લાવણી અને તમાશાના કલાકારો સાથે સમય વિતાવ્યો અને અનેક વર્કશોપમાં ભાગ લીધો. આ દરમિયાન વરિષ્ઠ કલાકાર શાકુંતલા જીએ તેને લાવણીમાં ચહેરાના હાવભાવનું મહત્ત્વ સમજાવ્યું હતું. તેમનાં શબ્દો યાદ કરતાં શ્રદ્ધાએ કહ્યું, "પગમાં ઘૂંઘરુ બાંધીને નૃત્ય તો શીખી જશો, પરંતુ ચહેરા પર શું અભિવ્યક્ત કરવાનું છે તે પહેલાં સમજવું પડશે."

શ્રદ્ધાએ દરેક પગમાં ૪ કિલોના ઘૂંઘરુ બાંધીને અભ્યાસ કર્યો હતો. શૂટિંગ દરમિયાન ઈજા થતાં પણ દિગ્દર્શક લક્ષ્મણ ઉટેકર અને નિર્માતા દિનેશ વિજનનો તેને સહયોગ મળ્યો હતો. 'જી જી રે જી' ગીતને અજય-અતુલે સંગીત આપ્યું છે, શ્રેયા ઘોષાલે સ્વર આપ્યો છે અને વૈભવી મર્ચન્ટે કોરિયોગ્રાફી કરી છે. લક્ષ્મણ ઉટેકરના દિગ્દર્શનમાં બનેલી 'ઈથા' ૪ ડિસેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થશે.

દ્રશ્યમ 3 બાદ અજય દેવગન મોટા બજેટની સ્પાય થ્રિલરમાં દેખાશે

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

બોલિવૂડના સૌથી બહુમુખી પ્રતિભા ધરાવતા અભિનેતા અજય દેવગન 'દ્રશ્યમ ૩' ની જબરદસ્ત સફળતા બાદ ફરી એકવાર પોતાના આગામી પ્રોજેક્ટ્સને લઈને ચર્ચામાં છે. તાજેતરના અહેવાલો મુજબ, અજય દેવગન હવે એક મોટા બજેટની સ્પાય થ્રિલર ફિલ્મ દ્વારા મોટા પડદા પર ધૂમ મચાવવા માટે તૈયાર છે. આ બિગ-બજેટ પ્રોજેક્ટ માટે અજય દેવગને હિન્દી સિનેમાના જાણીતા નિર્માતા અને ટી-સીરીઝના વડા ભૂષણ કુમાર સાથે ફરી એકવાર હાથ મિલાવ્યા છે. બોલિવૂડમાં સ્પાય-થ્રિલર ફિલ્મોની સતત વધતી લોકપ્રિયતા વચ્ચે હવે અજય દેવગન પણ આ જોનરમાં એન્ટ્રી કરવા જઈ રહ્યા છે.

'બોલિવૂડ હંગામા'ના અહેવાલ અનુસાર, આ ફિલ્મમાં અજય દેવગન એક સ્પાય એજન્ટની ભૂમિકામાં જોવા મળશે, જે એક અત્યંત જોખમી ગુપ્ત મિશનને અંજામ આપશે. ભૂષણ કુમારના પ્રોડક્શન હેઠળ બનનારી આ મોટા બજેટની ફિલ્મ માટે અજય દેવગને પોતાની સંમતિ આપી દીધી છે. જોકે, ફિલ્મની વાર્તા કે પ્લોટ અંગેની વિગતો હજુ સુધી ગુપ્ત રાખવામાં આવી છે અને ચાહકો આ નવા પ્રોજેક્ટની સત્તાવાર જાહેરાત તથા શીર્ષકની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

અજય દેવગન અને ભૂષણ કુમારની જોડી અગાઉ પણ બોક્સ ઓફિસ પર અનેક યાદગાર અને સફળ ફિલ્મો આપી ચૂકી છે, જેમાં 'તાન્હાજી', 'દ્રશ્યમ ૨', 'રેઈડ ૨', 'દે દે પ્યાર દે ૨' અને 'ધમાલ ૪' જેવી ફિલ્મોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, અજય દેવગન આગામી વર્ષની શરૂઆતમાં કોમેડીનો તડકો લગાવવા માટે પણ તૈયાર છે. 'દ્રશ્યમ ૩' બાદ તેઓ દિગ્દર્શક રોહિત શેટ્ટીની સુપરહિટ કોમેડી ફેન્ચાઈઝીના પાંચમા ભાગ 'ગોલમાલ ૫'માં જોવા મળશે. ઉલ્લેખનીય છે કે આ મલ્ટીસ્ટારર કોમેડી ફિલ્મ ૮ જાન્યુઆરી, ૨૦૨૭ ના રોજ વિશ્વભરના સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે.

GTA 6માં રૂપા બિસ્વાસનું જૂનું ડિસ્કો સોંગ બન્યું ચર્ચાનું કેન્દ્ર

૧૯૮૨માં રિલીઝ થયેલું 'આજ શનિબાર' ગીત GTA 6ના Worldwide FM રેડિયો સ્ટેશનમાં સામેલ થતાં ફરી ચર્ચામાં આવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

GTA 6 ને રોકસ્ટાર ગેઈમ્સ 19 નવેમ્બરના રોજ લોન્ચ કરી હતી. આ ગેમે લોન્ચ થતાની સાથે જ સમગ્ર વિશ્વમાં ધૂમ મચાવી દીધી છે. લોકોમાં તેનો ક્રેઝ એટલી હદે છેકે કંપનીમાંથી રજા લઈને યુવકો ગેમ રમી રહ્યા છે. સામે આવેલી વિગતો અનુસાર ભારતમાં તેના સ્ટાન્ડર્ડ વર્ઝનની કિંમત 5,999 રૂપિયા છે તો અલ્ટિમેટ એડિશનની કિંમત 7,499 રૂપિયા છે. આ ગેમ પ્લેસ્ટેશન સ્ટોર, માઈક્રોસોફ્ટ સ્ટોર અને રિટેલ સ્ટોર્સ પર પણ હાજર છે. આ ગેમની સાથે સાથે એક ગીત પણ ચર્ચમાં આવ્યું છે, જેને લોકો તેનું એંથન સોંગ કહી રહ્યા છે. આ ગીત છે આજ શનિબાર (Aaj Shonibar)' છે અને તેને રુપા બિસ્વાસ ગાયું છે.

હવે GTA 6 જેવા પ્રખ્યાત ગેમ પ્લેલિસ્ટમાં સ્થાન મળવાથી આ ગીતને ઈન્ટરનેશનલ લેવલે ઓળખ મળશે અને નવા શ્રોતા પણ મળશે. તેમના ગાયક રુપા બિસ્વાસની કહાની જણાવે છે કે કોઈ પણ કલાકારનું કામ ભલે સમય સાથે ભૂલાવી દેવામાં આવે પરંતુ તેને કાયમ માટે ખતમ કરી શકાતું નથી.

તમને જણાવી દઈએ કે, રુપા બિસ્વાસ એક બંગાળી ગાયક છે અને તેમનો જન્મ 1955 મા થયો હતો. રુપા બિસ્વાસે શાસ્ત્રીય સંગીતમાં ખુબ મોટુ નામ કમાવ્યું છે. આ ઉપરાંત ડિસ્કો જેજ મ્યુઝિક આલ્બમ દ્વારા અલગ ઓળખ મળી હતી. GTA 6 ના Worldwide FM રેડિયો સ્ટેશન પર વિવિધ દેશો અને સંગીત સ્ટાઈલના ગીતો સાંભળવા મળશે. આ જ પ્લે લીસ્ટમાં રુપા બિસ્વાસનું બંગાળી ડિસ્કો ટ્રેક 'આજ શનિવાર' પણ સામેલ છે. આ ગીત વર્ષ 1982 મા રિલીઝ થયેલ આલ્બમ 'Disco Jazz' નો ભાગ છે. તમને જણાવી દઈએ કે, GTA સિરીઝ તેના રેડીયો સ્ટેશનો દ્વારા જૂના અને નવા સંગીતને ગેમ વર્લ્ડમાં સ્પેસ આપવા માટે જાણીતી છે. 13 વર્ષની લાંબી રાહ જોયા બાદ જીટીએ 6 (GTA 6) ને રિલીઝ કરી દીધી છે. આ વીડિયો ગેમને લઈને સમગ્ર વિશ્વમાં એક અલગ જ માહોલ જોવા મળી રહ્યો છે. જીટીએ 6 મા એક બંગાળી સોંગ છે જે 44 વર્ષ જુનુ છે. આ ગીત ગેમના એંથમ સોંગ તરીકે લોકપ્રીય થઈ રહ્યું છે. આ ગીત એક બંગાળી ડિસ્કો ટ્રેક છે જે હાલમાં GTA 6 ના વર્લ્ડ વાઈડ FM મા સામેલ કરવામાં આવ્યું છે. જો કે જ્યારે વર્ષો પહેલા આ ગીત આવ્યું ત્યારે પસંદ કરવામાં આવ્યું નહોતું. પરંતુ હવે જીટીએ-6 દ્વારા તેમને એક અલગ જ ઓળખ મળી છે.

સોશિયલ મીડિયા બની રહ્યું નવું પ્રભાવકેન્દ્ર : ખરીદીથી મનોરંજન સુધી ભારતીયોની પસંદગી બદલી રહ્યા છે ઇન્ફ્લુએન્સર્સ

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

એક દાયકા પહેલાં ભારતીયોની ખરીદી અને મનોરંજનની પસંદગી પર ફિલ્મી કલાકારો, ટેલિવિઝન અને અખબારોની જાહેરાતોનો પ્રભાવ હતો. જોકે, હવે સોશિયલ મીડિયાનાં વધતા વ્યાપ સાથે આ ચિત્ર બદલાયું છે. ફેશન, ફૂડ, ટેક્નોલોજી, ફિટનેસ અને ફાઇનાન્સ જેવા ક્ષેત્રોનાં ડિજિટલ ક્રિએટર્સ એટલે કે ઇન્ફ્લુએન્સર્સ લોકોની પસંદગી અને નિર્ણયોને પ્રભાવિત કરી રહ્યાં છે. હવે તેમની ભૂમિકા માત્ર મનોરંજન કે પ્રોડક્ટ્સની ભલામણ પૂરતી સીમિત રહી નથી, પરંતુ તેઓ ગ્રાહકની પસંદ-નાપસંદ અને જાહેર ચર્ચાઓનો પણ મહત્ત્વનો હિસ્સો બન્યાં છે.

સ્માર્ટફોન, સ્કિનકેર કે ફેશન પ્રોડક્ટ ખરીદતાં પહેલાં ગ્રાહકો હવે ઇન્ફ્લુએન્સર્સના રિવ્યુ અને સરખામણીને પ્રાધાન્ય આપે છે. ટેક્નોલોજી આધારીત કન્ટેન્ટ ક્રિએટર્સ વિવિધ ગેજેટ્સની વિશેષતાઓ સમજાવીને ગ્રાહકોને ખરીદીનો નિર્ણય લેવામાં મદદ કરે છે. જ્યારે ફેશન ક્રિએટર્સ નવા ટ્રેન્ડ્સ, બ્રાન્ડ્સ અને સ્ટાઇલિંગની જાણકારી આપે છે. કંપનીઓ પણ હવે ગ્રાહકો સુધી પહોંચવા માટે ઇન્ફ્લુએન્સર માર્કેટિંગનો સહારો લઈ રહી છે. પરિચિત ક્રિએટર દ્વારા કરવામાં આવેલી ભલામણ પરંપરાગત જાહેરાત કરતાં વધુ વિશ્વસનીય લાગે છે. જોકે, પેઇડ પ્રમોશન અને સ્પોન્સર્ડ કન્ટેન્ટ અંગે ગ્રાહકોની જાગૃતિ વધતાં પારદર્શિતા પણ મહત્ત્વની બની છે. મનોરંજન ક્ષેત્રે પણ ઇન્ફ્લુએન્સર્સની અસર સ્પષ્ટ દેખાઈ રહી છે. અગાઉ ફિલ્મો અને ગીતોનાં પ્રમોશન માટે ટ્રેલર, ટેલિવિઝન અને અખબારો પર આધાર રાખવો પડતો હતો. હવે રીલ્સ, રિવ્યુ અને રિએક્શન વીડિયો નવી ફિલ્મો, વેબ સિરીઝ અને ગીતોને પ્રેક્ષકો સુધી પહોંચાડવાનું અસરકારક માધ્યમ બન્યાં છે. ડિજિટલ ક્રિએટર્સે ઓરિજિનલ કન્ટેન્ટના આધારે મોટી ફેન ફોલોઇંગ ઊભી કરી છે અને ફિલ્મો તથા વેબ સિરીઝમાં પણ સ્થાન મેળવ્યું છે. એટલું જ નહીં, સોશિયલ મીડિયા ટ્રેન્ડ્સ જુનાં ગીતો અને ફિલ્મોનાં સંવાદોને પણ ફરી લોકપ્રિય બનાવી રહ્યાં છે. કોઈ ગીત રીલમાં ટ્રેન્ડ થાય કે ફિલ્મનો સંવાદ હજારો લોકો દ્વારા ફરી રજૂ થાય તો મૂળ કન્ટેન્ટને નવા પ્રેક્ષકો મળે છે.

ઇન્ફ્લુએન્સર્સનો પ્રભાવ હવે રોજિંદા જીવનમાં પણ જોવા મળે છે. ફૂડ વ્લોગર્સ અજાણી રેસ્ટોરાં અને પ્રાદેશિક વાનગીઓને લોકપ્રિય બનાવે છે, જ્યારે ટ્રાવેલ ક્રિએટર્સ નવાં પ્રવાસન સ્થળો તરફ લોકોનું ધ્યાન દોરે છે. ફિટનેસ ક્રિએટર્સ કસરત, આહાર અને જીવનશૈલી અંગેની માહિતી શેર કરીને ફોલોવર્સની લિફ્સ્ટાઈલને પણ અસર કરે છે. ડિજિટલ ક્રિએટર્સ ફિટનેસ અને પર્સનલ ડેવલપમેન્ટ જેવા વિષયો પર કન્ટેન્ટ રજૂ કરીને મોટો પ્રેક્ષકવર્ગ ધરાવે છે. જોકે, સ્વાસ્થ્ય, ફિટનેસ અને નાણાકીય સલાહ જેવા સંવેદનશીલ વિષયોમાં સાવચેતી જરૂરી છે. દરેક ઇન્ફ્લુએન્સર પાસે નિષ્ણાત લાયકાત હોય જ એવું જરૂરી નથી. તેથી તેમની દરેક સલાહને પ્રમાણિત માહિતી માની લેવી જોખમી બની શકે છે.

ઇન્ફ્લુએન્સર્સ હવે સામાજિક મુદ્દાઓ, વર્તમાન ઘટનાઓ, સંબંધો અને કારકિર્દી જેવા વિષયો પર પણ અભિપ્રાય રજૂ કરી રહ્યાં છે. જટિલ મુદ્દાઓને સરળ ભાષામાં રજૂ કરીને તેઓ એવા વર્ગ સુધી પહોંચે છે, જે પરંપરાગત સમાચાર માધ્યમો સાથે નિયમિત રીતે જોડાયેલો નથી. જોકે, આ જ માધ્યમ દ્વારા અફવાઓ અને બિન ધારભૂત માહિતી પણ ઝડપથી ફેલાઈ શકે છે. તેથી પેઇડ પ્રમોશન, વ્યક્તિગત અભિપ્રાય અને પ્રમાણિત માહિતી વચ્ચેનો તફાવત સમજવો જરૂરી છે.

ચીખલી પોલીસે ટાંકલ ગામે શેરડીના ખેતરમાંથી રૂ.૨.૫૪ લાખના દારૂના જથ્થા સાથે એકની ધરપકડ કરી



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
ચીખલી,(વંકાલ), તા.૨૩

ચીખલી પોલીસે ટાંકલ ગામે શેરડીના ખેતરમાંથી ૨.૫૪ લાખ રૂપિયાના વિદેશી દારૂના જથ્થા સાથે એકની ધરપકડ કરી અન્ય ચાર જેટલાને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી હતી.

ચીખલી પોલીસ મથકનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતો. દરમિયાન પૂર્વ બાતમીના આધારે તાલુકાના ટાંકલ તળાવ ફળીયા ટાંકલથી બોડવાંક જતા રોડ ઉપર તેમજ વાંઝણા શેરડીના ખેતરમાં દારૂનો જથ્થો સગેવગે પૂર્વે જ છાંપો મારી સ્થળ ઉપરથી ભારતીય બનાવટની વિદેશી દારૂની નાની મોટી બોટલ નંગ ૬૫૪ કિ.રૂા.૨,૫૪,૨૨૦/-, કારની કિ.રૂા.૩.૫૦ લાખ,એક નંગ મોબાઈલ કિ.રૂા.૧૦,૦૦૦/- તથા એક નંબર વગરની મોપેડ કિ.રૂા.૨૫,૦૦૦/- મળી કુલ્લે રૂા.૬,૩૯,૨૨૦/-ના મુદ્દામાલ સાથે બ્રિજેશ ચંદુભાઈ ધોડિયા પટેલ (ઉ.વ.૨૮) (રહે.નોગામા પહાડ ફળીયા તા.ચીખલી)ની ધરપકડ કરી હતી.

જ્યારે દારૂ ભરેલ આપનાર હેમલ (રહે. દમણ), દારૂનો જથ્થો મંગાવનાર જયેશ ચીમન પટેલ, નિર્મલ ઉર્ફે કોયો પટેલ (બન્ને રહે. વાંઝણા તા.ચીખલી) તથા મહુવા ખાતે પણ દારૂનો જથ્થો મંગાવનાર જયેશ ચીમન પટેલનો માણસ મળી કુલ ચાર જેટલાને પોલીસ ચોપડે વોન્ટેડ જાહેર કરી ગુનાની વધુ તપાસ પીઆઇ પી.બી.પટેલીયા કરી રહ્યા છે.

ધારાસભ્ય અરવિંદભાઈ પટેલની આગેવાનીમાં ધરમપુર ખાતે દિવાળી-નૂતન વર્ષ સ્નેહમિલન યોજાયું







(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૩

ધરમપુર વિધાનસભા ક્ષેત્રના ભાજપ પરિવાર દ્વારા ધારાસભ્ય તથા ગુજરાત ભાજપના ઉપાધ્યક્ષ શ્રી અરવિંદભાઈ છોટુભાઈ પટેલની આગેવાનીમાં દિવાળી-નૂતન વર્ષ સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. સમારોહમાં ભાજપના હોદ્દેદારો, કાર્યકરો અને આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી વર્ચ્યુઅલી જોડાયા હતા. તેમણે જણાવ્યું હતું કે, ''અન્યના જીવનમાં આશાનો દીપ પ્રજ્વલિત કરીએ તે જ સાચો તહેવાર.'' આ ઉપરાંત ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્મા, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીજીના વર્ચ્યુઅલ સંબોધન દ્વારા કાર્યકરોને માર્ગદર્શન મળ્યું હતું.

સમારોહ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૨૫ વર્ષના શાસન અને જનસેવાની સફર દર્શાવતી વિશેષ વીડિયો રજૂઆત પણ કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી હેમંતભાઈ કંસારા, આદિજાતિ મોરચાના પ્રદેશ મહામંત્રી મહેન્દ્રભાઈ ચૌધરી, જિલ્લા આદિજાતિ મોરચા પ્રમુખ ધનેશભાઈ ચૌધરી, જિલ્લા કિસાન મોરચા પ્રમુખ રૂપેશભાઈ, ધરમપુર તાલુકા સંગઠન પ્રમુખ કેતનભાઈ, ધરમપુર શહેર સંગઠન પ્રમુખ અમિતભાઈ ચોરેરા સહિત ભાજપના વિવિધ હોદેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે ઉપસ્થિત સૌને દિવાળી અને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. સ્નેહમિલન સમારોહમાં કાર્યકરો વચ્ચે આત્મીયતા, સંગઠનની એકતા અને સેવા-સમર્પણની ભાવના જોવા મળી હતી. કાર્યક્રમ સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો.

પશ્ચિમ રેલવે

સમારકામ અને જાળવણી કામ

ડિવિઝનલ રેલવે મેનેજર (ડબલ્યુએ), પશ્ચિમ રેલવે, દ્રુહો માળ, એન્જિ. વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - ૪૦૦ ૦૦૮ આમંત્રિત કરે છે.

ક્રમ	ટેન્ડર નોટિસ નં. અને તારીખ	કામ અને સ્થળ	કામની અંદાજિત કિંમત (₹)	ઈએમડી (₹)
1	BCT/26-27/230 તા. 19/11/2026	જોડાવાસણ (JRS)- સુરત (ST) વિભાગ: ૧ વર્ષના સમયગાળા માટે SSE (P.Way), નવસારી (NVS) વિભાગ હેઠળ P.Way થી Rep. સંયુક્ત ટેન્ડર (Engg. + S&T).	5,26,02,715.75	10,52,100.00
2	BCT/26-27/231 તા. 19/11/2026	જોડાવાસણ (JRS)- સુરત (ST) વિભાગ: ૧ વર્ષના સમયગાળા માટે SSE (P.Way), સુરત (ST) વિભાગ હેઠળ P.Way થી Rep.	4,74,99,593.58	9,50,000.00
3	BCT/26-27/232 તા. 19/11/2026	ઉધના - ઉકાઈ સોનગઢ વિભાગ: SSE (P.Way) - બારડોલી અધિકારક્ષેત્ર (KM 3.180 થી 45.00 સુધી) વચ્ચે UP/DN લાઈનની ૧૨ મહિના માટે જાળવણી. સંયુક્ત ટેન્ડર (Engg. + S&T).	4,19,71,133.76	8,39,400.00
4	BCT/26-27/233 તા. 19/11/2026	ઉધના - ઉકાઈ સોનગઢ વિભાગ: SSE (P.Way) વ્યારા અધિકારક્ષેત્ર હેઠળ (KM 45.0 થી 77.162 સુધી) UP/DN લાઇનના P.Way સુધી જાળવણી ૧૨ મહિના માટે. સંયુક્ત ટેન્ડર (Engg. + S&T).	4,05,09,018.43	8,10,200.00

ઉપરોક્ત તમામ ટેન્ડરોઃ સબમિશનની તારીખ અને સમયઃ ૧૫.૧૨.૨૦૨૬, ૧૫.૦૦ કલાક સુધી. **ખોલવાની તારીખ અને સમયઃ** ૧૫.૧૨.૨૦૨૬ના રોજ ૧૫.૩૦ કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0830

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ x.com/WesternRly

શેરબજારમાં ભારે હાહાકાર; સેન્સેક્સ ૧,૪૮૪ પોઈન્ટ તૂટ્યોઃ રોકાણકારોના રૂા.૬.૩૮ લાખ કરોડનું ધોવાણ

કારોબારના અંતે BSE સેન્સેક્સ ૧,૪૮૩.૭૨ પોઈન્ટના ઘટાડા સાથે ૮૨,૪૩૫.૯૯ના સ્તરે બંધ થયો હતો

૨૪ નવેમ્બર ૨૦૨૬ના રોજ ગુરુ નાનક જયંતીની રજાને કારણે ભારતીય શેરબજારમાં કારોબાર બંધ રહેશેઃ હવે આગામી ટ્રેડિંગ સેશનમાં બજાર કઈ દિશામાં આગળ વધે છે તેના પર રોકાણકારોની રહેશે નજર



(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૨૩

ભારતીય શેરબજારમાં સોમવારે ભારે કડાકો જોવા મળ્યો હતો. સમાહના પ્રથમ કારોબારી દિવસે જ શેરબજારમાં જોરદાર વેચવાલી થતાં સેન્સેક્સ અને નિફ્ટી લાલ નિશાનમાં બંધ થયા હતા. બજારમાં આવેલા આ ઘટાડાને કારણે રોકાણકારોને મોટું આર્થિક નુકસાન સહન કરવું પડ્યું હતું. BSEમાં લિસ્ટેડ કંપનીઓની કુલ માર્કેટ કેપિટલાઈઝેશનમાં આશરે રૂા.૬.૩૮ લાખ કરોડનું ધોવાણ થયું હતું.

સોમવારના કારોબારના અંતે BSE સેન્સેક્સ ૧,૪૮૩.૭૨ પોઈન્ટના ઘટાડા સાથે ૮૨,૪૩૫.૯૯ના સ્તરે બંધ થયો હતો. જ્યારે NSE નિફ્ટી ૫૦ ઇન્ડેક્સ ૪૫૦.૯૫ પોઈન્ટ તૂટીને ૨૫,૩૪૯.૬૫ના સ્તરે બંધ રહ્યો હતો. બંને મુખ્ય ઇન્ડેક્સમાં લગભગ ૧.૭૫ ટકાથી વધુનો ઘટાડો નોંધાયો હતો.

બજારમાં ઘટાડા પાછળ બેંકિંગ અને મેટલ ક્ષેત્રના શેરોમાં થયેલી ભારે વેચવાલી મુખ્ય કારણોમાં સામેલ રહી હતી. HDFC બેંક, ICICI બેંક, એક્સિસ બેંક અને ટાટા સ્ટીલ સહિતના શેરોમાં નબળાઈ જોવા મળી હતી. બીજી તરફ TCS, ટેક મહિન્દ્રા અને HCL ટેક્નોલોજી જેવા કેટલાક શેરોએ ઘટાડા વચ્ચે મજબૂતી દર્શાવી હતી. શેરબજારમાં અચાનક આવેલા ઘટાડાની સીધી અસર રોકાણકારોની સંપત્તિ પર પડી હતી. BSEમાં લિસ્ટેડ કંપનીઓની કુલ માર્કેટ કેપિટલાઈઝેશનમાં આશરે રૂા.૬.૩૮ લાખ કરોડનો ઘટાડો નોંધાયો હતો. પરિણામે બજારમાં રોકાણ કરનારા લાખો રોકાણકારોમાં ચિંતાનો માહોલ જોવા મળ્યો હતો.

આંતરરાષ્ટ્રીય બજારોની નબળાઈ, વિદેશી રોકાણકારોની વેચવાલી અને વિવિધ ક્ષેત્રોમાં નફાવસૂલીને કારણે ભારતીય શેરબજાર પર દબાણ વધ્યું હતું. ખાસ કરીને બેંકિંગ અને મેટલ શેરોમાં ઘટાડાએ બજારની નબળાઈ વધારી હતી. ૨૪ નવેમ્બર ૨૦૨૬ના રોજ ગુરુ નાનક જયંતીની રજાને કારણે ભારતીય શેરબજારમાં કારોબાર બંધ રહેશે. હવે આગામી ટ્રેડિંગ સેશનમાં બજાર કઈ દિશામાં આગળ વધે છે તેના પર રોકાણકારોની નજર રહેશે.

નવી ૯ મહાનગરપાલિકાઓને વિના મૂલ્યે મળશે સરકારી જમીન

(સંપૂર્ણ સમાચાર સેવા)
ગાંધીનગર, તા.૨૩

રાજ્યની નવરચિત ૯ મહાનગરપાલિકાઓમાં નાગરિક સુવિધાઓના માળખાકીય વિકાસને ગતિ આપવા અને જમીન સંપાદનના આર્થિક ભારણને ઘટાડવા માટે ગુજરાત સરકારે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને મહેસુલ રાજ્ય મંત્રી સંજયસિંહ મહિડાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલા આ નિર્ણય મુજબ, નવી મહાનગરપાલિકાઓને જાહેર સુવિધાઓ માટે સરકારી જમીન વિના મૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવશે અને પ્રવર્તમાન જમીન ફાળવણીના નિયમોમાં ઠરાવ પ્રસિદ્ધ થયા બાદ ૫ વર્ષ માટે ખાસ છૂટછાટ આપવામાં આવી છે.

મહેસુલ વિભાગના ઠરાવ અનુસાર, નવસારી, વાપી, આણંદ, નડિયાદ, મહેસાણા, સુરેન્દ્રનગર, મોરબી, પોરબંદર અને ગાંધીધામ એમ નવી ૯ મહાનગરપાલિકાઓ પાસે પૂરતી જમીન ઉપલબ્ધ ન હોવાને કારણે શહેરી વિકાસ અને વહીવટી માળખાના નિર્માણ માટે જમીનની જરૂરિયાત ઊભી થઈ હતી. આ નિર્ણયથી મહા નગરપાલિકાઓને જમીન ખરીદવાના આર્થિક ખર્ચમાં રાહત મળશે અને વિકાસકાર્યો ઝડપી બનશે. નવરચિત મહા નગરપાલિકાઓમાં ૧૧ પ્રકારની નાગરિક સુવિધાઓ માટે જમીન ફાળવણીની જોગવાઈ કરાઈ છે. જેમાં મહાનગર સેવા સદન, ફાયર સ્ટેશન, STP, WTP, ભૂગર્ભ ગટર ડ્રેનેજ, પમ્પિંગ સ્ટેશન, પાણી પુરવઠા પ્રોજેક્ટ, સોલિડ/લિક્વિડ વેસ્ટ મેનેજમેન્ટ પ્લાન્ટ, સ્ટોર્મ વોટર ડ્રેનેજ, બાળવાડી (આંગણવાડી) તેમજ ટાઉન હોલ, કોમ્યુનિટી હોલ અને કન્વેન્શન સેન્ટરનો સમાવેશ થાય છે. આ હેતુઓ માટે ૧ હેક્ટર સુધીની સરકારી જમીન શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને તબદીલ કરી શકાશે. સંબંધિત મ્યુનિસિપલ કમિશનરે i-ORA પોર્ટલ મારફતે કલેક્ટરને અરજી કરવાની રહેશે.

૧ હેક્ટરથી વધુ જમીન અથવા ગૌચર જમીનની માંગણીના કિસ્સામાં રાજ્ય સરકારની મંજૂરી લેવી પડશે. ગૌચર જમીન ફાળવવામાં આવે તો તેટલી જ અન્ય સરકારી પડતર જમીન ગૌચર હેડ હેઠળ અનામત રાખવાની રહેશે.

ફાળવાયેલી જમીનની માલિકી સરકારની જ રહેશે અને ગામ નમૂના નં. ૭માં કબજેદાર તરીકે શ્રી સરકાર તથા અન્ય હક્કમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દર્શાવાશે. નિર્ધારિત જાહેર હેતુ માટે જમીનનો ઉપયોગ ન થાય કે અન્ય જાહેર હેતુ માટે જરૂરિયાત ઊભી થાય તો જમીન પરત લેવાની જોગવાઈ પણ ઠરાવમાં કરવામાં આવી છે.

CHANGE OF NAME

I HAVE CHANGED MY NAME FROM PRIYANKABEN RAHULKUMAR SIRJA TO **PRIYANKABEN KANUBHAI NAI** AS PER DOCUMENT
ADDRESS : FLAT NO.A/203 TIRUPATI RESIDENCY, TIRUPATI BALAJI TEMPLE, AMLI, SILVASSA -396230

ઉમરગામ, સરીગામ, ભિલાડ, કરમબેલી, તેમજ ડહાનુ નજીકના વિસ્તારના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરોઃ
ઉપેન્દ્ર રાઠોડ 90332 64689

TORRENT POWER | DNHDD

વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો સતત મળતો રહે તે માટે દાદરા નગર હવેલી અને દમન દીવ પાવર કોર્પોરેશન લિમિટેડ (ટ્રાન્સમિશન) દ્વારા નેટવર્ક મેન્ટેનન્સનું આયોજન કરેલ છે, એવું અમને જણાવવામાં આવેલ છે. નીચે દર્શાવેલ સબસ્ટેશનોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો વીજપૂરવઠો સવારના ૮:૦૦ થી બીજા દિવસે સવારે ૮:૦૦ વાગ્યા સુધી (૨૪ કલાક) બંધ રહેશે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

તારીખ અને વાર	સબસ્ટેશન	ફીડર	વિસ્તાર
૨૪-૧૧-૨૦૨૬ મંગળવાર	૬૬/૧૧ કેવી ભીમપોર	૧૧ કેવી પંચાલ	નેહુ બાર, પંચાલ ઉદ્યોગ નગર, પટેલ ફળિયા-વાંકડ
		૧૧ કેવી સાંઈ	પંચાલ ઉદ્યોગ નગર
૨૫-૧૧-૨૦૨૬ બુધવાર		૧૧ કેવી પીવીસી-૧	પંચાલ ઉદ્યોગ એસ્ટેટ, ભીમપોર
૨૬-૧૧-૨૦૨૬ ગુરુવાર		૧૧ કેવી જલારામ	પંચાલ ઉદ્યોગ નગર

આરસીસીબી/ઈએલસીબીનો મોટો લાભ તમારા પરિવારની સુરક્ષાની ખાતરી
અસુવિધા બદલ દિલગીર છીએ
અર્થ લિકેજ સર્કિટ બ્રેકર લગાવો અને સુરક્ષિત રહો
એક નાનકડી ડિવાઈસ તમને વિજળીના ઝટકાથી બચાવશે



આપની સેવા માં હરહંમેશ હાજર
Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com

સૂચના
મેસર્સ ટ્રાંસરેલ લાઈટિંગ લિમિટેડ (પોલ વિભાગ)

સર્વે નંબર ૨૨૭/૧, ૨૨૮/૨ થી ૫, ખાનવેલ - તલાસરી રોડ, HPCL કંપનીની સામે, ગામ - ખેરડી, સિલવાસા, દાદરા અને નગર હવેલી, ધ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ, ૩૯૬૨૩૦.

આથી જણાવવાનું કે મેસર્સ ટ્રાંસરેલ લાઈટિંગ લિમિટેડ (પોલ વિભાગ) ને દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ સરકારના રાજ્ય સ્તરીય પર્યાવરણ અસર મૂલ્યાંકન સત્તામંડળ (SEIAA) દ્વારા ૨૦.૧૧.૨૦૨૬ના રોજ EC ઓળખ નંબરઃ EC26C3806DN5233380N દ્વારા સર્વે નંબર ૨૨૭/૧, ૨૨૮/૨ થી ૫, ખાનવેલ - તલાસરી રોડ, HPCL કંપનીની સામે, ગામ-ખેરડી, સિલવાસા, દાદરા અને નગર હવેલી, ધ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ, ૩૯૬૨૩૦ યુટી ખાતે તેમના હાલના ઉત્પાદન પ્લાન્ટના વિસ્તરણ માટે EIA સૂચના ૨૦૦૬ ના શેડ્યૂલ I ના બિલ્ડિંગ બાંધકામ પ્રોજેક્ટ કેટેગરી 8 (a) હેઠળ પર્યાવરણીય મંજૂરી આપવામાં આવી છે. આ મંજૂરી પત્રની નકલ પ્રદૂષણ નિયંત્રણ સમિતિ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના મુખ્ય કાર્યાલયમાં ઉપલબ્ધ છે અને તેની વિગતો પર્યાવરણ વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયના PARIVESH પોર્ટલ https://parivesh.nic.in. પર પણ જોઈ શકાય છે.

NOTICE
M/s. Transrail Lighting Limited (Pole Division)

At - Survey No. 227/1, 228/2 to 5, Khanvel - Talasari Road, Opposite HPCL Company, Village - Kherdi, Silvassa, Dadra and Nagar Haveli, The Dadra and Nagar Haveli and Daman and Diu, 396230.

It is to inform that **M/s. Transrail Lighting Limited (Pole Division)** has been accorded Environmental Clearance by State Environment Impact Assessment Authority (SEIAA), **THE DADRA AND NAGAR HAVELI AND DAMAN AND DIU** vide EC identification no: **EC26C3806DN5233380N dated 20.11.2026** for expansion of its existing factory building plant at Survey No. 227/1, 228/2 to 5, Khanvel - Talasari Road, Opposite HPCL Company, Village - Kherdi, Silvassa, Dadra and Nagar Haveli, The Dadra and Nagar Haveli and Daman and Diu, 396230 under building construction project category 8 (a) of schedule I of EIA Notification 2006. The copy of the clearance letter is available with the Head Office of Pollution Control Committee, THE DADRA AND NAGAR HAVELI AND DAMAN AND DIU and details of the same may also be seen at the **PARIVESH** portal - https://parivesh.nic.in. of Ministry of Environment Forests & Climate Change.

પ્રાઈમા પ્લાસ્ટિક્સ લિમિટેડ
(CIN - L25206DD1993PLC001470)
રજિસ્ટર્ડ ઓફિસ : ૯૮/૪, પ્રાઈમા હાઉસ, દમણ ઈન્ડ. એસ્ટેટ, કડૈયા, નાની દમણ, દમણ (સંઘપ્રદેશ) - ૩૯૬ ૨૧૦.
ફોન.નં. 0260-2220445
ઈમેઈલ : cs@primaplastics.com
વેબસાઈટ : www.primaplastics.com

સભ્યો માટે પોસ્ટલ બેલેટ અંગેની સૂચના

આથી **સૂચના** આપવામાં આવે છે કે, કંપની ધારા, ૨૦૧૩ ('૫ એક્ટ') ની કલમ ૧૦૮ અને કલમ ૧૧૦; કંપની (વ્યવસ્થાપન અને વહીવટ) નિયમો, ૨૦૧૪ ના નિયમ ૨૦ અને ૨૨; સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના નિયમન ૪૪; કોર્પોરેટ બાબતોના મંત્રાલય દ્વારા જારી કરાયેલ સામાન્ય પરિપત્ર ક્રમાંક ૧૪/૨૦૨૦ તારીખ ૮ એપ્રિલ, ૨૦૨૦, ૧૭/૨૦૨૦ તારીખ ૧૩ એપ્રિલ, ૨૦૨૦ અને ૦૩/૨૦૨૫ તારીખ ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ ('MCA પરિપત્રો'), સામાન્ય સભાઓ અંગેના સેક્રેટરીયલ સ્ટાન્ડર્ડ ('SS-2'); તથા અન્ય લાગુ પડતા કાયદાઓ, નિયમો, નિયમનો, પરિપત્રો અને જાહેરનામાઓ (જેમાં હાલમાં અમલમાં હોય તેવા કોઈપણ વૈધાનિક સુધારા કે પુનઃ-ઘડતરનો સમાવેશ થાય છે) અનુસાર, પ્રાઈમા પ્લાસ્ટિક્સ લિમિટેડ ('કંપની') ના સભ્યોની મંજૂરી નીચે દર્શાવેલ ઠરાવ માટે, પોસ્ટલ બેલેટ દ્વારા અને રિમોટ ઈ-વોટિંગ પ્રક્રિયા (**'રિમોટ ઈ-વોટિંગ'**) મારફતે માંગવામાં આવી રહી છે.

ક્રમ	વ્યવસાયિક બાબત / ઠરાવનું સંક્ષિપ્ત વર્ણન	ઠરાવનો પ્રકાર
૧.	શ્રીમતી શ્રીયા વી. ચૌધરી (DIN: 10675253)ની કંપનીના ડિરેક્ટર તરીકે નિમણૂક	સામાન્ય ઠરાવ
૨.	શ્રીમતી શ્રીયા વી. ચૌધરી (DIN: 10675253)ની કંપનીના પૂર્ણ-સમયના ડિરેક્ટર તરીકે નિમણૂક	વિશેષ ઠરાવ
૩.	શ્રી હિતેન્દ્ર ભૂપતરાય ભાલારિયા (DIN: 00169618) ની કંપનીના સ્વતંત્ર ડિરેક્ટર તરીકે નિમણૂક	વિશેષ ઠરાવ

MCA ના પરિપત્રો અનુસાર, પોસ્ટલ બેલેટની નોટિસ અને તેની સાથેનું સ્પષ્ટીકરણ નિવેદન સોમવાર, ૨૩ નવેમ્બર, ૨૦૨૬ના રોજ તે તમામ સભ્યોને ઈલેક્ટ્રોનિક માધ્યમથી મોકલી આપવામાં આવ્યું છે, જેમનાં ઈ-મેલ સરનામાં કંપની/ડિપોઝિટરી/ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ/રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ (RTA) પાસે નોંધાયેલા છે અને જેમનાં નામ કટ-ઓફ તારીખ એટલે કે શુક્રવાર, ૨૦ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સભ્યોના રજિસ્ટરમાં અથવા લાભાર્થી માલિકોની યાદીમાં નોંધાયેલા છે. આવા સભ્યો 'રિમોટ ઈ-વોટિંગ' સુવિધાનો લાભ લેવા માટે હકદાર રહેશે. ૬ નવેમ્બર, ૨૦૨૬ની પોસ્ટલ બેલેટ નોટિસમાં દર્શાવેલ કાર્યસૂચિના મુદ્દાઓ અંગે, કટ-ઓફ તારીખના રોજ સભ્યોના નામે નોંધાયેલા પેઇડ-અપ ઇક્વિટી શેરના આધારે તેમના મતાધિકાર નક્કી કરવામાં આવશે.

MCA પરિપત્રોની જોગવાઈઓ અનુસાર, સભ્યો માત્ર રિમોટ ઈ-વોટિંગ દ્વારા જ મતદાન કરી શકે છે. કંપનીએ તેના એવા સભ્યોને–જેમની પાસે શેર ભૌતિક અથવા ડિમટીરિયલાઈઝ્ડ સ્વરૂપમાં છે–રિમોટ ઈ-વોટિંગની સુવિધા પૂરી પાડવા માટે સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસીસ (ઇન્ડિયા) લિમિટેડ (CDSL)ની સેવાઓ લીધી છે.

પોસ્ટલ બેલેટની નોટિસ, મતદાન માટેની સૂચનાઓ સાથે, કંપનીની વેબસાઇટ www.primaplastics.com પર તેમજ CDSLની વેબસાઇટ www.evotingindia.com અને BSE લિમિટેડની વેબસાઇટ www.bseindia.com પર પણ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

રિમોટ ઈ-વોટિંગનો સમયગાળો નીચે મુજબ છેઃ

રિમોટ ઈ-વોટિંગની શરૂઆત	**બુધવાર, ૨૫ નવેમ્બર, ૨૦૨૬; સવારે ૦૯.૦૦ વાગ્યે (IST)**
રિમોટ ઈ-વોટિંગની સમાપ્તિ	**ગુરૂવાર, ૨૪ ડિસેમ્બર, ૨૦૨૬; સાંજે ૦૫.૦૦ વાગ્યે (IST)**

કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે મુંબઈના પ્રેક્ટિસિંગ કંપની સેક્રેટરી પ્રશાંત દિવાન (FCS-1979) ને, રિમોટ ઈ-વોટિંગ દ્વારા પોસ્ટલ બેલેટની પ્રક્રિયા નિષ્પક્ષ અને પારદર્શક રીતે હાથ ધરવા માટે સ્ક્રુટિનાઈઝર તરીકે નિયુક્ત કર્યા છે.

પોસ્ટલ બેલેટના પરિણામો, સ્ક્રુટિનાઈઝરના અહેવાલ સાથે, રિમોટ ઈ-વોટિંગનો સમયગાળો પૂર્ણ થયાના કામકાજના બે દિવસોમાં, એટલે કે ૨૯ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ અથવા તે પહેલાં જાહેર કરવામાં આવશે અને કંપનીની વેબસાઈટ www.primaplastics.com પર મૂકવામાં આવશે. આ અંગેની જાણકારી BSEને પણ આપવામાં આવશે.

KYC અપડેટઃ

જે શેરધારકો પાસે ડિમેટ સ્વરૂપે શેર છે અને જેમણે પોતાની KYC વિગતો અપડેટ કરી નથી, તેમને વિનંતી છે કે તેઓ તેમના ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ મારફતે ડિપોઝિટરીઝ પાસે પોતાનું ઈમેલ આઈડી અને અન્ય KYC વિગતો નોંધાવે.

ભૌતિક રીતે શેર ધરાવતા શેરધારકો અને જેમણે તેમની KYC વિગતો અપડેટ કરી નથી, તેમને ફોર્મ ISR-1 (જે https://primaplastics.com/cdn/shop/files/Form-ISR.pdf?v=8330340262449329395 પરથી ડાઉનલોડ કરી શકાય છે) ભરવા વિનંતી છે જેથી તેઓ તેમનું ઈમેઈલ સરનામું, બેંક ખાતાની વિગતો અને અન્ય KYC વિગતો અપડેટ કરી શકે અને તેને કંપનીના રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ ('RTA') - બિગશેર સર્વિસીસ પ્રાઇવેટ લિમિટેડને સબમિટ કરી શકે. કૃપા કરીને ભરેલું ફોર્મ નીચેના ઈમેઈલ સરનામા પર મોકલોઃ investor@bigshareonline.com. આનાથી શેરધારકોને પોસ્ટલ બેલેટની સૂચના અને રિમોટ ઈ-વોટિંગ માટેની સૂચનાઓ સહિતની બધી સૂચનાઓ પ્રાપ્ત થશે.

રિમોટ ઈ-વોટિંગ અંગે કોઈ પ્રશ્નો કે ફરિયાદો હોય, તો સભ્યો helpdesk.evoting@cdslindia.com પર ઈમેલ કરી શકે છે અથવા 1800 21 09911 પર કૉલ કરી શકે છે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સના આદેશથી
સહી/-
નેહલ ગોયલ
કંપની સેક્રેટરી અને કમ્પલાયન્સ ઓફિસર
M. No.: A79764

તારીખઃ ૨૪ નવેમ્બર, ૨૦૨૬
સ્થળ : મુંબઈ

વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ પ્રશાસન
જાહેર બાંધકામ વિભાગ – દીવ
ટેન્ડર આમંત્રિત કરવાની સુચના
દીવ ખાતે CISF આવાસ સંકુલ, બેરેક અને સંબંધિત માળખાકીય સુવિધાઓનું નિર્માણ (2ND CALL).
For details please scan
https://ddtenders.gov.in
eepwd-diu-dd@nic.in
02875-252294
ટેન્ડર સુચના નં. તથા ઓળખ નં. : 54/2026-2027 (2026_DIUDT_5074_1)
પ્રી-બીડ મીટીંગ ની તારીખ 01/12/2026
ડાઉનલોડ ની છેલ્લી તારીખ : 16/12/2026
ઓનલાઇન સબમીટ છેલ્લી તારીખ : 16/12/2026
બીડ ખોલવાની તારીખ : 16/12/2026
કાર્યપાલક અભિયંતા, લોક નિર્માણ વિભાગ, નિર્માણ વિભાગ-૨, દીવ.
No. IP/DMN/2/5/2026-27/661, Dated: 23/11/2026

સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ પ્રશાસન
જાહેર બાંધકામ વિભાગ – દીવ
ટેન્ડર આમંત્રિત કરવાની સુચના
સરકારી હોસ્પિટલ, દીવ ખાતેની હાલની સુવિધાઓનું સમારકામ, નવીનીકરણ, વિસ્તરણ, ફેરફાર અને ઉન્નતીકરણ.
For details please scan
https://ddtenders.gov.in
eepwd-diu-dd@nic.in
02875-252294

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

વર્તમાન પ્રવાહ

વાપી વીઆઈએ ગ્રાઉન્ડમાં પારડી વિધાનસભા વિસ્તારનો દિવાળી સ્નેહમિલન સમારોહ નાણામંત્રી કનુભાઈ દેસાઈના નેતૃત્વમાં યોજાયો

જે-ટાઈપ બ્રિજ ૧૫ ડિસેમ્બર અને વાપી ટાઉન અંડરપાસ બ્રિજ ૩૧ ડિસેમ્બરે કાર્યરત થશેઃ નાણા મંત્રી કનુભાઈ દેસાઈ







(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૩

વાપી વી.આઈ.એ. ગ્રાઉન્ડમાં રવિવારે સાંજે પારડી વિધાનસભા વિસ્તારનો ભાજપ દ્વારા નાણા અને શહેરી વિકાસ કનુભાઈ દેસાઈના નેતૃત્વમાં યોજાયો હતો. જેમાં જિલ્લાના હોદેદારો, વાપી શહેરના હોદેદાર, વાપી ઉદ્યોગપતિ, મનપાના મેયર સહિત કોર્પોરેટર મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

વાપી વી.આઈ.એ. ગ્રાઉન્ડમાં યોજાયેલ દિવાળી સ્નેહમિલન કાર્યક્રમમાં નાણામંત્રી કનુભાઈ દેસાઈએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે, જે-ટાઈપ રેલવે ફલાય ઓવરબ્રિજ તથા વાપી ટાઉન અંડરપાસ બ્રિજની લોકાર્પણ તારીખ જાહેર કરી હતી. જે-ટાઈપ બ્રિજ ૧૫ ડિસેમ્બરે અને વાપી ટાઉન અંડરપાસ બ્રિજ ૩૧ ડિસેમ્બરે લોકાર્પણ કરવામાં આવશે. તદઉપરાંત નાણામંત્રીએ વધુ વાપી વિકાસની વિવિધ કામગીરીઓ ઉપર પ્રકાશ પાડ્યો હતો. મનપામાં જોડાયેલ ૧૩ ગામો માટે વિકાસ નકશો તૈયાર થઈ ગયો છે. તેથી પાણી, રોડ, ગટર, સ્ટ્રીટ લાઈટ જેવી પાયાની સુવિધા નજીકના સમયમાં ઉપલબ્ધ થવી જોવા મળશે. બીલખાડીની પાણી સમસ્યાનો અંત આવ્યો છે. તેમણે વધુમાં ગુજરાત સરકારનો આભાર માનતા જણાવ્યું હતું કે, આગામી ૫ વર્ષ સુધી મનપા વિસ્તારની સરકારી જમીન વિકાસ હેતુ ઉપયોગ કરવા માટે કોઈપણ પૈસા ભરવાના નથી તેવી યોજના સરકારે જાહેર કરી છે. તેથી વાપીનો ચોતરફ વિકાસની રફતાર ગતિ પકડશે એ નક્કી છે.

વાપી ખાતે પારડી વિધાનસભા ભાજપના સ્નેહમિલનમાં સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજના અગ્રણીઓનું ભવ્ય સન્માન

કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈના વરદહસ્તે સમાજના પ્રમુખ અને ટ્રસ્ટીઓનું શાલ અને પુષ્પગુચ્છથી અભિવાદન કરાયું; સમાજમાં ગૌરવની લાગણી









(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૩

વાપીના વીઆઈએ ગ્રાઉન્ડ ખાતે ભારતીય જનતા પાર્ટી પારડી વિધાનસભા વિસ્તારના નૂતન વર્ષ નિમિત્તે કાર્યકર્તા સ્નેહમિલન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રી (નાણા અને શહેરી વિકાસ) કનુભાઈ દેસાઈ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ વાપીના અગ્રણીઓ અને હોદ્દેદારોનું જાહેર સન્માન કરવામાં આવતા સમગ્ર સમાજમાં ગૌરવ અને આનંદની લાગણી વ્યાપી ગઈ છે.

કાર્યક્રમ દરમિયાન કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈના વરદહસ્તે સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ વાપીના વર્તમાન પ્રમુખ માધુભાઈ માંગુકિયા, સમાજના પૂર્વ પ્રમુખ અને મેનેજિંગ ટ્રસ્ટી નાનુભાઈ બાંભરોલીયા, અન્ય ટ્રસ્ટીગણ તેમજ વીઆઈએ (વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન) ના પૂર્વ પ્રમુખ અને એડવાઈઝરી કમિટીના સભ્ય યોગેશભાઈ કાબરીયા અને નોટિફાઇડ એરિયા પ્રમુખ મગનભાઈ સાવલિયાનું શાલ ઓઢાડી અને પુષ્પગુચ્છ અર્પણ કરીને વિશેષ બહુમાન કરવામાં આવ્યું હતું.

વાપી અને આસપાસના ઔદ્યોગિક તેમજ સામાજિક વિકાસમાં સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજનું યોગદાન હંમેશા નોંધપાત્ર રહ્યું છે. રાજકીય અને સામાજિક મંચ પર સમાજના આગેવાનોની સેવાકીય પ્રવૃત્તિઓ અને નેતૃત્વની નોંધ લઈને કરવામાં આવેલું આ સન્માન સમાજ માટે એક ઐતિહાસિક અને ગૌરવપૂર્ણ ઘડી બની રહ્યું છે. ઉપસ્થિત સૌ મહાનુભાવોએ સન્માનિત થયેલા તમામ અગ્રણીઓને અભિનંદન પાઠવી તેમની ઉત્તરોત્તર પ્રગતિની શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

આ ગૌરવશાળી પ્રસંગના સાક્ષી બનવા માટે સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજના અન્ય સભ્યો અને સ્થાનિક લોકપ્રતિનિધિઓ પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. જેમાં વાપી મહાનગરપાલિકાના કોર્પોરેટર સમાજના ટ્રસ્ટી અને વાપી કેડાઈના પ્રમુખ રમેશભાઈ કોટડીયા, જગદીશભાઈ અકબરી, આંબાલાલ બાબરીયા, રમેશભાઈ સોજીત્રા, સુધીરભાઈ સાવલિયા, તેમજ વિપુલભાઈ સાવલિયા સહિતના અનેક સામાજિક અગ્રણીઓ અને કાર્યકર્તાઓએ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી.

નૂતન વર્ષના આ સ્નેહમિલન કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત જનમેદની વચ્ચે થયેલું આ સન્માન આગામી દિવસોમાં સમાજ અને વિસ્તારના વિકાસ કાર્યોને વધુ વેગ આપશે તેવો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

નવસારીના રૂા.૩.૪૫ કરોડના ગાંજા પ્રકરણનો ભેદ ખુલ્યો : વાપીનો મુખ્ય સપ્લાયર બેંગકોકથી ગાંજો મંગાવી જુદા જુદા શહેરમાં મોકલતો

મુખ્ય સુત્રધાર પ્રમોદ પાઠક બેંગકોકથી રોની નામની શખ્સ પાસેથી ગાંજો મંગાવતો : પ્રમોદ ટાઈગર સિક્યોરિટીના ઓથા હેઠળ ગાંજાનું નેટવર્ક ચલાવતો





(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૩

રવિવારના રોજ નવસારી એલ.સી.બી. અને ગણદેવી પોલીસે હાઈવે ટોલપ્લાઝા પાસે બે વાહનો ઝડપ્યા હતા. વાહનોમાંથી રૂા.૩.૨૮ કરોડનો ગંજાવર હાઈબ્રીડ ગાંજાનો જથ્થો ઝડપ્યો હતો. આ પ્રકરણનો અસલી ભેદ પોલીસ તપાસમાં ખુલ્યો છે. વાપીનો શખ્સ બેંગકોકથી ગાંજો મંગાવીને વાપીથી વડોદરા સુધી જુદા જુદા શહેરોમાં સપ્લાય કરતો હતો તે પૈકીનો ગાંજાનો જથ્થો નવસારી એલ.સી.બી.એ ઝડપ્યો હતો.

નવસારી એલ.સી.બી. અને ગણદેવી પોલીસે રવિવારે હાઈવે ટોલપ્લાઝા પાસેથી બે લક્ઝરી વાહનો અટકાવી ચેક કરતા વાહનોમાંથી રૂા.૩.૨૫ કરોડનો ૯,૭૭૫ કી.ગ્રા. હાઈબ્રીડ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. સાથે ચાર આરોપીની પોલીસે ધરપકડ કરી હતી. સમગ્ર ગાંજા પ્રકરણનું પોલીસ સામે ચોંકાવનારું તથ્ય બહાર આવ્યું છે. વાપીનો મુખ્ય આરોપી પ્રમોદ પાઠક અગાઉ મુંબઈના બાઉન્સરનું કામ કરતો હતો. બાદમાં વાપીમાં ટાઈગર સિક્યોરિટી એજન્સી ચાલુ કરી હતી. પરંતુ બેંગકોકમાં રહેતો રોની નામના શખ્સ પાસેથી હાઈબ્રીડ ગાંજાનો જથ્થો વાપીમાં મંગાવતો હતો અને સિક્યોરિટી એજન્સીના ઓથા હેઠળ વાપીથી વડોદરા સુધી ગાંજા સપ્લાયનું નેટવર્ક ચલાવતો હતો. નવસારીમાં ઝડપાયેલો ગાંજો પ્રમોદ પાઠકે વાપીથી સપ્લાય કર્યો હતો. પોલીસે ચાર આરોપીની ધરપકડ કરીને ગાંજાનો જથ્થો અને વાહનો મળી કુલ રૂા.૩.૪૫ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. તેમજ અન્ય ૯ આરોપીને વોન્ટેડ જાહેર કર્યા છે. આ ગાંજા પ્રકરણમાં વાપી જ મોટુ સપ્લાય હેડ ક્વાર્ટર્સ તપાસમાં આવ્યું છે.

વાપી છરવાડા રોડ ઉપર પાર્ક કરેલું મોપેડ ચોરી જનાર ચોરને પોલીસે ઝડપી પાડી જેલ ભેગો કર્યો



(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૩

બે-ત્રણ દિવસ પહેલા વાપી છરવાડા રોડ ઉપર મોપેડ અચાનક બંધ થઈ જતા એક દુકાન સામે પાર્ક કરી મોપેડ ચાલક ઘરે જતો રહ્યો હતો. સવારે આવીને જોયુ તો પાર્ક કરેલી જગ્યાએ મોપેડ હતુ નહી તેથી પોલીસમાં મોપેડ ચોરીની ફરિયાદ નોંધાવી હતી. પોલીસ તપાસ હાથ ધરીને મોપેડ ચોરનાર ચોર ઈસમને ઝડપી પાડી જેલ ભેગો કર્યો હતો.

વાપી છરવાડા રોડ ઉપર બંધ થયેલ પાર્ક કરેલ મોપેડ રાત્રિના સમયે ચોરાઈ ગયું હતું. જેની મોપેડ માલિકો ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ બાદ પોલીસે હાથ ધરેલ ચાંપતી તપાસમાં મોપેડ ચોરનાર શખ્સને પોલીસે શોધી કાઢ્યો હતો. આરોપી આશુતોષ ઉર્ફે બિટ્ટુ રામસુરેશ રાય રહે.શિવશિવા રેસિડેન્સી રામવાડી (રમઝાવનવાડી) છરવાડા ફલેટ નં.૨૦૮ વિંગ-જી મૂળ રહે.બહુરનપુર બિહારની ધરપકડ કરીને જેલ ભેગો કરી પોલીસે ટુંકાગાળામાં મોપેડ ચોરીનો ભેદ ઉકેલી સરાહનીય સફળતા મેળવી હતી.

'રેસ પારડી' દ્વારા શ્રી વલ્લભ આશ્રમ અને માસ્કના સહયોગથી

પારડી ખાતે 'રન પારડી રન'નું ભવ્ય આયોજન કરાયું





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
પારડી, તા.૨૩

ભારત દેશના યુવાધનને વર્તમાન અને ભવિષ્યમાં સ્વસ્થ જીવનશૈલી અપનાવવા તેમજ સ્વૈચ્છિક રક્તદાન પ્રત્યે જાગૃત કરવા ઉમદા હેતુ સાથે વર્ષ ૨૦૨૩થી પારડી ખાતે 'રેસ પારડી' દ્વારા શ્રી વલ્લભ આશ્રમ અને માસ્કના સહયોગથી 'રન પારડી રન'નું આયોજન કરવામાં આવે છે. આ આયોજન હવે 'પારડી હાફ મેરેથોન' તરીકે નવી ઓળખ સાથે આગળ વધી રહ્યું છે.

આજે તા.૨૨ નવેમ્બર, ૨૦૨૬ (રવિવાર)ના રોજ પારડી ખાતે પારડી હાફ મેરેથોનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાન જેવા વિવિધ રાજ્યોમાંથી ૧૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ, યુવાનો તેમજ વરિષ્ઠ નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિવિધ વયજૂથના સ્પર્ધકોની ઉત્સાહભેર ભાગીદારીએ કાર્યક્રમને સફળતા અને પ્રેરણાનું ઉત્તમ ઉદાહરણ બનાવ્યું હતું.

આ મેરેથોનમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિજેતા દોડવીરાને ટ્રોફી એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત ઓવરઓલ ૨૧.૧ કિ.મી., ૧૦ કિ.મી. અને ૫ કિ.મી.ની દોડમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરનાર દોડવીરોને પ્રાઈઝ મની આપવામાં આવશે.

આ કાર્યક્રમની સફળતામાં સહયોગ આપનાર તમામ સહયોગી સંસ્થાઓ અને સ્વયંસેવકોએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. જે બદલ આયોજકોએ તમામ સહયોગી એજન્સીઓ, સ્વયંસેવકો અને કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ દોડવીરાનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.આ આયોજન દ્વારા પારડીને રમતગમત, સ્વાસ્થ્ય અને સામાજિક જાગૃતિના ક્ષેત્રે એક આગવી ઓળખ અપાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

વાપી ચલા ગુરુકુળ રોડ ઉપર એક બિલ્ડિંગના ફ્લેટમાં ભીષણ આગ લાગતા દોડધામ મચી




(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૩

વાપી ચલા વિસ્તારમાં આવેલ ગુરુકુળ રોડ સ્થિત એક સોસાયટી બિલ્ડિંગના ફ્લેટ નં.૨૨માં રવિવારે રાત્રે અચાનક ભિષણ આગ લાગી હતી. આગની આક્રમકતા એટલી હતી કે જોતજોતામાં આખો ફ્લેટ આગની લપેટોમાં આવી ગયો હતો. આગના બનાવની જાણ થતા આજુબાજુના વિસ્તારમાં અફરાતફરી સાથે ભયનો માહોલ છવાઈ ગયો હતો.

ચલા ગુરુકુળ રોડ સ્થિત એક સોસાયટી બિલ્ડિંગના ૨૨ નંબરના ફ્લેટમાં રવિવારે રાત્રે આગ લાગી હતી. આગ લાગવાનું કારણ અકબંધ છે પરંતુ આગના બનાવમાં કોઈને ઈજા કે જાનહાની થવા પામેલ નથી. આગની ભયાનકતા એટલી પ્રચંડ હતી કે આજુબાજુના ફ્લેટ નિવાસીઓ ગભરાઈને નીચે દોડી આવ્યા હતા. આગની જાણ વાપી ફાયરબ્રિગેડને કરવામાં આવી હતી. ફાયરની ટીમ ઘટના સ્થળે પહોંચી કલાકોની જહેમત કરીને આગને બુઝાવી હતી. આગ લાગવાનું પ્રાથમિક કારણ ચર્ચા મુજબ શોર્ટ સર્કિટ થયાનું મનાય છે. પરંતુ ચોક્કસ કારણ જાણી શકાયું નથી. આગમાં ફ્લેટનું સરસામાન, રચીલુ ફર્નિચર બળી જથા લાખોનું નુકશાન થયું હતું.

સોળસુંબામાં એનએ ૧૮ જમીનના મંજૂર નકશામાં વાસ્તવિક્તા છુપાવવાનો આક્ષેપ

ફરિયાદી અનિલભાઈ જૈને પંચાયતનું લેખિત ધ્યાન દોરી બાંધકામ અટકાવી મકાનની નોંધણી ન કરવા કરેલી માગણી



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સરીગામ, તા.૨૩

ઉમરગામ તાલુકાના સોળસુંબા ગામની સર્વે નં.એન એ-૧૮વાળી જમીનના મામલે ફરિયાદી અનિલ જૈન દ્વારા સોળસુંબા ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીને લેખિત ફરિયાદ કરવામાં આવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ સોળસુંબા ગામની સર્વે નં.એન એ ૧૮વાળી જમીનના માલિક દ્વારા મંજૂર કરાવવામાં આવેલા નકશામાં ૧૨ મીટર પહોળો રસ્તો દર્શાવવામાં આવ્યો છે. જોકે, વાસ્તવિક સ્થળ પર ૧૨ મીટર પહોળો રસ્તો ઉપલબ્ધ નથી. મંજૂર નકશામાં દર્શાવેલ રસ્તા અને સ્થળની વાસ્તવિક પરિસ્થિતિ વચ્ચે તફાવત જણાતા, જમીનમાલિક દ્વારા ખોટી અથવા ભ્રામક માહિતી રજૂ કરીને નકશો મંજૂર કરાવવામાં આવ્યો હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી છે.

ફરિયાદમાં સદર જમીનના મંજૂર નકશા અને સ્થળની વાસ્તવિક પરિસ્થિતિની તપાસ કરવામાં આવે અને મંજૂર નકશામાં દર્શાવેલ ૧૨ મીટર રસ્તાની સ્થળ પર માપણી કરાવવાની માંગણી કરવામાં આવી છે. અને એન એની મંજૂરી ખોટી માહિતીના આધારે મેળવવામાં આવી હોવાનું બહાર આવે તો કાયદેસરના પગલાં ભરવા ધ્યાન દોરવામાં આવ્યું છે. અને પંચાયત વિભાગને સક્ષમ અધિકારી દ્વારા તપાસ અને નિર્ણય ન થાય ત્યાં સુધી સંબંધિત બાંધકામનું કામ બંધ કરાવવા ઉપરાંત સદર જમીન પરના મકાનોની પંચાયત દ્વારા નોંધણી ન કરવામાં આવે એવી રજૂઆત કરવામાં આવી છે.